
# શ્રી દેવીમા પ્રેરિત
# શ્રી ઉપાસના








વર્ષ-૭ અંક (૧) ૩૭ મે-જૂન : ૯૯



# "શ્રીદેવીબા પ્રેરિત શ્રીઉપાસના"

**આનંદધામ, ૨૪, આનંદપાર્ક, કડી–૩૮૨ ૭૧૫**

**ફોન : (કોડ નં.૦૨૭૬૪) ૪૨૦૬૭, ૬૩૨૩૫**

**આદ્યસ્થાપક :** શ્રીદેવીબા - શ્રી શિવગુરુજી

**તંત્રી** : શ્રી જીવણભાઈ એમ. પટેલ
**સહતંત્રી** : શ્રી રમેશભાઈ ત્રિવેદી
**સહતંત્રી** : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

**વર્ષ : ૭** **અંક : ૧** **સળંગ અંક : ૩૭** **મે-જૂન : ૧૯૯૯**



**: સંપાદક મંડળ :**

**સંપાદક :** ડૉ. શ્રી અશોકભાઈ પી. નાયક
શ્રી મણિલાલ આ. નાયક

**સહસંપાદક :** શ્રી રસિકભાઈ મ. નાયક
શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી
શાસ્ત્રી શ્રી ચંદ્રશંકર પંડયા
શ્રી કિરીટભાઈ વ્હોરા
ડૉ. શ્રી પંકજ પટેલ

**સંપાદન સલાહકાર :**
શ્રી ડૉ. અરૂણોદયભાઈ જાની
શ્રી પ્રો. રતિલાલ સાં. નાયક
શ્રી યશવંત કડીકર
ડૉ. પ્રજ્ઞાબેન શાહ

**આવરણ :** શ્રી બાબુભાઈ પટેલ

**લવાજમ : (ભારત)**
રૂા. ૧૦૦/- (વાર્ષિક)
રૂા. ૧૦૦૦/- (આજીવન)

| | | |
|---|---|---|
| વાર્ષિક | પાઉન્ડ | ૧૦ |
| | ડોલર | ૧૫ |
| પાંચ વર્ષ | પાઉન્ડ | ૪૦ |
| | ડોલર | ૬૦ |
| આજીવન | પાઉન્ડ | ૧૦૦ |
| | ડોલર | ૧૫૦ |

છૂટક નકલ રૂા. ૨૦/-
લવાજમ રોકડા / ચેક-ડ્રાફ્ટ તથા એમ.ઓ.થી. સ્વીકારાય છે.

**: માલિક અને પ્રકાશક :**
**મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રીવિદ્યા ઉપાસક, ચેરીટેબલ ટ્રસ્ટ,**
આનંદધામ, ૨૪-આનંદપાર્ક સોસાયટી, કડી.

**મુદ્રક : શ્રી ભદ્રેશ આર. પટેલ**
**સાબર પ્રિન્ટર્સ**
અમદાવાદ ફોન : ૫૬૨૨૫૯૬


## મંગલાચરણ...

....✍ : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

### "તન્ત્ર"

**सौराश्च शैवगाणेशा वैष्णवाः शक्तिपूजकाः ।**
**मामेव ते प्रपद्यन्ते वर्षाम्भः सागरं तथा ॥**
**एकोऽहं पञ्चधा भिन्नः क्रीडार्थं भुवनेऽखिले ॥**

વર્ષાનું જળ જેવી રીતે ચારે તરફથી આવીને સમુદ્રને મળે છે એવી રીતે ગાણપત્ય, સૌર, વૈષ્ણવ, શૈવ અને શાક્ત બધા માર્ગ મારામાં (પરબ્રહ્મમાં) આવી મળે છે. હું (પરપ્રહ્મ) જ લીલા માટે જગતમાં પાંચ રુપે વિભક્ત થઈ પ્રગટ થાઉં છું.

શ્રી ભૂપેન્દ્રનાથ સાન્યાલ પોતાના વિશદ્ અભ્યાસમાં જણાવે છે કે. 'તંત્ર એ હિન્દુઓની સમગ્ર સાધનાની કૂંચીરૂપ છેઃ' બધા સંપ્રદાયોની સર્વે સાધના/ઉપાસનાનું ગૂઢ રહસ્ય તન્ત્રશાસ્ત્રમાં રહેલું જ છે. તંત્ર એ કેવળ શક્તિ-ઉપાસનાના મુખ્ય અવલંબન/આધારરૂપ જ નથી પરંતુ સઘળી સાધનાનું એકમાત્ર આશ્રયસ્થાન છે. સ્થૂળતમ સધનપ્રણાલીથી આરંભીને ગૂઢ મંત્રશાસ્ત્ર અને અતિગૂઢ યોગસાધનાદિની સઘળી ક્રિયા કૌશલ્યતાનું તેમાં સવિસ્તર વર્ણન છે. તંત્રની અંદર દાર્શનિકતાનું તત્વ પણ ઓછું સૂક્ષ્મ નથી. હા, તે પ્રચલિત એવાં દર્શનશાસ્ત્ર જેવાં જટિલ ભાષ્ય, ટીકા કે વિવિધ મતવાદથી પરિભારિત કે દુર્બોધ્ય (બોધ ન કરી શકાય તેવું) નથી. આમ હોવા છતાં પણ જેમને સાંપ્રદાયકિ સાધનપ્રણાલિનું જ્ઞાન નથી તેમના માટે તન્ત્ર દ્વારા બોધિત માર્ગમાં પ્રવેશ કરવો સહજ સાધ્ય નથી. સાચું રહસ્ય તો એ છે કે, જે બ્રહ્મા છે તે જ હરિ છે, જે હરિ છે તે જ મહેશ્વર છે, જે કાલી છે તે જ કૃષ્ણ છે. આથી દેવ-દેવીઓના વિવિધ નામોમાં ભેદભાવ સમજવો ઊચિત નથી. દેવોના ચાહે કેટલાંય નામ હોય, પરંતુ તેના વિવિધ નામ-રૂપમાં શિવ-શક્તિમય એકજ તત્ત્વ વિલસી રહ્યું છે.'

આવા દિવ્યજ્ઞાનની અનુભૂતિ રાજરાજેશ્વર પીઠમ, કડી સ્થાનમાં પૂ. સદ્ગુરુદેવ શ્રીદેવીબા-શિવગુરુ પ્રેમપૂર્વક ઉપાસકોને કરાવી રહ્યાં છે.

અસ્તુ.

★ ★ ★

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧ |
| ૨. | સત્સંગ સુધા | શ્રી રસિકલાલ મ. નાયક | ૩ |
| ૩. | સુભાષિત | શ્રી ચન્દ્રશંકર પંડયા | ૪ |
| ૪. | શ્રીલલિતામ્બા ત્રિશતીનામ | શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી | ૫ |
| ૫. | જીવનની સાર્થકતા | શ્રી બાબુભાઈ નાયક | ૬ |
| ૬. | શ્રી લલિતા સહસ્રનામ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૯ |
| ૭. | પૂ.બા.ના વચનામૃત | સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટ | ૧૧ |
| ૮. | અમી ઝરતી આંખે | શ્રી ભગવત સુથાર | ૧૨ |
| ૯. | ધૈર્યનું જીવનમાં અમૂલ્ય સ્થાન | સુ. શ્રી કિરણબેન એન. શાહ | ૧૩ |
| ૧૦. | પરામ્બા વિલાસ | શ્રી ચૂનીભાઈ ભટ્ટ | ૧૪ |
| ૧૧. | ડોકિયું | શ્રી રતિલાલ મ. નાયક | ૨૦ |
| ૧૨. | તંત્રમાં ઉપચાર પધ્ધતિ | સુ.શ્રી ડૉ. પ્રજ્ઞાબેન શાહ<br>અનુવાદ : શ્રી પુરુષોત્તમભાઈ જોષી | ૨૨ |
| ૧૩. | ગાયત્રી મહામંત્રની અપરિમિત શક્તિ | શ્રી દિલીપ રોય | ૨૭ |
| ૧૪. | શાસ્ત્રોમાં વિશ્વાસ-સાધનાત્મક પુરુષાર્થ | શ્રી રજનીકાંત મ. ભટ્ટ | ૩૦ |
| ૧૫. | યજુર્વેદ સંહિતા (સંક્ષિપ્ત) | શ્રી ભાનુશંકર દલપતરામ જાની | ૩૧ |
| ૧૭. | "મા રમામ્બા" | શ્રી પ્રહ્લાદભાઈ એમ. નાયક | ૩૩ |
| ૧૮. | સાધન સમર અર્થાત્ દેવી માહાત્મ્ય | પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય | ૩૫ |
| ૧૯. | કામાખ્યાતન્ત્રમ્ | 'દુર્ગાબાળ' સુ.શ્રી દમયંતી જાની | ૩૭ |
| ૨૦. | શબ્દબ્રહ્મની ઉપાસના-દિવ્યાનુભૂતિ | સુ.શ્રી રીટાબેન શૈલેષભાઈ સોમપુરા | ૩૯ |
| ૨૧. | PIMAGE (જીવનના રંગ) (અંગ્રેજી) | લેફ. કર્નલ શ્રી સી. સી. બક્ષી | ૪૦ |
| ૨૨. | PRAYER FOR HEALTH (અંગ્રેજી) | કુ. અક્ષર બ્રહ્મા | ૪૨ |
| ૨૩. | **• બાળ વિભાગ :** | | |
| | • સાચું ધન | શ્રી મયંકભાઈ શુકલ | ૪૩ |
| | • ઉંદરિયું | શ્રી રમેશભાઈ ખમાર | ૪૩ |
| ૨૪. | **• કાવ્ય વિભાગ :** | | |
| | • જનેતા હો તો આવી હો | શ્રી મણિભાઈ આ. નાયક | ૪૫ |
| | • શ્રી દેવીબા-શિવગુરુદેવ અષ્ટકમ્ | શ્રી હિન્દુ રાજગુરૂ (લેસ્ટર) | ૪૫ |
| | • વિતેલા વર્ષની વ્યથા | શ્રી યશવંત કડીકર | ૪૬ |
| | • આરાસુરમાં મારી આંખો ઠરી (માઈ કલાપી) | કુ. કનીનિકા જાની | ૪૬ |
| | • પાના પલટાય છે. | સુ. નંદિનીબેન (નાગપુર) | ૪૬ |
| | • જીવન સરી જાય છે. | સુ. નંદિનીબેન (નાગપુર) | ૪૭ |
| | • સરસ્વતી-બહુચર માતાજીનો છંદ | ગુજરાત કવીન-અંબિકા માઈ મંડળ-મહેમદાવાદ | ૪૭ |
| | • માતાજીનો થાળ | " " | ૪૮ |
| ૨૫. | સંસ્થા સમાચાર | શ્રી ખોડીદાસ શીવલાલ નાયક | ૪૮ |
| ૨૬. | ગોરખબાની | ચાંદ્ર અગત્સ્યાયન (ત્રીજું કવર પેજ) | |


• • •

# સત્સંગ સુધા...

....✍ : **શ્રી રસિકલાલ મ. નાયક**

ગતાંકોમાં આપણે 'સગુણબ્રહ્મ અને ત્રિશક્તિ તત્ત્વસ્વરૂપ મીમાંસા' બાબતે સત્સંગ કર્યો. હવે આપણે સ્વામી ભાર્ગવ શ્રી શિવરામકિંકર યોગત્રયાનન્દજીનો વક્તા-શ્રોતાના સ્વરૂપનો વેદમાં વર્ણવેલ 'સરસ્વતીતત્ત્વ' બાબતે સત્સંગ માણીએ/જાણીએ.

**જિજ્ઞાસુ** : ભગવાન આશ્વલાયને દશશ્લોકી સરસ્વતીની ઉપાસના દ્વારા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું એવું સાંભળ્યું છે. આ ઉપાસના બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનું પરમોત્તમ સાધન છે, પરંતુ જો આ (દશશ્લોકી સરસ્વતી)ની ઉપાસના પૂર્ણરૂપે ન કરી શકીએ, તો જેનો આશ્રય કરવાથી અમારી વિદ્યાપ્રાપ્તિનો અવરોધ વિશેષરૂપે દૂર થાય, અમારી જડતા દૂર થાય તથા શ્રી (સરસ્વતી) માઁની કૃપા પ્રાપ્ત કરી શકીએ એવા મંત્રનો આપ આજે ઉપદેશ કરો અને તેની વ્યાખ્યા કરીને ઉપદેશ (પણ) આપવા કૃપા કરો.

**વક્તા** : જો તમે દશશ્લોકી સરસ્વતીની સંપૂર્ણ ઉપાસના ન કરી શકો તો તેના છેલ્લા દશમા મન્ત્રને હૃદયમાં ધારણ કરી તેનો આશ્રય લો, અને તે દ્વારા દરરોજ શ્રીમાઁની ઉપાસના કરો. તેનાથી તમે શ્રીમાઁની કૃપા પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થશો. *વિદ્યા પ્રાપ્તિમાં આવતા વિઘ્નો દૂર થશે અને ધીમે ધીમે બ્રહ્મસ્વરૂપિણી આ શક્તિમાતાના સ્વરૂપનું જ્ઞાન થશે.*

ऐमम्बितमे नदीतमे देवीतमे सरस्वति ।
अप्रशस्ता इव स्मसि प्रशस्तिमम्बनस्कृधि ॥

આ મંત્રને તેના વ્યાપક ભાવમાં સમજવો જોઈએ. પહેલા શબ્દાર્થ સ્વરૂપે તેનો સરળ અર્થ જાણીએ. 'માતૃગણોમાં શ્રેષ્ઠ, નદિયોમાં શ્રેષ્ઠ અને દેવી (શક્તિ)ઓમાં શ્રેષ્ઠ મહાસરસ્વતિ (દેવી) ! અમે પ્રસસ્તીને પાત્ર નહિ એવા ધનાભાવમાં (ભૌતિકવાદમાં રાચતા) દરિદ્રતાને ધારણ કરવાવાળા બની રહ્યા છીએ. તેથી હે માતા ! અમને પ્રશસ્તિ અર્થાત ધન-સમ્પતિવાન (વિદ્યાવાન) બનાવો.'

હવે વિશેષરૂપે પદોના અર્થને વિચારીએ તો અત્રે સરસ્વતીને 'अम्बितमा', 'नदीतमा' તથા 'देवीतमा' એવા ત્રણ નામોથી સંબોધન કર્યું છે. એટલે પ્રથમ આપણે 'માતૃભાવ' પછી 'નદીભાવ' અને છેલ્લે 'દેવીભાવ' એમ ત્રણ ભાવતત્ત્વ બાબતે વિચારીશું.

**अम्बितमे** - 'अम्बा' શબ્દનો અર્થ છે, હે માતા ! 'अम्बितमा'નો અર્થ છે હે માતૃતમા ! અર્થાત્ સમગ્ર બ્રહ્માંડમાં જેટલી માતૃશક્તિઓ છે તે બધામાં તમે શ્રેષ્ઠ છો. હવે સમજો - માતૃભાવ કોને કહેવાય ? ફક્ત જન્મ આપે તેને જ નહિ, પરંતુ સાથે સાથે જે રક્ષા કરે છે અને પોષણ કરે છે તે માતા છે. (મા ધાતુનો એક અન્ય અર્થ 'શબ્દ કરવો' તથા 'પરિમાણરૂપ' પણ થાય છે.) એટલે તમારા જેવી માતૃશક્તિ અન્ય કોઈ નથી, કેમકે જ્ઞાનરૂપે તમે જ બધાંનું પાલન કરો છો. જ્ઞાનના સંદર્ભમાં વધારે ઉત્તમરૂપે રક્ષા કરવાવાળી શક્તિ (તમારા સિવાય) બીજા કોઈમાં નથી. **જ્ઞાનમાં જ જીવન છે અને અજ્ઞાનમાં જ નાશ છે એ સત્ય છે.**

**नदीतमे** - જેટલી નદીઓ છે, (તે બધામાં) તમે જ શ્રેષ્ઠ છો. નદીરૂપે સરસ્વતીનો આધિભૌતિક ભાવ જળરાશીવાળા નદી સ્વરૂપે છે જે પ્રયાગરાજમાં ગંગા અને યમુનાની સાથે (ગુપ્તરૂપે મળે છે) સંગમ કરે છે. આ (સ્થાન) આધિભૌતિક ત્રિવેણી સંગમ રૂપે તીર્થસ્થાનોમાં

શ્રેષ્ઠ છે. નદીરૂપા સરસ્વતીનો આધ્યાત્મિક ભાવ (અર્થ) સુષુમ્ણા નાડી છે, જે ઈડા અને પિંગલામાં (નાડીના મધ્ય-ભાગરૂપે) રહે છે અને મૂળાધાર સ્થાનમાં તેમની સાથે જોડાયેલી છે. આ (બાબત) આધ્યાત્મિક ત્રિવેણી (સંગમ) તરીકે ઓળખાય છે. નદી શબ્દનો અર્થ શું કરશો ? 'નદ' ધાતુનો અર્થ છે 'શબ્દ કરવો.' એટલે કે જ્યાં 'ગતિ' છે ત્યાં 'શબ્દ' છે. 'નદી' શબ્દના ઉચ્ચારણથી પર્વત આદિ સ્થાનેથી નીકળીને અંતે સમુદ્રમાં મળે છે તેમ, કે એક જળપ્રવાહ વહેતો વહેતો બીજા જળપ્રવાહને મળીને વહે છે તેવો બોધ (જ્ઞાન) થાય છે તે નદી કહેવાય. અત્રે 'નદીતમા' શબ્દપ્રયોગથી વિશિષ્ટનાદથી ગતિમાન થતી શબ્દબ્રહ્મમયી શક્તિ જ વિશેષરૂપે અર્થમાં લેવી તેમ સમજાય છે. અને વળી જે નદીનો આશ્રય કરીને (તેમાં સ્થાન ગ્રહણ કરે છે) તે અંતે સમુદ્ર (પરબ્રહ્મ)માં જ પહોંચે છે. આ પ્રમાણે જે શબ્દબ્રહ્મ (વેદ-મંત્ર)નો આશ્રય લે છે (શરણું ગ્રહણ કરે છે - જાપ કરે છે) તે અંતે પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે.

**દેવીતમે** - સર્વે દેવીઓમાં તમે જ (હે સરસ્વતી માતા!) શ્રેષ્ઠ છો. તમે ઉજ્જવળ, જ્યોતિર્મયી છો. તમે જ બ્રહ્મસ્વરૂપા છો. બ્રહ્મરૂપમાં જે તમારું ધ્યાન કરે છે તે યથાર્થ રૂપમાં આપનો સાક્ષાત્કાર કરી શકે/જાણી શકે છે.

દિવ ધાતુનો અર્થ છે જ્યોતિ, પ્રકાશ, આલોક, અન્ધકાર દૂર કરીને આલોક (પ્રકાશ) આપવામાં જેટલી શક્તિઓ છે તે બધામાં તમે શ્રેષ્ઠ છો.

(-ક્રમશઃ)

★ ★ ★

# સુભાષિત . . .

. . . . ✍ : **શ્રી ચંદ્રશંકર પંડયા**

**(અનુષ્ટુપ)**

**કુર્યાદ્વિયોગદુઃખેષુ ધૈર્યમુત્સૃજ્ય દીનતામ્ ।**
**અશ્વત્થામાવધંશ્રુત્વા દ્રોણો ગતધૃતિર્હતઃ ॥**

**(અનુવાદ)**

**દીનતાને તજી, ધૈર્ય ધારો દુઃખવિયોગમાં,**
**ધૈર્ય ખોઈ, ગુરુ દ્રોણહણાયા કુરુયુદ્ધમાં.**

**વિવરણ** : સુખદુઃખના અનેક પ્રસંગોનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી ચૂકેલા કવિ આ સુભાષિતમાં **ધીરજના અમૂલ્ય સદ્‌ગુણની વાત કરી, તેનું મહત્ત્વ દર્શાવે છે.** એ કહે છે કે. વિયોગના કે દુઃખના કોઈ પણ પ્રસંગે 'બાપડા' બનવું (ખિન્ન થવું, રડવું, હલકાનો આશ્રય લેવો કે વિરોધીઓને કરગરવું વગેરે) તેના કરતાં ધીરજથી ટક્કર ઝીલવી એ જ સારો અને સાચો માર્ગ છે. *જો કપરાં પ્રસંગોએ ધીરજપૂર્વક કામ ન લઈએ તો આપણા જીવનનું નાવ ક્યાંનું ક્યાં જઈને અથડાઈ પડે અને આપણે આધારે ટકી રહેલાં કુટુંબીઓ પણ અત્યંત કરુણ દશામાં મૂકાઈ જાય.* માટે ગભરાવું નહિ કે હિંમત પણ ન હારવી જે બને તે કરી છૂટવું. કર્તવ્ય બજાવ્યાનો આનંદ માણવો. નહિ તો જીવનભર શૂળની માફક ખૂંચ્યા કરે તેવા બનાવોની પરંપરા સર્જાયા વિના નહિ રહે.

જો આપણે ખરેખર આગળ વધીને વિચારીએ તો આવા પ્રસંગો જીવનમાં જરૂરી છે તેમ પણ લાગશે; કારણ કે આવા પ્રસંગોથી મનુષ્યની કસોટી થાય છે. આત્મનિરીક્ષણની ઉમદા તક સાંપડે છે અને આત્મવિકાસનું એક પગથિયું હાથ આવે છે. એટલે **સહેજ પણ ગભરાયા વિના પરિસ્થિતિ ઉપર સંપૂર્ણ કાબૂ રાખવા સતત પ્રયત્નશીલ રહેવું એમાં જ સાચું ડહાપણ રહેલું છે.** આમાં લાગણી કચરવાની વાત નથી; પણ જીવનબળ ટકાવી રાખવાની વાત છે. નવી આફત નહિ વહોરવાની વાત છે. કવિએ દ્રોણાચાર્યનો દાખલો ટાંકીને પોતાની વાત સારી રીતે સમજાવી છે. અશ્વત્થામાના મરણની અફવાથી તેઓ ઢીલા પડ્યા અને દુશ્મનો ફાવી ગયા. માટે જ કવિએ કહ્યું છે તે સર્વથા યોગ્ય છે. **કપરાં સંજોગોમાં બધા વિના ચાલે છે, પણ ધીરજ વિના તો હરગિજ ચાલતું નથી.**

★ ★ ★

# શ્રી લલિતામ્બા ત્રિશતીનામ્

લેખાંક : ૧૪

....✍ : શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી

*આ વિશ્વે જે કંઈ પદાર્થ છે, તે સમસ્તમાં એ વિશ્વનિયંતા ઈશનો વાસ છે, પ્રભુએ એ પદાર્થો તારા માટે સરજ્યા છે. એ બધા ત્યાગભાવથી ભોગવ; પરંતુ અન્યથા ધનનો લોભ રાખીશ મા. તેમ કોઈનાં ધન છીનવી લેવાની ઈચ્છા કરીશ મા.* **(ઈશોપનિષદ્-૧**

ગતાંકમાં આપણે પંચદશી મંત્રના પ્રથમ કૂટના ત્રીજા બીજ ઈ-કારથી શરૂ થતા શ્રી લલિતામ્બા માતાના ૫૪ થી ૬૦ નામ બાબતે અલ્પ આચમન કર્યું. હવે આ પ્રથમ કૂટના ચોથા બીજ લ-કાર થી શરૂ થતા નામનું અમૃતપાન કરીએ.

**'ल'-कार- रूपा ललिता, लक्ष्मी - वाणी - निषेविता ॥१३॥**
**लाकिनी ललना-रूपा, लसद्-दाडिम-पाटला ।**
**ललन्तिका-लसत्-फाला, ललाट-नयनार्चिता ॥१४॥**

**(૬૧) 'लकार-रूपा'** - પંચદશી મન્ત્રમાં 'લ'-કાર બીજની પોતાની આગવી વિશેષતા છે.

**(૬૨) 'ललिता'**- ત્રણે લિંગો (જાતિભેદ - જેમકે સ્ત્રી-પુરુષ અને નાન્યતર)માં વ્યાપિને રહેલાં શ્રી લલિતામાતા સુંદર જ છે. એટલે 'ललितं त्रिपु सुन्दरं'. 'લલિતા' એટલે સુંદરી. ત્રિપુરસુંદરી માતાની સુંદરતા અદ્વિતીય અને અનુપમ છે.

**(૬૩) 'लक्ष्मी-वाणी-निषेविता'**- 'લક્ષ્મી' અને 'વાણી' (સરસ્વતી) ભગવતી (લલિતા) માતાની સેવા કરે છે. 'લક્ષ્મી' = રમા અર્થાત્ બધાય પ્રકારના ધન-વૈભવ (ઐશ્વર્ય) અષ્ટલક્ષ્મી છે. 'વાણી' સરસ્વતી અર્થાત્ સઘળા પ્રકારનું જ્ઞાન. આ બન્ને એકત્રરૂપે શ્રીમાતાના સાન્નિધ્યમાં રહે છે અર્થાત્ સેવામાં રહે છે. શ્રી માતાના કૃપાકટાક્ષરૂપી દષ્ટિપલકમાં તેઓ સઘળું સમજીને આજ્ઞાનું પાલન કરે છે.

**(૬૪) 'लाकिनी'** (ષટ્ચક્રોમાંના) મણિપૂર સ્થાનના દેવી. 'लं' = લય (સંવરણ), अकं = દુઃખ (ત્રિવિધ તાપ-આધિ-વ્યાધિ-ઉપાધિ), 'नी' = નહિ (રહેવા દેતાં નથી). જે કંઈ બ્રહ્મથી ભિન્ન જણાય (માયારૂપ) તે જ દુઃખ (રૂપ) છે. આ દેવીમાતા (લાકિની-મણિપૂરવાસિની) સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયના સાક્ષીભૂતા અને તેની સાથે સંકળાયેલા છે.

**(૬૫) 'ललना - रूपा'** - ભગવતી માતા સ્ત્રીપ્રધાન સ્વરૂપા છે. સ્ત્રીત્વ (માતૃત્વ) એ જ તેમનું સ્વરૂપ છે. શાસ્ત્રમાં 'लिङ्माङ्कितमिदं पश्य, जगदेतद् भगाङ्कितम्' એમ વર્ણવેલું છે. ભાવાર્થ એ જ છે કે સ્ત્રી સ્વરૂપ જ ભગવતી માતાનું રૂપ અને વૈભવ છે.

**(૬૬) 'लसद्-दाड़िम-पाटला'** - દાડમના ફૂલ જેવી ભગવતી માતાની આભા/તેજ છે. 'लसद्-दाडिम' = તાજા ખીલેલા દાડમના ફૂલ જેવા (છે). बन्धूक = કરેણ આદિ લાલ ફૂલ જેવા રંગવાળા (દેખાય છે). શ્રીમાતાની પ્રભા 'पाटल' રૂપે વર્ણવી છે. 'श्वेत-रक्तं तु पाटलम्' એટલે સફેદ-લાલ એવા મિશ્રરંગની ઝાંયવાળાં છે.

**(૬૭) 'ललन्तिका-लसत्-फाला'** - શ્રીમાતાનાં ભ્રમરો આભરણમ્ (આભૂષણ)થી સજાયેલી છે. 'ललन्तिका'= લલાટ ઉપર ધારણ કરવાનું આભૂષણ. 'ललाट-पट्टा' મોતીની ઘણી સેરવાળું ઉજ્જવળ અને પ્રકાશમાન આભૂષણ કે જેને કપાળમાં આડી પીર (અર્ચા) કરી હોય તેમ ધારણ કરવાનું હોય છે. આવું આભૂષણ શ્રીમાતાના લલાટ ઉપર (ધારણ કરેલ) છે.

**(૬૮) 'ललाट-नयनार्चिता'** - 'भ्रू'- મધ્ય કપાળની વચમાં (આજ્ઞાચક્રમાં) ધ્યાન કરવાથી શ્રી માતાના સ્વરૂપની ઝાંખી થાય છે. લલાટની મધ્યમાં રહેલું ત્રિનયન (ત્રીજું નેત્ર- જ્ઞાનનેત્ર)થી શ્રી માતાની પૂજા થાય છે. **લલાટની મધ્યનું નેત્ર એટલે તાળવાની મધ્યમાં રહેલું સ્થાન જ્યાં ખેચરી મુદ્રા વડે સ્પર્ષ કરવાથી અમૃત નિર્ઝરણના આસ્વાદની અનુભૂતિ થાય છે.** નેત્ર ઉપર જોવાનું કાર્ય કરે છે. શિવને ત્રીજું નેત્ર છે. શિવ ભગવતી માતાનું પૂજન કરે છે. 'જાબાલ-ઉપનિષદ' માં જણાવ્યું છે કે, 'યાજ્ઞવલ્કય ઋષિએ અત્રિ મુનિના પ્રશ્નોના ઉત્તર આપતાં કહ્યું હતું : 'ભ્રૂ' (ભ્રમર)ની મધ્યમાં અવિમુક્ત એવું સ્થાન છે. જે સાધક આ સ્થાનમાં પૂજન કરે છે તે પરમ-લક્ષ્યને પ્રાપ્ત કરે છે. તે જ સફળ થઈને આત્મસાક્ષાત્કારને પામે છે.

(-ક્રમશઃ)

★★★

# જીવનની સાર્થકતા

લેખાંક : ૧૮

....✍ : શ્રી બાબુભાઈ નાયક

## સુખની શોધ :

જીવનને સાર્થક કરવા આજે આપણે જીવનની નિસરણીના અઢારમે સોપાને આવ્યા છીએ ત્યારે વિચાર આવે છે કે આ જગતની પ્રત્યેક વ્યક્તિ શું શોધે છે ? જવાબ મળશે કે **જગતની પ્રત્યેક વ્યક્તિ સુખ શોધે છે.** પરંતુ સુખ શું છે, સુખ શામાં છે તેની તેને ખબર નથી. મહાન લેખક શ્રી ગોવર્ધનરામભાઈ ત્રિપાઠીએ તેમની સુપ્રસિદ્ધ નવલકથામાં એક સુંદર પંક્તિ લખી છે. "પ્રભુએ તો સરજેલું છે સુખ, મન મનનું માની લે છે દુઃખ.' **પ્રભુએ આ જગતમાં કેવળ સુખનું જ સર્જન કર્યું છે, પણ મનુષ્યનું મન તેની રીતે સુખની વ્યાખ્યા કરી સુખ શું છે અને દુઃખ શું છે તે નક્કી કરી પ્રાપ્ત થયેલી સુખદ પરિસ્થિતિને દુઃખદ બનાવી મૂકે છે.**

અહીં આપણે વિચારીએ કે લૌકિકના લોકો કોને સુખ માને છે. મહાનુભાવ વિદ્વાન લેખક શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી સુખની વ્યાખ્યા કરતાં જણાવે છે કે, માણસને જેમાં અનુકૂળતા મળે તેને માણસ સુખ માને છે અને પ્રતિકૂળતા દેખાય તેને માણસ દુઃખ માને છે. ગમે તેમ હોય, પરંતુ એક વાત તો નક્કી છે કે વ્યક્તિમાત્ર સુખ જ શોધે છે, પણ તેને સુખ મળતું નથી. હવે તેનો વિચાર કરીએ કે તેનું શું કારણ હશે ? તેનો જવાબ તદ્દન સરળ છે કે 'સુખ મેળવવું એ તો આત્માનો સહજ ધર્મ છે અને પ્રાણીમાત્રની કુદરતી તૃષા છે.' આત્મા સુખસ્વરૂપ છે એટલે સૌ કોઈ પોતાનું સ્વરૂપ પામવા યત્ન કરે એ તો તદ્દન સ્વાભાવિક છે. સુખ એ જીવાત્માનો સ્વભાવ છે. તેથી જ જગતમાં દરેક ઈચ્છે છે અને કહે છે કે 'મને સુખ પ્રાપ્ત થાઓ.'

ઉપર આપણે જોયું કે મનને અનુકૂળ તે સુખ અને મનને પ્રતિકૂળ તે દુઃખ. આ છે સુખદુઃખની વ્યાખ્યા. હવે આપણે વિચારીએ કે દુનિયાના લોકો પોતાના સુખ પોતાની રીતે નક્કી કરે છે. સાહિત્યમાં રસ લેનાર સાહિત્ય સર્જનમાં સુખ માનશે. ધનનો લોભીયો આજે આ પ્રવૃત્તિ કરશે, કાલે બીજી પ્રવૃત્તિ કરશે. શું કરું ને ધરના ઢગલા કરી દઉં, કીર્તિની ઈચ્છા કરનારો દાન કરશે. મનમાં માનશે કે એવું તે હું શું કરું કે લોકોમાં મારી કીર્તિ વધે. લોકો તેની વાહ વાહ કરે. બસ તેવું કરવામાં તે સુખ માણશે. સૌ કોઈ એક વસ્તુમાં સુખ માનતું નથી. કોઈ ધનમાં સુખ માને છે. કોઈ કીર્તિ મેળવવામાં સુખ માને છે. એક સુખ શોધે છે ખાનપાનમાં, તો બીજાને સુખ દેખાય છે સાહિત્ય સર્જનમાં. એકને સુખ દેખાય છે રમત ગમતમાં, તો બીજાને સુખ દેખાય છે પર્વતારોહણ કરવામાં.

જે વસ્તુમાં માણસને આજે સુખ દેખાય છે તે જ વસ્તુ લાંબે ગાળે માણસને સુખ આપનારી લાગશે કે કેમ તે પણ વિચારવા જેવું છે. બાળક નાનો હોય છે ત્યારે તેને માતાની ગોદમાં બેસવું, રમકડે રમવું ગમે છે. તે જ બાળક મોટો થાય છે ત્યારે તેને પત્ની, બાળકો, ભોગ-વિલાસ કે કીર્તિ મેળવવામાં રસ પડે છે. તે જ યુવાન જ્યારે વૃદ્ધ થાય છે ત્યારે નથી ગમતો ભોગ-વિલાસ કે બાળવયના રમકડાં. હવે તેને મંદિરે જવું, ધર્મનાં કાર્યો કરવાં, તીર્થોમાં જવું ગમે છે. તેને પ્રવૃત્તિ નથી ગમતી, નિવૃત્તિ ગમે છે. તે બતાવે છે કે એક વસ્તુ કે એક વિષય માણસને જુદી જુદી અવસ્થામાં સુખ નથી આપતી. જુદી જુદી અવસ્થામાં જુદા જુદા વિષયો અને જુદી જુદી વસ્તુઓ માણસને સુખ આપે છે.

માણસની મનોવૃત્તિ જુદી જુદી હોય છે. એકને મિષ્ટાન્ન ભાવશે તો બીજાને ફરસાણ ભાવશે. તેમજ માણસની મનોવૃત્તિ પણ સર્વ કાળે સરખી કે સમાન નથી રહેતી. **મન ચંચળ અને અસ્થિર છે. એટલે મનોવૃત્તિ પણ ક્ષણે ક્ષણે બદલાતી રહે છે.** એટલે માનવી જુદી જુદી

વસ્તુમાં સુખ માને છે. મનની વૃત્તિ જે વસ્તુ કે વિષયમાં ચોંટે છે ત્યાં મનુષ્યને સુખ જણાય છે. આથી એવો નિર્ણય કરી શકાય કે **મનોવૃત્તિની એકાગ્રતામાં જ માણસનું સુખ છે. તેથી સિદ્ધ થયું કે માણસનું સુખ તેના મનમાં છે. નહિ કે પૃથ્વીમાં કે નહિ પૃથ્વી પરની વસ્તુ કે વિષયમાં કે પૃથ્વીની બાહ્ય વસ્તુમાં.**

સુખ મેળવવાને માણસ અનેક વિચારો કરે છે. સુખ મેળવવાને માણસ દોડાદોડી કરે છે. તે હરાયા ઢોરની જેમ રઘવાયો રઘવાયો ફરે છે. તે ગુલાબ લેવા જાય છે તો તેને કાંટા મળે છે. તે હારે છે, થાકે છે, કંટાળે છે, છતાં દોડાદોડ કરે જ જાય છે. તે શાંતિથી ઊંઘતો પણ નથી. આપણને વિચાર આવે કે આનું કારણ શું ?

ખૂબ ઊંડો વિચાર કરવા જેવું છે. શા માટે ઊંડો વિચાર કરવાનું કહ્યું ? એટલા માટે કે **મનુષ્ય-જીવન પ્રભુની અમૂલ્ય ભેટ છે**. જીવન ક્યારે પૂરું થઈ જશે તેની કોને ખબર છે ? તો મળેલા મનુષ્ય અવતારમાં સુખને શોધવામાં જ પૂરું કરી દઈએ તો માનવ-જીવનની તે નિષ્ફળતા બનશે, ને જીવન તો પૂરું થઈ જશે. પછી **જેવી મતિથી મરીશું તેવી ગતિમાં જન્મશું.** વિષયવાસનાની વિચારશ્રેણી હશે તો બીજો અવતાર નક્કી માની લેજો કે ભૂંડનો જ આવશે. વિષ્ટા ખાઈને પશુજીવન જીવવું પડશે. ક્રોધ કરી કરીને જીવન વિતાવશો તો બીજો અવતાર સર્પ-યોનિમાં ભોગવશો. માટે હે મનુષ્ય ! મનુષ્ય અવતાર મળ્યો છે, વિચાર-શક્તિ પ્રભુએ આપી છે, ઉન્નત માર્ગે જવા શાસ્ત્રોની હારમાળા દૃષ્ટિ સામે પડી છે. સન્માર્ગે લઈ જનાર સંતો ભૂતલ પર બિરાજે છે. આ બધાની સહાયથી જીવન સાર્થક કરી લેવાનું જો મનુષ્ય ચૂકી જાય તો અમૂલ્ય મનુષ્ય અવતાર તેણે એળે ગુમાવ્યો ગણાશે. મનુષ્યે તો દૃષ્ટિ કરવી જોઈએ બાળક પ્રહલાદ તરફ. બાળક ધ્રુવ તરફ, રાજા રંતિદેવ તરફ, જડભરત તરફ. આવા મહાપુરુષો મળેલા મનુષ્ય જીવનને સાર્થક કરી ગયા તો તે માર્ગે ચાલી હું સાચા સુખને કેમ ન મેળવું ? બરાબર યાદ રાખો કે **મહા મહેનતે મળેલા મનુષ્ય અવતારને સફળ કરી સાચું સુખ શામાં છે તે શોધીએ તેમાં જ મનુષ્યજીવનની સાર્થકતા છે.** જ્યાં સાચું સુખ છે તે માર્ગે આપણે સુખને શોધતા નથી. તે સ્થાન તરફ આપણે દૃષ્ટિ પણ કરતા નથી અને જ્યાં સુખ નથી, પણ કેવળ સુખાભાસ છે ત્યાં સુખ શોધીએ તો સુખ ક્યાંથી મળે ? આપણે મૃગજળ જોઈ દોડી મરીએ તો શું આપણે આપણી તૃષા છીપાવી શકીશું ? હરગીજ નહિ. મૃગજળ પાછળ દોડી મોતને નોતરવાનું છે. તૃષા છીપાવવા તો જ્યાંથી જળ મળી શકે તેવા જળાશય પાસે જ જવું પડશે. તો જ તૃષાને છીપાવી શકીશું. નહિ તો તરસે જ મરી જઈશું.

અહીં સર્વવિદિત એક ડોશીમાનું દૃષ્ટાંત વિચારીએ. ડોશીમા બેઠાં બેઠાં ફાટેલા વસ્ત્રને થીગડું દઈ રહ્યાં છે. સાંધતાં સાંધતાં રાત પડી ગઈ. સોયમાં દોરો પણ ખૂટી ગયો. એટલે સોયમાં દોરો પરોવવાની મથામણમાં સોય હાથમાંથી ખસી પડી. દૃષ્ટિ બરાબર કામ કરતી નથી એટલે કપડું એક બાજુએ મૂકી માજીએ સોય ખોળવવાની શરૂઆત કરી, પણ સોય શોધતાં શોધતાં અંધારું થઈ ગયું. માજી તો ઘરમાંથી બહાર નીકળ્યાં. ઘરની સામે જ મ્યુનિસિપાલિટીના દીવાનો થાંભલો. થાંભલાના દીવા નીચે જઈ, દીવાના પ્રકાશમાં સોય શોધવા લાગ્યાં. એટલામાં ત્યાં થઈને એક માણસ નીકળ્યો. તેણે વૃદ્ધાને પૂછ્યું, "માજી ! શું શોધો છો?"

"ભાઈ ! મારી સોય પડી ગઈ છે તે શોધું છું," માજીએ શાંતિથી ઉત્તર આપ્યો. પેલા ભાઈએ પૂછ્યું, "માજી ! આ દીવા નીચે બેસીને કપડું સાંધતાં હતાં ?" માજી કહે, "ના, ભાઈ, કપડું તો ઘરમાં બેસીને સાંધતી હતી." તે માણસે પૂછ્યું, "તો પછી માજી ! ઘરમાંથી

સોય અહીં આવીને કેવી રીતે પડી?" માજીએ જવાબ આપ્યો, "ભાઈ ! સોય પણ ઘરમાં જ પડી ગઈ છે." માણસે પૂછયું, માજી ! તો સોય ઘરમાં શોધો. ઘરમાં ખોવાયેલી સોય કંઈ અહીં શોધવાથી ના જડે. ઘરમાં જઈ દીવો કરી, તે દીવાના પ્રકાશમાં સોય શોધશો તો જ સોય જડશે. અહીં સોય શોધવાનો તમારો બધો પ્રયત્ન નકામો છે. સોય જ્યાં ખોવાણી હોય ત્યાં જ શોધો."

દૃષ્ટાંતનો ભાવ એવો છે કે વસ્તુ જ્યાં ખોવાણી હોય ત્યાં જ શોધીએ તો જ મળે. બીજા સ્થળે તે શોધવા ફાંફાં મારવાથી તે ન મળે. તે ન્યાયે તમારું શાશ્વત સુખ તો તમારા અંતરના ઊંડાણમાં છે. જ્યાં ખોવાયું છે ત્યાં જ તેને શોધો. તમારું સુખ અંતરમાં ખોવાયું છે તો તેને અંતરમાં શોધો તો અવશ્ય સુખ મળશે. કસ્તુરીમૃગની નાભિમાં કસ્તુરી છે. તેની સુગંધ તેને આવે છે, પણ નાભિમાં કસ્તુરી છે તેની તેને ખબર નથી. એટલે કસ્તુરીની સુગંધ ખોળવા તે દોડાદોડી કરે છે. મૃગ તો પશુ છે. તેને તો નાભિ શું ને કસ્તુરી શું તેની ગતાગમ નથી એટલે મૃગ તો દોડાદોડી કરે તે બરાબર છે. પણ માણસને તો બરાબર ખબર છે કે સાચું સુખ તો નથી ધનમાં કે નથી સ્ત્રી પુત્રાદિકમાં. *જગતની કોઈપણ વસ્તુમાં સાચું સુખ નથી. જગતની જે વસ્તુમાં સુખ જણાય છે તે તો કેવળ સુખાભાસ છે, અલ્પ સુખ છે, ક્ષણભંગુર સુખ છે. મનુષ્યે તો નિત્ય સુખ, શાશ્વત સુખ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે શાશ્વત સુખ માણસનો સ્વભાવ છે.*

બાહ્ય વસ્તુ કે વિષયથી પ્રાપ્ત થતું સુખ પરમ, અક્ષય કે શાશ્વત સુખ નથી. ત્રણે કાળમાં જે સુખ અમર રહે તે જ સાચું સુખ. જ્યારે દુનિયાની કોઈપણ વસ્તુ - ધન, કીર્તિ, સ્ત્રી પુત્રાદિક - ત્રણે કાળમાં રહેતાં નથી. તો પછી તેમાંથી પ્રાપ્ત થતું સુખ ત્રણે કાળમાં ક્યાંથી ટકી શકે ? મનુષ્ય જીવન જ જ્યાં ક્ષણભંગુર છે તો તેને પ્રાપ્ત થતી વસ્તુ કે વિષયનું સુખ પણ ક્ષણભંગુર જ હોય એ નિર્વિવાદ વાત છે. તો શું માનવે મનુષ્ય સુખ કહેવાય તે છોડી દેવું ? ત્રણે કાળમાં ટકે તેવું નિત્ય સુખ માણસે કેવી રીતે મેળવવું ? તેનો જવાબ તદ્દન સરળ અને સુલભ છે.

નાશવંત જગતમાં જેનો કદી નાશ થતો નથી, જે અજર અને અમર છે, શાશ્વત છે તે તો આત્મા છે. અને આત્માનું સુખ નિત્ય, શુદ્ધ, સનાતન અને શાશ્વત છે. આવું પરમ સુખ બીજે ક્યાંય ખોળવા જવાની પણ જરૂર નથી, તે તો અંતરમાં જ છે. જ્યાં પરમાત્મા સ્વયં બિરાજે છે. *અંતરના સુખ આગળ દુનિયાના સુખની કોઈ ગણતરી નથી. સૂર્યના તેજ આગળ દીવાના તેજનો શો હિસાબ ?*

આત્માનું સુખ અખંડ અને અમર છે. તે સુખ પામવાને માણસે શું કરવું? શાસ્ત્રોએ, સાધકોએ, સંતોએ, મહાપુરુષોએ ગર્જના કરી કરીને હાકલ કરી છે કે : "હે જીવાત્મા! જો તારે સાચું, શાશ્વત સુખ પામવું હોય તો એક જ ઉપાય છે કે તું તારું 'અહં' છોડી દે. આત્મસુખ મેળવ. તે સુખ પ્રાપ્ત કરવા કોઈ મહાન પ્રયત્ન કરવાનો નથી, પણ હજારો જન્મથી તને જે 'હું અને મારું' વળગ્યું છે તેને છોડી દે. હું અને મારું તને સાચા સુખનો અનુભવ થવા દેતું નથી. સાચું સુખ તો આત્માનું છે જે દેશ અને કાળથી પણ અતીત છે, મન અને વાણીથી પણ પર છે. તે સુખ તારાં આ ચર્મચક્ષુથી તને નહિ દેખાય પણ અંતરના દિવ્ય દૃષ્ટિથી પ્રાપ્ત થશે. તે સાચું સુખ પામવા તું 'તારાપણું' છોડી દે અને આનંદના સાગર સમા તે સુખનો લહાવો લઈ અમર સુખ પ્રાપ્ત કરવા 'ઉત્તિષ્ઠ'- ઊભો થા."

(-ક્રમશઃ)

★ ★ ★

# શ્રી લલિતાસહસ્રનામ

લેખાંક : ૯

....✍ : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

"उद्यद्भानुसहस्राभा चतुर्बाहुसमन्विता ।
राग स्वरूप पाशाढ्या क्रोधाकाराङ्कुशोज्ज्वला ॥ २ ॥

(૬) **उद्यद्भानुसहस्राभा** - ઉદય પામતા સવારના હજારો સૂર્યોની કાંતિ જેવા તથા સૂર્યોદય થતાં પહેલાં વિકસિત થતા જબાકુસુમ (Cleome) ના પુષ્પ જેવા લાલ રંગના જાજ્વલ્યમાન રૂપવાળા આનાથી એ સ્પષ્ટ થાય છે કે શ્રીમાતાનો વર્ણ (રંગ) લાલ ઘેરો છે. 'સ્વતંત્ર તંત્ર'માં જણાવ્યું છે કે - 'શ્રી લલિતાનો વિશ્વવિગ્રહ (આકાર) એ તેમનો પોતાનો સ્વયંપ્રકાશ છે. લાલાશ પડતો રંગ એ તેમનો વિમર્શ (આવિર્ભાવ) છે. તેમની આરાધના અને ધ્યાન આ રૂપમાં જ (કરવાનું હોય) છે. 'વામકેશ્વર તંત્ર'નું કથન છે કે, 'દેવી ત્રિપુરા સ્વયં (પોતે - જાતે જ) પોતાનો વાસ્તવિક આકાર (સ્વરૂપ) છે અને લાલાશ પડતો રંગ એ તો કેવળ તેમની એક અભિવ્યક્તિ (માત્ર) છે.

આ પ્રકારે શ્રી દેવી (માતા) ના ત્રણ સ્વરૂપ છે જેમાં પ્રકાશ, વિમર્શ (આકાર) અને ભાવ હોય છે. જે સ્થૂળ, સૂક્ષ્મ અને પર (અદષ્ટ) છે. સ્થૂળ (ભાવ-આકાર) માં હાથ-પગ આદિ સઘળાં અવયવો હોય છે, સૂક્ષ્મમાં કેવળ મંત્ર હોય છે તથા પરમાં કેવળ વાસના (ઈચ્છા-ભાવ-સંકલ્પ) હોય છે. **વાસનાનો અર્થ છે આદર્શ કે માનસિક ભાવ. મંત્રશાસ્ત્ર અનુસાર આ (અર્થ) એ એક સાંકેતિક શબ્દ છે જેનો અર્થ છે યથાર્થ અથવા સ્વયં (જાતે જ).** સૂક્ષ્મ રૂપના પણ ત્રણ પ્રકાર હોય છે આ ત્રણમાંથી અગાઉ વર્ણવ્યું તેમ સ્થૂળ આકારથી આરંભ થાય છે.

(૭) **चतुर्बाहुसमन्विता** - જેમને ચાર ભુજાઓ છે તેવા. **સાંપ્રદાયિક અર્થમાં જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય નામની ચાર અવસ્થાઓને શ્રીમાતા ત્રિપુરેશ્વરીની ચાર ભુજાઓના રૂપમાં સમજવામાં આવે છે.** શ્રી ત્રિપુરેશ્વરી માતાના ચાર અંગરૂપ ચાર દિશાઓ એ તેમનું ઉપલક્ષણ માત્ર છે નહિ કે પારમાર્થિક સ્વરૂપ. સુષુપ્તિ આદિ ત્રણ દિશાઓ બંધનકર્તા છે તેમજ તેમના આયુધો પુષ્પબાણ, શેરડીનો સાંઠો, પાશ ઈત્યાદિ વર્ણવાયાં છે.

(૮) **रागस्वरूपपाशाढ्या** - પહેલાં દેવી માતાની ચાર ભૂજા વર્ણવી, હવે તેમના હસ્તકમળમાં જે આયુધો છે તેનું વર્ણન કરીએ. એ (આયુધો) ત્રણ પ્રકારના છે. **રાગ (અનુરાગ - મોહ) એ બંધન - પાશરૂપ છે તેને ઈચ્છાશક્તિનું એક વિલક્ષણ માનસિક રૂપ પણ કહી શકીએ.** પાશ/બંધન એ સ્થૂળભાવરૂપ છે અને વાસના તેનું સર્વોચ્ચ રૂપ છે. જે (શ્રીમાતાના) ઉપરના ડાબા હાથમાં ધારણ કરેલ છે. સૂક્ષ્મદશા એ કંઈક (સ્થૂળ સ્વરૂપથી) સૂક્ષ્મરૂપે છે, કારણ કે તે વાયુ તત્ત્વવાળું છે. વાયુ તત્ત્વનો પ્રકોપ (આવિર્ભાવ) એ ઝંઝાવાતના ઉદયને કારણે સ્વપ્નદશા જેવી ભ્રામક (અશાશ્વત) પણ કહેવાય છે. આમાં જીવાત્માને ભેદ-અભેદની ભ્રાંતિની અનુભૂતિ થાય છે. તેથી (સ્વપ્ના જેવા) શ્રીમાતાના હાથમાં રહેલા આયુધને પાશના રૂપમાં વર્ણવાયા છે.

***રાગ (મોહ-માયા)નો વર્ણ લાલ કહેવાયો છે. તેથી તે રજોગુણી (તત્ત્વ) તરીકે ઓળખાય છે. રાગ એ રજોગુણની શરૂઆતનું સ્વરૂપ છે.***

(૯) **क्रोधाकाराङ्कुशोज्ज्वला** - હાથીને અંકુશમાં રાખવા માટેનું શસ્ત્ર (અંકુશ) ની જેમ ક્રોધ અને સાંસારિક જ્ઞાન (ક્ષણજીવી) જણાય છે.

ક્રોધ એ ઘૃણાત્મક ભાવનું એક રૂપાંતર પણ છે. આકારનો અર્થ છે - સાંસારિક જ્ઞાન. કેટલાક ઉપલક્રિયા વિદ્વાનો ક્રોધને જ્ઞાનના અર્થમાં ઘટાવે છે, પરંતુ આ અર્થ શ્રુતિ (વેદ) સંમત નથી. શ્રુતિ અનુસાર ક્રોધ એ હાથીના અંકુશ સમાન છે. તેથી શ્રીમાતાના જમણા હાથમાં તે અંકુશના રૂપમાં ચમકી રહ્યું છે. અંકુશ એ આમ તો ન ગમતું (ઘૃણાસ્પદ ભાવનું) અને સાંસારિક જ્ઞાનનું પ્રતીક છે. 'પૂર્વ-ચતુ:શતીશાસ્ત્ર' અનુસાર શ્રીદેવીમાના હાથમાં

પાશ અને અંકુશ છે તે વાસના અને ક્રોધનું પ્રતીક છે. 'તંત્રરાજ'ના વાસના અધ્યાયમાં કહેવાયું છે કે, ***'માનસ એ શેરડીનો સાંઠો છે, રાગ એ પાશ છે, ક્રોધ ઉત્તેજનારૂપ છે અને પાંચે સૂક્ષ્મ તન્માત્રાઓ પુષ્પોના પાંચ બાણ છે'. પરંતુ 'યોગિની હૃદય' અનુસાર - 'પાશ એ ઈચ્છા-શક્તિ, ઉત્તેજિત કરવાવાળી જ્ઞાન-શક્તિ છે તથા ધનુષ્ય અને બાણ ક્રિયા-શક્તિ છે'. તે રાગરૂપી પાશથી મનુષ્ય (જીવાત્મા)ને બાંધે છે અને ક્રોધરૂપી અંકુશથી પ્રહાર કરે છે. પરંતુ આ અંકુશ પણ શ્રી માતાના હાથમાં તેમના મમતામય-ક્રોધનું પ્રતીક છે.*** આ પ્રકારે શ્રીમાતા જીવાત્માને (આ હથિયારો દ્વારા) અપરા પ્રકૃતિ (દૃશ્ય જગત)થી બાંધી દે છે. રાગ કે આસક્તિ જ પાશરૂપ (બંધન) છે. ક્રોધ, દ્વેશ અથવા ઘૃણા એ પ્રકૃતિરૂપ અંકુશ છે જેના બંધનમાં બંધાયેલો જીવાત્મા ક્યા પાપકર્મ કરવાનો વિવશ નથી થતો ? આ પ્રકારે **પ્રકૃતિ પુરુષને પશુ જેવો બનાવીને પોતાના વશમાં રાખે છે અને [illegible] પોતાના સૃષ્ટિક્રમનું કાર્ય કરાવે/ આગળ વધારે છે.**

ચોથો કરકમળ એ જ્ઞાનાત્મક તુરીયદશા છે, જેમાં (રહીને) જીવાત્મા શિવત્વને પ્રાપ્ત કરીને મુક્ત બની જાય છે. તેથી જ્ઞાનાત્મક સદાશિવને અંકુશના રૂપમાં આયુધરૂપે રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રમાણે (જ્ઞાન દ્વારા) ગજ (હાથી) રૂપી મહાપશુનું નિયંત્રણ અંકુશ દ્વારા થાય છે. આમ ચૈત્ય (સદાશિવ પરમેશ્વર) દ્વારા જીવાત્મારૂપ (મહાપશુ)નો અંકુશ (જ્ઞાન) એ નિયંત્રક છે. ***જે ક્ષણ સુધી જીવાત્મા પોતાને બીજાઓથી બાંધી રાખે છે ત્યાં સુધી તે બંધનમાં બંધાયેલો છે. અને જે ક્ષણે તે જાતે (પોતાના - જ્ઞાનરૂપી પાશમાં) બંધાય છે (આત્મજ્ઞાન મેળવે છે) ત્યારે તે મુક્ત બની જાય છે. પોતાને (આત્મ) જ્ઞાનમાં બંધાવું તે મુક્તિ છે.*** તેથી જ - "पाशबद्धो भवेज्जीवो पाशमुक्तो सदाशिवः" એમ કહેવાયું છે. એટલે કે જે મોહમાયા (પાશ) માં બંધાય છે તે જીવાત્મા છે અને જે મોહમાયા (પાશ) થી મુક્ત છે તે સદાશીવ બને છે.

સદ્‌ગુરુદેવના સાન્નિધ્યમાં રહીને જો જીવાત્મા શિવત્વને ન પામે તો સઘળો પ્રયત્ન વ્યર્થ છે તેમ શ્રી જ્ઞાનેશ્વર મહારાજ કહે છે અને જીવાત્માના પ્રયત્નમાં કાંઈ કમી/ખામી છે તે બાબતે નિર્દેશ કરતાં તેઓશ્રી ગુરુઉપાસનાના ત્રીજા અધ્યાયની ઓવી ૧૦ દ્વારા જણાવે છે કે -

**"देखा अमृतसिंधुतें ठाकावें ।**
**मग ताहाना जरी फुटावें ।**
**तरी सायासु कां करावे ।**
**मागील ते ॥ २३ ॥**

**અર્થ :** (ઉપાસકો) અમૃતસિંધુના સાન્નિધ્યમાં રહીને પણ, જો તરસથી તરફડવું પડે, તો ત્યાં સુધી પહોંચવાનો પરિશ્રમ શા માટે કરવો ? (અર્થાત્ આત્મશોધન કરી હકારાત્મક પરિણામ મેળવવું જોઈએ.)

**ભાવ :** નિજ ગુરૂના સહવાસમાં રહીને પણ, જો પરમાત્માના સાક્ષાત્કાર માટે ઝૂરવું પડે તો મારા ભાઈ ગુરુ કરવાનું કષ્ટ જ કેમ ઉઠાવ્યું ? એટલે કે જ્યારે કષ્ટ ઉઠાવ્યું જ છે તો ઝૂરવાનો વારો ન લાવતાં આત્મ-સાક્ષાત્કાર કરવો અવશ્યંભાવિ છે.

આવા જ ભાવમાં ઉપાસકને કંઈક ગુપ્ત સંદેશ આપતા હોય તેવા મર્મવાક્યથી ઉપદેશતાં 'પૂજ્ય ભાઈ' અમૃતમના મહાવાક્ય દ્વારા કહે છે - **'અહંકારની સુરાથી પ્રમત્ત મનુષ્ય નિખિલ બ્રહ્માંડ તરફ ધૈર્યથી નિહાળશે તો તેને પોતાની પામરતા પ્રત્યક્ષ થશે; જ્યારે કાર્પણ્ય અને નિરુત્સાહની ઘાતક ક્ષણોમાં આત્માના અનંત સામર્થ્ય તરફ દૃષ્ટિ નાખશે તો આત્મવિશ્વાસ અને નિર્ભયતા જાગૃત થશે.** (-ક્રમશઃ)

★★★

# પૂ. બાનાં વચનામૃત...

...✍ : સ્વ.શ્રી બાબુભાઈ જે. બારોટ
રજૂઆત : શ્રી ભરતભાઈ બી. બારોટ

(તા. ૨૮-૩-૯૩ને રવિવાર, ચૈત્ર સુદ પાંચમના દિવસે નવરાત્રિ સત્સંગ દરમ્યાનના પૂ.બાના વચનામૃતમ્.)

સમય મળે ત્યારે ધ્યાન કરવું. ઘણું ખરૂં તો વહેલા સૂઈ જઈને વહેલા ઊઠવું અને શાંત વાતાવરણમાં 'મા'નું ધ્યાન ધરવું-ગુરુનું ધ્યાન ધરવું, માનસિક પૂજન કરવું, મા યંત્રરાજમાં બિરાજમાન છે તેવું હૃદયમાં ધ્યાન ધરવું, ને તેની સાથ તદ્રૂપ થઈ જવું. આમ કરવાથી વાણીનો સંયમ પ્રાપ્ત થાય છે. આંખોમાં માનું દર્શન ભરવું જેથી સઘળે માનાં જ દર્શન થાય છે. ને આમ કરતાં કરતાં મા સાથે અભેધ પ્રાપ્ત થાય છે. જો કે આ બધું ધીમે ધીમે બને છે.

**મૌન રાખવાથી આપણું ચિત્ત શાંત થાય છે. ચિત્ત માની સાથે લાગેલું જ રહે છે ને તેથી આપણું ઓજસ તત્ત્વ વધે છે.**

(શ્રી બાબુભાઈ બારોટ) નવરાત્રીના શુભ દિવસો આનંદમાં વીતી રહ્યા છે. હું છ એક વરસથી આવું છું. આપણે સૌ માતાજીના સાચા સૈનિક, સાચા છડીદાર બની રહીશું. **ગુરુઋણમાંથી મુક્ત થવું મુશ્કેલ છે.** શ્રીનગરમાં વિવેકાનંદજી માતાજીનું અનુષ્ઠાન કરતા હતા. તેમણે બટુક-બાળાનું પૂજન કરતાં. પૂજન પછી શિષ્યો વંદન કરવા લાગ્યા ત્યારે વિવેકાનંદ બોલી ઊઠયા : 'એય મા હી... મા હી હૈ !'

- શિષ્યો કેવા હોવા જોઈએ ? માતાજી આપણને સુંદર સ્વરૂપ, સુંદર પત્ની અને પુત્ર-પૌત્ર હોય, મેરુ જેટલું ધન આપ્યું હોય, પણ **જો આપણું મન ગુરુચરણમાં લાગે નહીં તો આ બધાનો શો અર્થ** છે ? એટલે કે શિષ્યનું મન ગુરુચરણમાં લાગેલું રહેવું જોઈએ.
- ચાર વેદ ભણ્યા પછી શાસ્ત્ર પારંગત થયો હોય, કવિત્વ પ્રાપ્ત થયેલું હોય, પરંતુ મન જ્યાં સુધી ગુરુચરણમાં ચોંટતું નથી ત્યાં સુધી એ બધાનો શો અર્થ છે ?
- વિદેશમાં નામના પ્રાપ્ત કરી હોય, સ્વદેશમાં માન-પાન પ્રાપ્ત થયું હોય, સદાચારમાં મન લાગેલું હોય, તો પણ ગુરુચરણમાં મન લાગેલું ન હોય ત્યાં સુધી આ બધાનો શો અર્થ છે ?
- ચક્રવર્તી રાજા બન્યો હોય, અન્ય રાજાઓ એના ચરણમાં ઝૂકતા હોય તેવું પદ પ્રાપ્ત થયું તો પણ ગુરુચરણમાં મન ન લાગે ત્યાંસુધી એનો અર્થ નથી.
- માણસ દાન કરે, એનાથી કીર્તિ બધી દિશાઓમાં ફેલાઈ જાય, જગતની બધી વસ્તુઓ એને પ્રાપ્ત થાય, પણ ગુરુચરણોમાં મન ન લાગે ત્યાં સુધી એનો શો અર્થ છે ?

જંગલમાં, શરીરમાં, ઘરમાં આ બધામાં મનને રોકવાનું રહેવા દો.

જે શરીર ખૂબ પુણ્ય કરવાથી પવિત્ર બન્યું છે તેવો મુનિ કે ગૃહસ્થ હોય, તેને ગુર્વાષ્ટકના પઠનથી ઈચ્છિત પ્રાપ્ત થાય છે, એટલે ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**ગુરુનો જે આદેશ થાય, તેને અનુરૂપ જેનું મન થાય છે તેવા મનુષ્યનું મન ગુરુચરણમાં લાગેલું રહે છે.**

★ ★ ★

# અમી ઝરતી આંખે...

....✍ : શ્રી ભગવત સુથાર

મારી ત્રણેક વર્ષની નાનકડી કળી જેવી કોમળ બાળકી તેના ભાઈને કાંડે રક્ષા મૂકીને ગાંઠ વાળવા મથી રહે છે. તેનાથી ગાંઠ બરાબર વળાતી નથી તેથી ભાઈ તેની જનેતાને બોલાવે છે.

"બા, આ ગાંઠ જરા બાંધને... બબુડી બેનડીને તે ફાવતું નથી..."

તેની મા આવીને તેને કાંડે લાલ મઘમઘતો ગુલાબના ગોટા જેવો ગોટો બાંધે છે. પરસાળમાં આ દૃશ્ય ગોઠવાયેલું છે. જરા છેટે આંગણામાં ખુરશી નાખીને બેઠો બેઠો હું આ દૃશ્ય આંખમાં મઢી રહ્યો છું. મારી આંખ ત્યાં જ સ્થિર થઈ જાય છે. એક નવયૌવના, કુમારી, તેણે હાથમાં રક્ષાનો દોરો-કાઢ્યો. ધાગો પકડીને નિષ્પલક નેત્રે તેના તરફ જોઈ રહી છે. મારાથી આ દૃશ્ય જીરવાતું નથી. હું જરાક નજર ખસેડવા જાઉં છું ત્યાં તો તે નજરમાં જાણે કે કેવું અપૂર્વ જાદુ હતું કે મારી નજર ત્યાં જ સ્થિર થઈ ગઈ; કારણ કે એ નિષ્પલક નેત્રોમાંથી સાચાં મોતીની એક સેર રચાઈ ગઈ હતી. ને આંખોની આસપાસ આંસુનું જાળું બંધાઈ ગયું હતું. તે મૂંગી નિષ્પલક આંખોમાંથી વેદનાની તીવ્ર વીજળી ઝબૂકતી હતી. તે નિર્દોષ આંખો જાણે કે કહેતી હતી :

હાથોમેં હૈ રાખી... લેકીન કલાઈ કહાં હૈ... ને મારા સ્મૃતિપટ પર અનેક દૃશ્યોની હારમાળા દોડી ગઈ... લોકો નાસભાગ કરી રહ્યા છે. ચારે બાજુ રોકકળ થઈ રહી છે. પ્રજાએ પોતાની માગણીઓ રજૂ કરવા પોતાની હાલાકીને વાચા આપવા સરઘસ કાઢ્યું છે. સરકારી દમનનો કોરડો વીંઝાય છે. લોકોનાં ટોળાં પર ઘોડા દોડે છે. ગોળીઓનો વરસાદ વરસે છે. ટીયરગેસના ટેટા વાતાવરણને ધૂંધળું કરી મૂકે છે. લોકોનાં ટોળાં અસ્તવ્યસ્ત થઈ જાય છે. શિસ્ત હવામાં ઓગળી જાય છે ને એક એવી જ ગોઝારી ગોળી એક નવયુવાનનું મસ્તક છેદીને આરપાર નીકળી જાય છે. ખોપરીનું કાચલું હવામાં ફંગોળાય છે...ને મારા મહોલ્લામાં ભય અને આતંકનું વાતાવરણ છવાય છે. સાંજે પેલા યુવાનની લાશ લઈને પોલિસવાન આવે છે; કારણ કે ખિસ્સામાંની ડાયરીમાં બધી જ વિગત છે. ન્યાય માટે લડવા ગયેલો આશાદીપ-શો ખમીરવંતો યુવાન ખપી ગયો. આખીયે શેરી શોક અને ઉદાસીને ઓઢીને શ્વસે છે. જીવે છે મરવાને વાંકે... એ જ શહીદની યાદ... એનાં સંસ્મરણો પેલી આંખનાં મોતીમાં તરવરતાં મને દેખાય છે. એક બેનડી ભાઈ વિનાની બેનડી, પાણી વિનાની વાવડી, પર્ણ વિનાની વેલડી... ભાઈના સ્નેહ માટે તલસી રહી છે, હાથમાં રાખી છે. પણ ક્યા ભાઈને કાંડે તે બાંધે - એ મૂંઝવણ તેના હૈયાને ડંસી રહી છે. તેનાથી એક આછું ડૂસકું નંખાઈ જાય છે.... ને આકાશમાં કાળાં નિબીડ વાદળો તરફ જોતી તે ગણગણે છે : ભાઈલા શરદ... આજે તું હોત તો ? મારો આ દિવસે કેવો આનંદભર્યો, ઉત્સાહઘેલો, ભ્રાત-ભગિના સ્નેહના પમરાટથી મઘમઘતો બની ગયો હતો... પણ છે તું ? બોલ તો ખરો ?... આવું કાંઈક તે બબડી રહી...

મારામાં રહેલો ભાઈ સળવળ્યો. મારાથી આ સહન ન થયું - મારી આંખો આ દૃશ્ય લાંબો વખત સહન ન કરી શકી અને પગોએ ગતિ કરી દાદરો ચઢીને હું ક્યારે તેની પાસે પહોંચી ગયો તેનો મને કશો જ ખ્યાલ ન રહ્યો. ને મારી જીભ બોલી ઊઠી:

"ઊર્મિ... આ રહ્યો તારો ભાઈ શ...ર...દ."

મારી સામે જોતાં જ વળી તેનાથી એક ડૂસકું મૂકાઈ ગયું...

"ગાંડી, એમ તે દુ:ખી થયે ચાલે, જેમાં આપણો

કશો જ ઉપાય નથી... લે, મારા હાથે તારી રાખડી બાંધી દે, હું તારો ભાઈ જ છું ને !"

ઊર્મિના હૈયા પર મારા શબ્દોથી શાતાની વર્ષા થઈ. પેલાં આંસુ મેં મારા રૂમાલથી લૂછી નાખ્યાં. તેણે બે હાથમાં રાખી લઈને મારા સામે જોયું. તેના ચહેરા પરનો નિર્દોષ ભગિનીસ્નેહ અનુપમ ક્રાંતિ ધારણ કરી રહ્યો.

મેં જમણો હાથ લંબાવ્યો. તેણે સ્નેહ-નીતરતી આંખે કાંડા તરફ જોઈને પેલી રક્ષા બાધી દીધી. સ્નેહનું કોઈ અનોખું, અપૂર્વ બંધન મમતા અને માયાને એકરૂપ કરી રહ્યું.

ઊર્મિએ પાલવનો છેડો હાથમાં લઈને પેલું આંસુનું જાળું દૂર કર્યું. તે ઘરમાં ગઈ અને મોં મીઠું કરવા મીઠાઈ લઈ આવી... એક ટુકડો મારા મોંમાં મૂક્યો ને બીજો ટુકડો મેં તેના મોંમાં મૂક્યો. હર્ષ અને શોકમિશ્રિત રેખાઓ તેના ચહેરા પર ઊપસી આવી. એક સાચો ભાઈ સ્નેહ અને વત્સલતાથી ઉભરાતો વીરો તેની પાસે ઊભો હતો. દુનિયાનો કોઈ અનેરો ખજાનો તેને આજે મળ્યો હતો. રેડિયોમાંથી એક પંક્તિ વહેતી હતી:

એક વીરો હતો, વીરો હતો.
તેની બેનીની વાટ જોઈ બેઠો
એક વીરો હતો.

પરાયાં આંસુ, કોઈના દર્દનાં, કોઈનો અભાવો, કોઈના હૈયાનો પરિતાપ, કોઈની ઊની લાય પર શીતળ માયા, સ્નેહ કે હેતનાં અમીછાંટણાં કરવા કરતાં આ જગતમાં બીજું કયું મોટું પર્વ હશે ! ***એક વીરાવિહોણી બેનડીના વીરાના ઓરતા પૂરા કરવાનું પુણ્ય આ જગતમાં જેને મળે તેના ભાગ્યને કયા શબ્દોમાં મઢીને જગત સમક્ષ મૂકવું ! આવી ધન્ય ક્ષણનું નામ જ જીવન હશે !***

★ ★ ★

## ધૈર્યનું જીવનમાં અમૂલ્ય સ્થાન...

....✍ : સુ.શ્રી કિરણબેન એન. શાહ

***પ્રત્યેક માનવીએ ગમે તેટલું દુ:ખ પડે છતાં પોતાની વ્યથાને હૃદયમાં છુપાવીને મોં પર તો ધૈર્ય, શાંતિ અને સ્વસ્થતા જાળવવી જોઈએ.***

પતિ અને પત્ની એક ગાડાના બે બળદ જેવાં છે, કે રથનાં બે પૈડાં જેવાં છે. આમાંથી એક ખોટકાય તો સંસારનું ગાડું કે જીવનનો રથ અધવચ્ચે જ અટકી પડે. **સહજીવન જીવવા માટે સહનશીલતા, સમાધાનવૃત્તિ, પરસ્પરને સમજવા માટેની તત્પરતા, એકબીજાને અનુકૂળ થઈ જવાની વૃત્તિ ખૂબ જરૂરી છે. આ બધા ગુણો જો માનવી ન કેળવે તો જીવન દુ:ખનો દરિયો બની જાય.**

એકબીજાને અનુકૂળ થવાની તૈયારી ન હોય તો પતિ-પત્ની વચ્ચે દ્વંદ્વ ઉત્પન્ન થાય છે. બાળપણમાં પતિ-પત્ની બંને ભિન્ન ભિન્ન વાતાવરણમાં ઉછર્યા હોય, બંનેના સંસ્કારો, રુચિ, આદતો જુદાં હોય, બંનેના જીવનમૂલ્યો પણ જુદા હોય ત્યારે પરસ્પરનાં વ્યવહારમાં દ્વંદ્વ ઉત્પન્ન થાય છે. એક શાંત હોય, બીજાને બહુ બોલવું ગમતું હોય, એકને એકાંત પસંદ હોય, બીજાને લોકો ભેગા થાય તે બહુ ગમતું હોય. બંનેએ જીવન સારી રીતે જીવવું હોય તો એકબીજાના સ્વભાવને અનુકૂળ થવું જ પડે.

તુકારામની પત્ની કર્કશા હતી. છતાં તેઓ અનુકૂળ થઈને રહેતા. પતિ-પત્નીમાં મતભેદ પડે ને અનુકૂળતા એકબીજાને ન થાય તો મતભેદ આગળ વધતાં ઘરમાં ઝગડાનું વાતાવરણ સર્જાય. વૈવાહિક જીવન ખતરામાં

મુકાઈ જાય. વૈવાહિક જીવન તો ઉપવન જેવું હોવું જોઈએ. જેમાંથી શાંતિ, સુખનો જ અનુભવ થાય. **ઘરનું વાતાવરણ એવું સુંદર, મનોહર હોવું જોઈએ કે પ્રભુને પણ પધારવાની ઈચ્છા થાય.** ઘરને નંદાલય જેવું બનાવવું જોઈએ.

પતિ-પત્ની બંને જીવનસફરનાં સહયાત્રી છે. એમણે જીવનની સુખદ યાત્રા કરતાં પ્રભુનાં ચરણો સુધી પહોંચવાનું છે. માનવનું અંતિમ ધ્યેય તો પ્રભુનાં ચરણ સુધી પહોંચવાનું જ હોવું જોઈએ. તેથી પતિ-પત્ની વચ્ચે ઝગડો થાય તો અનુકૂળ બની સહન કરવાની તૈયારી રાખવી જોઈએ. સ્ત્રી એ ત્યાગની મૂર્તિ ગણાય છે. સ્ત્રીએ જીવનમાં ત્યાગની ભાવના રાખવી જોઈએ.

રામાયણના પાત્રોમાં સીતા અને ઊર્મિલાની સરખામણી કરો. સીતાજીના ત્યાગની આપણે પ્રસંશા કરીએ છીએ. પણ ઊર્મિલાનો ત્યાગ પણ કંઈ ઓછો નથી. *સીતાનો ત્યાગ છે જ્યારે ઊર્મિલાનું તો સમર્પણ છે. સીતાજીએ જે સહન કર્યું તે બધાએ જોયું, પણ ઊર્મિલાએ જે સહન કર્યું એ ક્યાંય દેખાતું નથી.* ઊર્મિલાએ દૂરથી પોતાના પતિને વનમાં પહેરવાનાં વસ્ત્રોમાં સજ્જ થઈને, ધનુષબાણ લઈને આવતો જોયો. આ દશ્ય જોતાં જ તેના માથે જાણે વજ્રાઘાત થયો. તેનું હૃદય વેદનાથી ચિરાઈ ગયું. હિંમત એકઠી કરી પોતાના સ્વામીને સત્કારવા દરવાજો પકડીને ઊભી રહી.

લક્ષ્મણે કહ્યું, "મોટાભાઈ વનવાસમાં કષ્ટો વેઠે અને પોતે સુખથી મહેલમાં રહે તે મને યોગ્ય લાગતું નથી. વિષમ પરિસ્થિતિમાં શ્રીરામને સહાયરૂપ થવું એ નાનાભાઈ તરીકે મારું કર્તવ્ય છે. એ કર્તવ્યના પાલન માટે મેં શ્રીરામની સેવામાં તેમની સાથે વનમાં જવાનો નિર્ણય કર્યો છે. "વનમાં જવાની પતિની વાત ઊર્મિલાને સાપના દંશ જેવી લાગી, તેનું આખું શરીર ફિક્કું પડી ગયું, તેનું ચિત્ત સૂનમૂન થઈ ગયું.

ઊર્મિલાએ કહ્યું, "કર્તવ્યપાલન માટે વનમાં જવાના તમારા ઉમદા નિર્ણયમાં હું અવરોધરૂપ નહીં બનું. મારી વ્યથા વર્ણવીને હું તમારા હૃદને વધારે દુ:ખ નહીં પહોંચાડું. વિયોગનું દુ:ખ હું સહન કરીશ." સ્વાર્થપરાયણ મનુષ્ય કદી આવો ઉચ્ચત્યાગ કરી શકે નહીં. જરાપણ અહમભાવ વિના આવો મહાનત્યાગ કરીને ઊર્મિલા એક દેવી જેવી સિદ્ધ થઈ. તેના પતિ લક્ષ્મણે, **"દિવ્ય દેવી તરીકે તું સર્વથા સિદ્ધ થઈ"** એ શબ્દો દ્વારા ઊર્મિલાની આ મહાનતાને યોગ્ય રીતે બિરદાવી છે.

ઊર્મિલાના દૃષ્ટાંત દ્વારા પ્રત્યેક માનવીએ પોતાની વ્યથાને હૃદયમાં છુપાવી રાખવી જોઈએ. દુ:ખ સહન કરવું જોઈએ. ત્યાગની ભાવના રાખવી જોઈએ. ગમે તેટલું દુ:ખ પડે પણ હસતા મોંઢે સહન કરવું જોઈએ. મુખ પર ધૈર્ય, શાંતિ અને સ્વસ્થતા જાળવવી જોઈએ. પ્રભુ પર વિશ્વાસ રાખવો. **ધૈર્ય રાખશો તો પ્રભુ ચોક્કસ મદદરૂપ થશે જ.**

ઊર્મિલાનું મૌન કરેલો મોટો ત્યાગ છે. આવો ત્યાગ પ્રત્યેક કુટુંબમાં વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે મળે તો ઘરનું વાતાવરણ કેવું સુંદર બની રહે ! 'આક્રમં સહેત્' આક્રમણ સહન કરો. અનિચ્છાથી સહેવું પડતું અન્યનું વર્તન તે આક્રમણ છે. ***જે વર્તનની અપેક્ષા કદી પણ ન રાખી હોય તેવું વર્તન કરવામાં આવે તો પણ તેને સહન કરવું જોઈએ.***

(-ક્રમશ:)

★ ★ ★

# પરામ્બા વિલાસ

લેખાંક : ૬

**મૂળ લેખક : ....✍ : શ્રી ચૂનીભાઈ ભટ્ટ**

**પ્રસ્તુતિ : ....✍ : શ્રી આત્મારામ ભારદ્વાજ**

(પરમ આદરણિય મહોદયશ્રી ચૂનીભાઈ ભટ્ટ દ્વારા પ્રકાશિત 'પરામ્બા વિલાસ' નામના ગ્રંથમાંથી શ્રીવિદ્યા ઉપાસકોના લાભાર્થે સાભાર પ્રસ્તુત કરેલ છે.)

**ધર્મનો ધોરી માર્ગ :**

સાધના દ્વારા આવરણો દૂર થાય છે; એટલે કે, ઈશ્વર માર્ગમાં રહેલા કાંટા, કાંકરા, કે તેવા અન્ય અવરોધો દૂર થતાં સાધક આગળ વધવાનો રાજમાર્ગ જોઈ શકે છે, અને તે વિદ્યા તેને માર્ગનાં અનેક સંકટોમાંથી બચાવશે, તેને ખાત્રી થાય છે કે હવે મારે આ માર્ગમાં ઠોકરો ખાવાની નથી. મને સિમેન્ટ રોડ મળી ગયો છે, અને એ માર્ગ મને આગળ વધારી શકે છે. સંસાર-**સમુદ્ર તરવામાં તેને આ સાધનામાર્ગ ઉપયોગી બનશે અને તેથી તારનારી આ પ્રક્રિયા ક્રિયાપદ્ધતિ-તંત્ર પણ કહેવામાં આવે છે. તંત્ર એટલે તારનારી શક્તિ. એમ સરળ અર્થ લઈ શકાય.**

આ માર્ગ સાધકને ઉન્નતિને રસ્તે લઈ જાય છે. કણાદમુનિ એક સ્થળે કહે છે કે, ***"જે ઉન્નતિને રસ્તે લઈ જાય અને જે સિદ્ધિ આપે તે ધર્મ છે."*** આ સાધનામાર્ગ, આ તંત્રમાર્ગ આ કાર્ય કરી આપનાર હોવાથી, તેને આપણે ધર્મમાર્ગ કે ધર્મ કહી શકીએ. એટલે **શ્રીવિદ્યાનું તંત્રશાસ્ત્ર તે ધર્મનો ધોરી માર્ગ છે.**

**નિગમ :**

રસ્તો બાંધનાર કોઈ ઈજનેર હોય છે. તો આ પ્રભુનો માર્ગ તો મહાન ઈજનેરોએ બાંધી આપ્યો છે તેની ખાતરી થાય છે. મહાન ઈજનેર વગર આ એકેય થાંભલા વગર આ સૂર્યનો રથ આકાશે સદા ગતિશીલ રહી શકે છે; તે શું આશ્ચર્ય નથી? આવાં **આશ્ચર્ય સર્જનાર ધર્મમાર્ગ-ઈશ્વર પ્રાપ્તિના રસ્તાની ઈજનેરી વિદ્યાનું મૂળ નામ નિગમ છે.** તે શક્તિને પરામ્બા, પરમેશ્વરી, મહામાયા કે જે નામ આપીએ, તેમાં શક્તિ પડી છે. તે વિદ્યાનું મૂળ છે. નિગમમાં બધી વિદ્યાઓનાં મૂળ છે. બધી વિદ્યાશાખા-પ્રશાખાનાં મૂળ તેમાં મળે. જેમ એક કલ્પવૃક્ષમાં બધું સંભવે અને માગીએ તે મળી શકે તેમ; આ નિગમ વિદ્યા સર્વ વિદ્યાઓનું કેન્દ્ર છે; તેથી આપણે વિચારીએ છીએ તે ધર્મના ધોરીમાર્ગનું કેન્દ્ર પણ આ નિગમ વિદ્યા કે ઈશ્વર જ છે.★★★★

કોઈ ઋષિ કે કોઈ વિભૂતિ દ્વારા અથવા કોઈ સંત દ્વારા પોતાના નિગમદર્શનનો અનુભવ જ્યારે મનોમંથનના નવનીતરૂપે પ્રગટ થાય ત્યારે તે આગમ કહેવાય. એટલે **શ્રીવિદ્યા પણ એક આગમ વિદ્યા છે ને તેનું મૂળ નિગમમાં છે.**

બધા આગમનો સંબંધનો - મૂળ તો નિગમમાં જ હોવાથી આગમ અને નિગમને વિરોધી ન ગણાય, કિંતુ તેનો વિચાર ગણાય. વેદ અને આગમનું લક્ષ્ય એક જ છે અને તે બ્રહ્મની ઓળખ આપવી.

બધું જ્ઞાન પરમ કલ્યાણકારી શક્તિમાં પડયું છે, તે નિગમ વિદ્યા, શિવવિદ્યા, કે કલ્યાણકારી વિદ્યા છે. તેથી તેને માહેશ્વરી શક્તિ પણ કહે છે. અને તેથી કહેવાયું છે કે, "ज्ञानं महेश्वरादिच्छेत्" મહાશક્તિમાંથી વિવિધ આગમો નિષ્પન્ન થયાં, અને ઋષિઓએ પોતાની ચેતના દ્વારા જે દર્શન કર્યું અને કાન અને આત્માનો સીધો સંબંધ હોવાથી તે દર્શન પછી પોતાના પ્રશ્નોનું જે માનસિક સમાધાન સાંભળ્યું; તે શ્રવણ, તે તે ઋષિઓએ મહાસાધનાના પ્રસાદરૂપે આપ્યું અને એ જ્ઞાન આપનારા એ મંત્રદષ્ટા ઉપરથી એ આગમવિદ્યાના અનેક ભેદ-પ્રભેદ પણ પડતા ગયા.

બધી આગમવિદ્યાનું મૂળ જેમ એક મહાશક્તિ છે; તેમ તેનું ધ્યેય, લક્ષ્ય કે ચરમબિંદુ પણ એકજ છે અને તે ઈશ્વરપ્રાપ્તિ. તમામ આગમ આ રીતે સામાન્ય મોક્ષમાર્ગના રસ્તારૂપે છે. તે બ્રહ્મવિદ્યોપાસના છે.★★★

વૈખરીના શબ્દો અને શબ્દોનાં વર્ણોનો ઉપયોગ

અને છેદન-ભેદન કરીને વાણીનું શાસ્ત્ર એ વિજ્ઞાન રચી આપે છે, પરંતુ તે માત્ર વૈખરીના શબ્દોને ભાવો વ્યક્ત કરી ભાષાને સંસ્કારે છે. પરંતુ આગમશાસ્ત્ર એ શબ્દ માટે કુંડલિની શક્તિમાંથી આવતી બાકી રહેલી પરા, પશ્યંતી, અને મધ્યમા શક્તિઓ કે જે મહાપ્રાણરૂપે આવી કુંડલિની શક્તિના અગ્નિતત્ત્વમાંથી કે બ્રહ્મશક્તિમાંના અગ્નિત્ત્વમાંથી આવતી તે પરાદિ ત્રણ અવસ્થાનું વિજ્ઞાન સમજાવી બાકી રહેતી ત્રણ સૂક્ષ્માવસ્થાને વ્યક્ત કરીને અક્ષરબ્રહ્મનું અવ્યક્ત સ્વરૂપ સ્પષ્ટ કરવામાં સહાયક બને છે.

'निगम कल्पतरोर्गलितं फलं' ની ભાવના બધા વિષયોમાં આર્યોએ આચરણમાં ઉતારી પોતાની સાધનાનો નિચોડ આપીને આગમશાસ્ત્રમાં પોતાનો અનુભવનિચોડ આપે છે, ને પોતાનું અનોખું વ્યક્તિત્વ તેમાં ઉમેર્યું છે.★★★★

**યુગેયુગે બ્રહ્મવિજ્ઞાન** : વિમલાનંદ સ્વામીના મતથી દરેક યુગમાં આવા આગમતંત્રોનું બ્રહ્મજ્ઞાન પ્રગટ થયું છે ને વિસ્તર્યું છે.

**સત્યયુગ** : આ વિદ્યા ઉમા-હેમાવતી દ્વારા ઈંદ્રાદિ દેવો દ્વારા પ્રગટ થઈ તથા અંભૃણ મુનિની પુત્રીના વાક્સૂત્રો દ્વારા આ વિદ્યા પ્રગટ થઈ.

**ત્રેતાયુગ** : આ યુગમાં પશુયજ્ઞો વધ્યા ત્યારે તે યજ્ઞો બ્રહ્મવિદ્યાથી દૂર જતા હોવાથી વસિષ્ઠ, વિશ્વામિત્ર, જનક અને પરશુરામે પોતપોતાની રીતે બ્રહ્મજ્ઞાનનું તંત્ર વિકસાવીને સમાજને બ્રહ્મનિષ્ઠ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**દ્વાપરયુગ** : આ યુગમાં હવિ આપવાનો પણ અતિરેક થયો હતો. ને તે અટકાવવા સાચું બ્રહ્મજ્ઞાન શ્રીકૃષ્ણે વિકસાવ્યું. ગીતા, રાધાતંત્ર, દેવી ભાગવત, મહાભારતમાં અનુશાસન પર્વ, વિરાટ પર્વમાં બ્રહ્મજ્ઞાન અને તંત્રવિદ્યા એકરૂપ બનીને રજૂઆત પામ્યાં છે.

**કલિયુગ** : આ યુગમાં પણ આ વિદ્યા ટકી રહી છે. તે વિદ્યા વેદનાં રહસ્યો સાથે તાણાવાણા જેમ વણાઈ છે. તે રહસ્ય જો કે ઝાંખું થતું જાય છે ને તે માટે તે રહસ્યોદ્દઘાટન કરીને સરહસ્ય આગમતંત્ર સમાજ પાસે રજૂ થઈ રહ્યું છે અને પોતપોતાના મત કે ઉપાસના પદ્ધતિ પ્રમાણે વિવિધ તંત્રો જે કરી રહ્યાં છે તે હવે બહાર આવતાં જાય છે. વેદશ્રુતિ બે પ્રકારની છે. એક વેદ અને બીજું આગમ. એટલે આગમગ્રંથો વેદગ્રંથો જેટલા જ મૂલ્યવાન છે તેમ હરિતઋષિની વાત મનુસ્મૃતિની ટીકામાં લખે છે. **'કુલાર્ણવતંત્ર' આચાર માટે સૂચવે છે કે, સત્યયુગમાં વેદ પ્રમાણે, ત્રેતા યુગમાં સ્મૃતિ પ્રમાણે, દ્વાપરયુગમાં પુરાણો પ્રમાણે અને કલિયુગમાં આગમ અનુસાર આચરણ કરવું જોઈએ.**

આ આગમોનો હેતુ ઈશ્વરદર્શન છે. પણ દેવ તથા ઉપાસના ભેદને કારણે તેના પ્રકારો પડયા છે. તેમાં મુખ્ય ભેદો નીચે પ્રમાણે છે.

(ક) ઉપાસનાભેદ, (ખ) આમ્નાય (દિશા) ભેદ, (ગ) દેવભેદ, (ઘ) ઋષિભેદ, (ચ) ભાવભેદ, અને (છ) આચારભેદ.

આ રીતે આગમોના મુખ્ય છ ભેદ ગણી શકાય. તે પ્રત્યેક પ્રકારની વાત આપણે સમજીએ.

**(ક) ઉપાસના ભેદ :**

આ આગમો ઈશ્વર સાધનાનાં અને દુન્યવી સંકટ હરવાનાં આગમો છે. તેમાં ત્રણ ભેદ પડી શકે જ નીચે આપીએ. શુદ્ધાગમ અને દુન્યવી લાભનાં આગમો. એમાં પહેલો પ્રકાર યોગ સાથે સંબંધિત છે, જ્યારે *દુન્યવી લાભનાં આગમોને યોગ સાથે લગભગ સંબંધ નથી. તે છે યામલ અને ડામર.*

**શુદ્ધાગમ** : યોગ સાથેના સંબંધવાળાં શુદ્ધાગમમાં માત્ર સાધક યોગસાધના અને મંત્રરટણ કરે છે. તેમાં મંત્રરટણ પણ માનસિક સ્તર ઉપર વિશેષ આધાર રાખે છે. **હઠયોગ, લયયોગ, રાજયોગ, મંત્રયોગ વગેરે યોગના બધા પ્રકારો ઈશ્વરનો યોગ કરાવવા માટે હોઈ, તેને લગતા બધા મંત્રો અને બધાં પુસ્તકો એ આ શુદ્ધાગમ વિદ્યામાં આવે.**

**યામલ :** યોગ સંબંધિત બીજા પ્રકારનાં આગમોને આપણે યામલ આગમ કહી શકીએ. તેમાં આસન વગેરે યોગસિદ્ધિ આવશ્યક છે જ. પણ એ સાધના પ્રાયઃ રાત્રે થાય છે. અને તેથી જ તે તંત્રને યામલ તંત્ર ગણાયાં એવો એક મત છે.

**ડામર :** ઉપાસના રૂપના ત્રીજા પ્રકારનાં આગમોને ડામર વિભાગ ગણી શકાય. તેમાં ઉપાસના તો ખૂબ કરવી પડે છે. પણ તેમાં **આત્મોન્નતિ કરતાં દુન્યવી લાભો મેળવવાની વાતો વિશેષ હોય છે.** તેમાં ક્યારેક તો અન્યને પરેશાન કરવાની ઈચ્છા પણ મહત્ત્વનું કામ કરતી હોય છે. દેશરક્ષા, સૈનિકરક્ષા, દુશ્મનસંહાર વગેરે માટે અથર્વવેદે પણ આવી વિદ્યા ઉપર મહોર મારી હોઈ, તે વિદ્યાની આપણે ઉપેક્ષા તો ન કરી શકીએ. મારણ મોહન, ઉચ્ચાટન, વશીકરણ, સંમોહન વગેરે વિદ્યાઓ આ ડામર વિભાગમાં આવે.

ઉપાસનાભેદે આગમોના આ રીતે ભાગ પાડ્યા તેને કોષ્ટક રીતે આ પ્રમાણે મૂકી શકાય.

**ઉપાસના આગમ**

↓ **મુખ્યત્વે દુન્યવી લાભનો આગમ** → ↓ ડામર

↓ **યોગ સંબંધી** → ↓ યામલ, ↓ **શુદ્ધ ચૈતન્ય પ્રકાર**

**(ખ) આમ્નાય :**

શબ્દાર્થ - સંસ્કૃત સાહિત્યમાં તે શબ્દ અનેક રીતે વપરાતો આવ્યો છે.

- "छंदपुषक" એમ ઐતરેય આરણ્યક ૩/૨/૩માંથી ફલિત થાય છે.
- જૈમિની સૂત્ર ૧/૨/૧ માં "आम्नाय क्रियार्थत्वात्" એમ કહે છે.
- "अक्षर आम्नाय अधिगम्य महेश्वरात्" એમ પણ એક મત છે.
- અમરકોષ શ્રુતિ, સ્ત્રી, વેદ વગેરે માટે આમ્નાય શબ્દ વાપરે છે.
- હેમચંદ્ર 'આમ્નાય, કુલ આગમે ઉપદેશે ચ' કહીને કુલ, આગમ અને ઉપદેશવાચક શબ્દને આમ્નાય સૂચવ્યો છે.
- સ્મૃતિ અને તંત્ર શબ્દો પણ આમ્નાય સૂચક છે, એમ રઘુવંશ સૂચવે છે.
- મહાભારત શાંતિપર્વ અધ્યાય ૨૬૧ आम्नाय वचनं सत्यमित्याहुं लोकसंग्रहः आम्नायेभ्यः पुनर्वेदाः प्रसुतः सर्वतोमुखाः ।
- સૌંદર્યલહરીમાં વળી નવી જ રીતે આમ્નાય શબ્દ વપરાયો છે. प्रपंचं सोचंती पुनरपि रसाम्नाय महसः ।

આ રીતે આમ્નાય શબ્દના સંસ્કૃત સાહિત્યમાં અનેક અર્થો થાય છે. आम्नायते अभ्यसत - आम्नाय धर्मोधर्मो उपदिशति - એ આમ્નાય એટલે સારો અભ્યાસ. સારો પાઠ, સારી રીતનો ધર્મોપદેશ એ આમ્નાય ગણાય. આગમ માટે કે તંત્ર માટે વિવિધ રીતે તે શબ્દ વાપરી શકાય છે.

ભૈરવતંત્ર આમ્નાય ચાર દિશા અને નિરુત્તર તંત્ર પ્રમાણે પાંચ આમ્નાય સૂચવે છે.

કુલાર્ણવ તંત્ર પણ પંચાનન શિવનાં પાંચ મુખમાંથી ચાર દિશાના ચાર અને ઊર્ધ્વામ્નાય મળી પાંચ આમ્નાય કહે છે. **પરશુરામ કલ્પસૂત્ર પણ પાંચ આમ્નાય કહે છે.**

અભિનવગુપ્ત 'તંત્રસાર'માં પાંચ આમ્નાય સ્વીકારે છે. પરંતુ સમયાચાર તંત્રના બીજા પટલમાં એક "अधःआम्नायः" વધારીને છ આમ્નાય કહ્યા છે.

નાથ સંપ્રદાયને વૈદિક તાંત્રિક ગ્રંથ ગણનામાં પણ છ આમ્નાય ગણવામાં આવે છે.

પરમેશ્વરે પાંચ મુખે વર્ણવ્યા હોવાથી પાંચ આમ્નાય વધારે યોગ્ય ગણી શકાય.

★ પૂર્વમુખી પૂવામ્નાય ૨૪ સિદ્ધાંતોવાળો પૂજાસૃષ્ટિમાર્ગ **યોગમાર્ગરૂપ** છે.

★ દક્ષિણમુખી દક્ષિણામ્નાય ૨૫ સિદ્ધાંતવાળો

પૂજાસ્થિતિને **ભક્તિમાર્ગ** સૂચક છે.

★ પશ્ચિમમુખી પશ્ચિમામ્નાય ૩૨ સિદ્ધાંતેવાળો પૂજા સંહારક્રમે **કર્મમાર્ગ** સૂચક છે.

★ ઉત્તરમુખી ઉત્તરામ્નાય ૩૬ સિદ્ધાંતોવાળો ઈશકૃપા અને **જ્ઞાનમાર્ગ** સૂચવે છે.

★ સર્વતોમુખી ઊર્ધ્વમુખામ્નાય-પૂર્ણબ્રહ્મ **રહસ્યપૂર્ણ** ઉપદેશ છે.

★ અધઃ આમ્નાય - એ દંડો ગણાયા છે.

શંકરાચાર્યે આ માટે આમ્નાય જ્ઞાનનો વિસ્તાર કરી જુદી જુદી પીઠ સ્થાપી.

(૧) પશ્ચિમે - શારદાપીઠ, દ્વારકામાં, (૨) પૂર્વમાં ગોવર્ધન પીઠ, જગન્નાથમાં, (૩) ઉત્તરે - જ્યોતિષ્માન પીઠ, જોશીમઠમાં, (૪) દક્ષિણે - શૃંગેરી પીઠ, શૃંગેરીમાં, (૫) ઊર્ધ્વ - સુમેરુમઠ, સુમેરુ પર્વત (માન સરોવર), અને (૬) "સ્વાત્મા" આમ્નાયનો પરમાત્મા પોતે મઠ ગણી શકાય. આમ્નાય અંગે આપણે અલગ થોડીક વાત અહીં કરીશું.★★★★

**મુખાદિ આગમ (આમ્નાય):** (ભટ્ટારક વિદ્યા, આમ્નાય વિદ્યા.)

જ્ઞાન મૂલક શિવતત્ત્વે પોતાના જ મુખે જે વિદ્યા કહી તે મૂખની દિશા ઉપરથી પણ આ આગમો ઓળખાય છે એટલે શિવના મુખ પ્રમાણે આગમોના ભાગ પડી જાય છે.

એક વાત આપણે સમજી લઈએ કે દિશા ઉપરથી જે વિદ્યા થઈ તેને મુખ્યત્વે આમ્નાય કહે છે. એટલે **આમ્નાય એ આગમ-વિદ્યાનો પર્યાય ગણી શકાય.** દા.ત. પૂર્વામ્નાય એટલે પંચવક્ત્ર શિવના પૂર્વ તરફના મુખ દ્વારા જે વિદ્યા પ્રગટ થઈ તે. એટલે પૂર્વ તરફના મુખની તે વિદ્યા પૂવામ્નાય બની. તેને બદલે પૂર્વાગમ કહેવાય એ રીતે, પશ્ચિમાગમ, દક્ષિણાગમ, કે પૂર્વામ્નાય, દક્ષિણામ્નાય એમ પણ નામ પાડી શકાય.

પરમ તત્ત્વના કલ્યાણકારી રૂપને શિવ કહીએ તો તે શિવતત્ત્વનું કમનીય રૂપ સમસ્ત બ્રહ્માંડનું સદા કલ્યાણ કરે છે, ને ભવરોગ હરે છે. **આ ભવરોગહારક શિવને ભટ્ટારક પણ કહે છે.** તે શબ્દમાં **ભ** એટલે ભવરોગહારક. **ટ** એટલે ચંદ્ર, જેના શિરે બીજનો ચંદ્ર છે. તે કલ્યાણકારક શિવ. **ર** એટલે રક્ષાકારક તત્ત્વ. **ક** એટલે અતિ સુંદર કમનીય સ્વરૂપ. *આ ચાર અક્ષરો ઉપરથી શિવનું આ નામ ભટ્ટારક પડયું. તેણે પંચવિદ્યા આપી હોવાથી તે પંચમુખી વિદ્યા, ભટ્ટારકી વિદ્યા, આમ્નાય વિદ્યા વગેરે નામે ઓળખાય છે.*

જે વિદ્યા જે મુખ દ્વારા નીકળી તેની સાધનાની વાયુસ્વરૂપ તેજોમય આકૃતિની દિવ્ય ઉપાસના આ આગમમાં વર્ણવવામાં આવે છે. તેથી તે તે મુખનું આગમ ગણાય ને તે પ્રકારનું મુખાદિ આગમ કહેવાય. જેમ કે **દક્ષિણમુખની મુખ્ય શક્તિ દક્ષિણ કાલિકા વિદ્યા છે. દક્ષિણ કાલિકા શક્તિની ઉપાસનાની અધ્યાત્મ વિદ્યાને દક્ષિણ કાલિકા વિદ્યા, આન્વિક્ષિકી વિદ્યા કે, દત્તાત્રેય વિદ્યા છે. કારણકે દક્ષિણાભિમુખની એ વિદ્યાનો પ્રથમ વિસ્તાર દત્તાત્રેયે કર્યો હતો ત્યાર પછી અલર્ક, પ્રહ્લાદ વગેરે આ દક્ષિણામ્નાય વિદ્યાના પ્રારંભના ઉપાસકો અને પ્રચારકો હતા.** આ કાલિકા શક્તિની વાત પેઠે બધી શક્તિની વાત થઈ શકે, પરંતુ આપણે અહીં માત્ર જે તે આગમ વિષે સંબંધ હોઈ તે પંચમુખી આગમો અને તે વિદ્યાનો સાર કોષ્ટકરૂપે જ મૂકીએ તો તે પર્યાપ્ત ગણાશે. છ આમ્નાયના સૃષ્ટિ, સ્થિતિ અને સંહાર ભેદ ગણાતાં કુલ અઢાર આમ્નાય બની શકે.

## આમ્નાય (આગમ) કોષ્ટક

| દિશા | વર્ણ | શિવસ્વરૂપ મુખ્ય નામ | આમ્નાય નામ | રૂપાકૃતિ | વિદ્યા ભેદ | વિદ્યાનામ |
|---|---|---|---|---|---|---|
| પૂર્વ | શ્યામ | તત્પુરુષ | પૂર્વામ્નાય | શબ્દરૂપ | શ્રીવિદ્યા(તમામ શ્રીવિદ્યા) તારા, ત્રિપુરા, ભુવનેશ્વરી, અન્નપૂર્ણા | ભાવવિદ્યા |
| પશ્ચિમ | સ્ફટિક શુકલવર્ણ | સદ્યોજાત | પશ્ચિમામ્નાય | પ્રશ્નરૂપ | પ્રત્યંગીરા, વાગ્વાદિની મહાસરસ્વતી | પશુભાવ સાથે વીરભાવ |
| ઉત્તર | પીળો વર્ણ | વામદેવ | ઉત્તરામ્નાય | ઉત્તરરૂપ | બધી કાલિ-વિદ્યા, તારા, છિન્ના, ભૈરવી, ધૂમાવતી. | વીરભાવ સાથે દિવ્યભાવ |
| દક્ષિણ | ઘેરો કાળો વર્ણ | અઘોર | દક્ષિણામ્નાય | કર્ણરૂપ | બગલામુખી, કાલભૈરવી, (વશિની) ધનદા, ત્વરિતા, મહાલક્ષ્મી, મહિષમર્દિની | પાશવભાવ |
| ઊર્ધ્વ | શ્યામ વર્ણ | ઈશાન | ઊર્ધ્વામ્નાય | બોધરૂપ કેવળ જ્ઞાનઅનુભવાત્મક જ્ઞાન | પરમાવિદ્યા, પરાવિદ્યા, પરા પ્રાસાદ વગેરે | દિવ્યભાવ |
| અધ: | - | વાગીશ્વર (કાલગ્નિરુદ્ર) | અનુત્તરામ્નાય | - | - | દિવ્યભાવ |

**આ બધામાં ઊર્ધ્વામ્નાય અતિ કઠિન માર્ગ છે.★★★★**

**તંત્ર સંબંધ** : આ આમ્નાયોના અઢાર ભેદના પ્રત્યેક પ્રકારમાં ચક્ર, મુદ્રા, દર્શન, સિદ્ધયોગિની અને ચક્રનાયિકા અલગ અલગ હોય છે. ને તેથી જે પદ્ધતિ સ્વીકારાય તે પદ્ધતિ મુજબ તે તે દેવદેવીની પૂજા થાય. ★★★★

આ રીતે આ દરેક આમ્નાયનો મૂલમંત્ર, ન્યાસ વગેરે પણ ભિન્ન ભિન્ન હોય છે.

- પંચદશી મૂલમંત્ર હોય તો, ત્યારે બાલાત્રિપુરસુંદરી ચક્રનાયિકા બને છે.
- ષોડશી મૂલમંત્ર હોય તો, ત્યારે પંચદશીદેવી ચક્રનાયિકા બને છે.★★★★

(-ક્રમશ:)

★★★

આજે આધ્યાત્મ માર્ગની સાધના અવળે માર્ગે ફંટાઈ ગઈ છે. કોઈ ધર્મને માત્ર જડ ક્રિયાકાંડમાં જ સીમિત કરે છે તો કોઈ ધર્મને પૈસો કે પ્રતિષ્ઠાનું સાધન ગણે છે. કોઈ સાધુ કીર્તિ પાછળ દોડે છે અને કોઈ સંસારી સિદ્ધિ પાછળ દોડે છે. આ દોટ લગાવનારાઓને માત્ર જીવનનો હાંફ જ ચડવાનો અને આધ્યાત્મનો આનંદ એનાથી સદાય અળગો જ રહેવાનો.

સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટનાં લખાણોમાંથી

# ડોકીયું ...

....✍ : શ્રી રતિલાલ મ. નાયક

અકારણ મનમાં ઉઠતા ભાવો, સજ્જન આત્મા માટે પીડાદાયક હોય છે. જેને મનોચિકિત્સકો એક પ્રકારનો ફોલિયા કહે છે. જેમાં પોતાના નજદીકના સગા, સંબંધી કે મિત્ર માટે પણ જ્યારે મનમાં ઊંડે ઊંડે દ્વેષભાવ જાગે. ઈર્ષા આવે ત્યારે સજ્જન આત્માને ખૂબ પીડા થાય છે, દુ:ખ લાગે છે. આ જગત દુ:ખદાયી ભાસે છે. જીવન વ્યર્થ જતું લાગે છે અને ત્યારે એક પ્રશ્ન ઉઠે છે.

શું જીંદગી ટૂંકાવી નાખવાથી આ બધું શમી જવાનું છે ? કાયમ માટે તેના ઉપર પૂર્ણવિરામ મૂકાઈ જવાનું છે ? જીવન ફક્ત આ જન્મ પુરતું જ નથી આવતા પુન:જન્મે પણ આ જ ઉલ્કાપાતો છે. માટે સજ્જન આત્મા જીવન-મૃત્યુથી મુક્તિ ઝંખે છે. **કાયમી શાંતિ....**

આ કાયમી શાંતિ મેળવવા મનુષ્ય ભૌતિક દુનિયામાં અથાગ પરિશ્રમો કરે છે. પરંતુ આ કાયમી શાંતિ ગણો કે મુક્તિ જે કહો તે, તેને મેળવવા બહાર ફાંફાં મારવાની જરૂર નથી. જરા સમજીને અંદરની તરફ ડોકીયું કરવાની છે.

કારણ કે સત્યને જોવું એ એક રોમાંચ છે. તેનું એક કિરણ પણ જો આપણા ઉપર પડી જાય તો જીવનના તમામ ભ્રમ દૂર થઈ જાય છે. જેમકે આજ સુધી અસત્યના સહારે કર્મો રૂપી એટલા ઢગલા ભેગા કર્યા છે કે પાછું-વાળીને જોવાની ફુરસદ મેળવી નથી. બસ અસત્યના અંધારામાં અહમ્ અને મોહની નગરી ઊભી કરી દીધી છે. પણ જ્યારે તેના ઉપર સત્યપ્રકાશનું એક કિરણ પડે છે ત્યારે અધર્મના અંધકારનો નાશ થાય છે. અને ફક્ત એક પ્રકાશકીરણથી આ ક્ષણભંગુર જીવનનો અંધકાર દૂર થાય છે. અને ત્યારે જે નજર સમક્ષ આવે તે સાચું જીવન. જીવનની સત્યતા ! તે વખતની પીડા, વેદના કે પશ્ચાતાપ મનને કકળાવે છે, કે આજ સુધી કરેલા તમામ પ્રયત્નો નિરર્થક મિથ્યા હતા. સોને સજાવેલી દુનિયાની કિંમત ધૂળ જેટલી પણ હવે નથી જણાતી **અને જ્યારે સોનાની કિંમત ધૂળ જેટલી જણાય ત્યારે દુ:ખ પીડા કોને ન થાય ?**

પરંતુ આ પીડા ભોગવ્યા સિવાય સત્યની ઓળખ શક્ય નથી. અને જે આ પીડા ભોગવવા તૈયાર છે તે જ સત્યના આનંદનો અધિકારી છે. અન્યથા નહીં.

**અહંકારી માનવને બોધ ગમતો નથી. અને દુ:ખ સિવાય બીજું કંઈ પ્રાપ્ત કરી શકતો નથી.** માટે જ તે પોતાની મનમાની ચલાવે છે. પોતાના વિચારોથી જ જીવે છે.

આ બોધ આપનાર વ્યક્તિ તે ગુરૂ કે જેને આ ગહન યાત્રા સંપૂર્ણ રીતે પૂરી કરી છે, તેની પરીક્ષામાં સફળ થયો છે. જેને આ બાબતની ઉપાધી પ્રાપ્ત કરી છે, જેને પોતાનો અંધકાર દૂર થતાં જોયો છે, પ્રકાશનું એક નૂતન કીરણથી થતા ઉજાસને જોયો છે, અનુભવ્યો છે, પ્રકાશનું પરિણામ જાણ્યું છે અને તેની વેદના પણ ભોગવી છે, તેથી જ તે તમને બોધ આપી શકે છે અને તેટલા માટે જ તે તમારા ભ્રમિત જીવનનો રાહબર બને છે. યોગ્ય સમયે સૂચન કરે છે, "રૂક જાવ યે રાસ્તા ગલત હૈ, સાવધાન. આમ આ સાવધાન કરનાર વ્યક્તિ તે જ ગુરુ.

અંધકારમાં આપણે સજાવેલા ઈન્દ્રધનુષી સ્વપ્નો એટલા નાજુક છે કે જરા સરખો આંચકો તેને ધરાશાયી કરી શકે છે. **આપણે કાગળની નાવમાં સમુદ્ર તરવા નીકળ્યા છીએ.** મનમાં ઘમંડ છે ત્યારે આવા માણસને કહેવામાં આવે કે જરી જોઈ વિચારીને ચાલ, તું જેમાં

મુસાફરી કરવા નિકળ્યો છે તે ફક્ત કાગળની નાવ છે તેની સલામતી કેટલી ?

એના કરતાં તું જે કિનારે ઊભો છે ત્યાં સલામત છે. આ કાગળની નાવ તને કેટલું તારશે ? અથવા પ્રથમથી જ તૈયારી કરી લે કે ડૂબશું તો જાતે તરી લેશું. પરંતુ તે માટે પણ તરતાં આવડવું જરૂરી છે જ. પરંતુ ઘમંડમાં ચકચૂર આદમી આ બોધ સાંભળવા તૈયાર નથી. તેને આ બોધ ગમતો નથી. તે માને છે કે જ્યાં સુધી નૌકા ડૂબી નથી ત્યાં સુધી તો સુખ છે ને. ડૂબશે ત્યારે જોયું જશે. વળી આ સંસારમાં આવા આપણે ક્યાં એકલા છીએ. ઘણાની કાગળની નૌકાઓ ચાલે છે અને ચાલી ગઈ છે. પછી આપણને ડર શો ?

આમ કોઈ પોતાની નાવ જોવા તૈયાર નથી. દરેક બીજાની નાવ જોઈ હસે છે. સામો કિનારો ક્યારે આવશે તેની રાહ જુએ છે. મનમાં અનેક સ્વપ્નો સમજાવે છે. આવા સમયે તેને સાચી યાદ અપાવનાર દુશ્મન જેવો લાગે છે. માટે જ ગુરૂજનો, સંતો આવા પામર પ્રાણીઓને સમય આપે છે કે સમયાનુસાર ક્યારેક તેને સત્ય સમજાઈ જશે અને આ બોધ આપવા માટે જે સમય આપણને આપે છે તે સમય એ જ સત્સંગ છે જે સમય પાકતાં માણસ બોધ લેવાને સક્ષમ બને છે.

**માણસ સત્સંગથી આત્મમંથન તરફ વળે છે.** હવે તેને પોતાની અંદર ડોકીયું કરવું ગમે છે. તે કોશિષ કરે છે અને તેનામાં પરિવર્તનની શરૂઆત થાય છે. અને તે ધાર્મિકતા તરફ પ્રયાણ કરે છે. આમ તે જેટલું અંદર જોવાનું જલ્દી શરૂ કરે છે તેટલું તેના લાભમાં છે. એક તો અંદર જોયા પછી અંધકારરૂપી જમા થતો કચરો તાત્કાલીક અટકાવી દેશે. જેથી કામ, ક્રોધ, મોહ, લોભ તરફ સચેત થતો જશે અને બીજી વાત કે જે અંદર પહેલાનો કચરો સ્હેજ પણ પડી રહ્યો છે તેની સાફસુફી શરૂ થઈ જશે. જે તેને નિર્મળ બનાવશે. આમ આ પીડાને ભોગવતાં શીખવું તે જ તપ છે. ભૂખ્યા રહેવું કે તડકામાં ઉભા રહેવું કે હસતાં ફરતાં પણ હાથમાં ગૌમુખીમાં માળા ભરાવીને ફરવું આ કાંઈ તપ નથી, આડંબર છે. આમ આ નિર્મળતા આવ્યા પછી જે વ્યક્તિ માટે અકારણ ઈર્ષા આવતી હતી, બહારથી શુભ આશીર્વાદ આવ્યા પછી મનમાં એવો ભાવ જાગતો કે તારૂં ખરાબ થજો તારૂં કદાપી સારૂં ન થજો, જે તમામ ઊંડાણના ભાવો પોતાની નજીકની વ્યક્તિ માટે પણ જાગતા હતા તે ઉપસી આવવાનું અને માનસિક રીતે વ્યગ્ર થવાનું જે કારણ હતું તે અચાનક બંધ થતું લાગશે. દૃષ્ટિ વિશાળ બનતી જશે. લાગણી અને પ્રેમ વધતો જશે. સજ્જતાના ગુણોના પરિણામો એક પછી એક બહાર આવતાં જશે. દયા, પ્રેમ, લાગણી, સત્ય, વિવેક એક પછી એક અમલમાં મુકાતાં જશે. ચહેરો ક્રાંતિમય થતો જશે જીવાત્મા આનંદીત રહેતો જણાશે.

શરીર ક્રાંતિમય દિવ્ય સ્વરૂપ ધારણ કરતું જણાશે. મનુષ્ય તરફથી દૈવી ગતિ પ્રાપ્ત થશે. બસ માત્ર સત્યનું એક કિરણ તમારા માટે પ્રકાશ પુંજ સાબિત થશે. પરંતુ તે માટે બોધ મેળવવો જરૂરી છે જેની ચાવી ગુરુચરણમાં છે. **આવો સદ્‌ગુરુ ચરણમાં પડી સત્યને પારખીએ.**

★ ★ ★

**" તરુ "**

વૃક્ષનાં અનેક નામનાં એક નામ તરુ છે. અમરકોષના ટીકાકાર ક્ષીરસ્વામી તેનો અર્થ નીચે પ્રમાણે આપે છે.

તરન્તિ આપદં અનેન ઈતિ તરૂઃ જેના વડે મનુષ્યો દુઃખો તરી જાય છે તેનું નામ તરૂ.

(સ્વ.શ્રી બાબુભાઈ જે. બારોટના લખાણોમાંથી)

# તંત્રમાં ઉપચાર પદ્ધતિ

લેખાંક : ૧૪

લેખિકા : સુ.શ્રી ડૉ. પ્રજ્ઞા શાહ
અનુવાદ : શ્રી પુરુષોત્તમ જોષી

## (બ) કુંડલિની શક્તિનું જાગૃતિકરણ :

### પ્રસ્તાવના

વિજ્ઞાનના આ યુગમાં જીવિત પદાર્થની સલામતી એ ઉકળતી સમસ્યા છે. માણસે લગભગ પ્રકૃતિના બધા ગુણો પર કાબૂ મેળવ્યો છે અને છતાંયે આપણે સદાયે ભયમાં જીવી રહ્યા છીએ. આમ કેમ ? એવો ક્યો નાનો સ્ક્રૂ ઢીલો છે જે વિશ્વના સમગ્ર યંત્રને કટોકટીની સ્થિતિમાં નાખી દે છે ?

મન અને શરીર તથા બુદ્ધિ અને લાગણી વચ્ચેનું અસંતુલન કે અસંવાદિતા સિવાય એ બીજું કંઈ નથી. આપણે ભૌતિકતા પાછળ આંધળી દોટ મૂકી રહ્યા છીએ. **અતૃપ્ત વાસનાઓ માણસની બુદ્ધિ તથા લાગણી વચ્ચે અસંતુલન પેદા કરી રહી છે જેનાથી માણસ અપ્રાકૃતિક રીતે વર્તી રહ્યો છે.** ટૂંકા સમયમાં વિશ્વના ઘણાખરા હિસ્સાનો વિનાશ કરી શકે એવા પ્રકારનાં શસ્ત્રો વિજ્ઞાને શોધી કાઢયાં છે. જેમની પાસે આ શસ્ત્રો છે તેઓ જો વિવેકબુદ્ધિપૂર્વક નહિ વિચારે (વિવેકબુદ્ધિ બુદ્ધિ અને લાગણીની સંવાદિતામાંથી ઉદ્દભવે છે) તો સમગ્ર માનવજાત માટે એ ખતરારૂપ બની શકે છે. શ્રી ગોપીકૃષ્ણના વિચાર પ્રમાણે સમગ્ર માનવજાત એક સુષુપ્ત જ્વાળામુખીની ટોચ પર ખતરનાક રીતે નિદ્રા લઈ રહી છે.

આ નાભિકીય શક્તિનો સુષુપ્ત જ્વાળામુખી ગમે ત્યારે ફાટી શકે છે. આ એવી શક્તિ છે કે જેનો ઉપયોગ રચનાત્મક કે વિનાશાત્મક એવા બન્ને હેતુ માટે થઈ શકે છે અને આનો આધાર માણસના માનસિક વલણ પર આધાર રાખે છે.

*અણુશક્તિની જેમ આપણું શરીર પણ નાભિકીય શક્તિ કરતાં પણ વધુ શક્તિશાળી ઊર્જાનું આશ્રયસ્થાન કે અધિષ્ઠાન છે, જેને તાંત્રિક ભાષામાં કુંડલિની શક્તિ કહેવામાં આવે છે. આ ઊર્જા વૈશ્વિક ઊર્જા છે અને* સામાન્ય રીતે તે સુષુપ્ત રહે છે અને તેને જાગૃત કરવી પડે છે. **તંત્ર-સાધનાનું લક્ષ્ય આ કુંડલિની શક્તિનું જાગૃતિકરણ છે.**

*તંત્રશાસ્ત્રના દાર્શનિક સિદ્ધાંત પ્રમાણે ઊર્જા કે શક્તિ એ બ્રહ્માંડની અંતિમ વાસ્તવિકતા છે.* વિજ્ઞાને પણ આ દાર્શનિક સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે. *અત્યાર સુધી આ વિચારધારા વિશુદ્ધ આધ્યાત્મિકતા ગણાતી હતી પરંતુ હવે તે વિજ્ઞાનના ક્ષેત્રમાં આવી પહોંચી છે. હવે સમય પાકી ગયો છે કે જ્યારે આધ્યાત્મિકતા અને વૈજ્ઞાનિક ભૌતિકવાદ વચ્ચે સમાધાન શક્ય બની રહ્યું છે.* આધ્યાત્મિકતાએ હવે પર્વતના શિખરના એકાંતને છોડી પોતાનું સ્થાન સામાન્ય માનવ વચ્ચે જમાવવું પડશે. તેવી જ રીતે વિજ્ઞાને પણ પોતાના ઉપર લાદેલી સંકુચિત મર્યાદાઓ છોડીને અદૃષ્ટ વસ્તુને સ્વીકારવી પડશે.

આ વૈશ્વિક શક્તિ શરીરમાં ગૂંચળુંવાળીને (કુંડલાકારે) વસે છે એટલે એને કુંડલિની શક્તિ કહે છે. **શક્તિનું જાગરણ ઈશ્વરકૃપા કે સાધનાથી જ શક્ય છે.**

ઈશ્વરકૃપા થાય છે ત્યારે ગુરુ કે ઈષ્ટદેવતાએ શિષ્યને આંતરસ્ફૂરણ દ્વારા માર્ગદર્શન આપવું પડે છે જ્યારે સાધનામાં સાધકે અમુક વિધિ વિધાનોનું અનુસરણ કરવાનું હોય છે. *સાધકે પોતાના તન-મનને ન્યાસ, મુદ્રાઓ તથા હઠયોગની પદ્ધતિ અજમાવીને વિશુદ્ધ તેમજ પૂર્ણાવસ્થામાં રાખવાનાં છે. વધારામાં ગુરુએ સાધકની પ્રગતિના દરેક પગલા પર સતત ધ્યાન રાખવું પડે છે.*

કુંડલિની યોગનાં સૈદ્ધાંતિક તથા પ્રાયોગિક પાસાં ક્યાં છે અને જાગૃત કુંડલિની શક્તિનો આધુનિક યુગમાં ને દુનિયામાં કેવી રીતે ઉપયોગ કરવો ? હવે આપણે આ પ્રશ્નોનો શક્ય તેટલો અભ્યાસ હવે પછીના વિભાગમાં કરશું.

**૧. કુંડલિની યોગનાં સૈદ્ધાંતિક તથા વ્યવહારુ પાસાં :**

**(અ) સૈદ્ધાંતિક પાસું** : કુંડલિની શબ્દ કુંડલ પરથી ઉતરી આવ્યો છે કે જેનો અર્થ કુંડાળું કે ગૂંચળું થાય છે. વૈશ્વિક શક્તિ જે ખૂબ જ શક્તિશાળી છે તે કરોડરજ્જૂને છેડે આવેલા મૂલાધાર ચક્રમાં સાપની જેમ ગૂંચળું વળીને સુષુપ્ત રીતે પડી રહે છે એટલે એને કુંડલિની કહે છે.

વિજ્ઞાને સ્વીકાર્યા પ્રમાણે આપણા મનનો માત્ર દશમો ભાગ જ કામમાં લેવાય છે. જ્યારે ૯૦ ટકા જેટલો ભાગ સુષુપ્ત કે વણવપરાયેલો રહે છે. *આપણો હાલનો વિકાસ એ આપણા દશમા ભાગના જાગૃત મનને આભારી છે. સમયના વહેણ સાથે આપણે ધીમે ધીમે પણ મક્કમ રીતે આપણી શક્તિઓનો વિકાસ કરીએ છીએ પરંતુ કુંડલિની યોગની પ્રક્રિયા આ વિકાસનો વેગ વધારી દે છે કારણ કે તે આંતરિક સુષુપ્ત શક્તિઓને વિસ્તારે છે.*

આ યોગનો પાયો તાદાત્મ્ય પર અવલંબિત છે જે પિંડે તે બ્રહ્માંડેના સિદ્ધાંત પર આધારિત છે, જેમાં જે કંઈ બ્રહ્માંડમાં છે તે બધું ય માનવમાં કે પિંડમાં પણ છે. આથી **મનુષ્ય એક નાનકડું બ્રહ્માંડ જ છે.** શરૂઆતમાં આ સિદ્ધાંત એકમાત્ર તરંગ કે ધૂન અથવા ફળદ્રુપ ભેજાની ઉપજ જણાય છે પરંતુ આપણે જેમ જેમ ઊંડા ઉતરતા જઈએ તેમ તેમ આ સિદ્ધાંત ખૂબ જ સર્જનાત્મક તેમજ ફલદાયક જણાય છે.

માનવ અને ખનિજોમાં એક જ વૈશ્વિક ચેતના સમાયેલી છે. ચેતનાના વિવિધ સ્તરોની અભિવ્યક્તિમાં જ આ બન્ને વચ્ચે ભેદ રહેલો છે. ખનિજોમાં ચેતનાની અભિવ્યક્તિ ઓછા પ્રમાણમાં હોય છે અને એટલે તે વધારે સ્થૂળ જણાય છે, જ્યારે મનુષ્યમાં તે ખનિજો કરતાં વધારે પ્રમાણમાં અભિવ્યક્ત થાય છે અને તેથી તે જીવંત કે સચેતન જણાય છે. મનુષ્યના વિકાસનો હાલનો પડાવ એ ચેતનાના વિકાસ અને રૂપાંતરણની શ્રેણીબદ્ધ પ્રક્રિયાઓનું પરિણામ છે. માનવની ચેતનાના વિકાસનાં અગાઉનાં પગથિયાં એકકોષીય જંતુ 'અમીબા'માં, 'અમીબા'માંથી માછલીમાં, માછલીમાંથી વાનરમાં અને વાનરમાંથી માનવની ઉત્ક્રાંતિમાં પ્રસ્થાપિત થયેલાં છે. આ દર્શાવે છે કે પાછળનું રૂપાંતરણ આગળના રૂપાંતરણ કરતા ચઢિયાતું છે. *ચેતનાના વિકાસની આ પ્રક્રિયા રૂપાંતરણની શ્રેણીબદ્ધ વિકાસની પ્રક્રિયામાં એક વધુ શક્યતા માનવની અતિમાનવના રૂપાંતરણ તરફ દોરી જાય છે.* તંત્ર કુંડલિની શક્તિના જાગરણથી આ દિશામાં આગળ લઈ જાય છે. **અભાન રીતે આપણે રૂપાંતરણના માર્ગ પર આગળ વધી રહ્યા છીએ પરંતુ તંત્રસાધક સંપૂર્ણ સભાનતાથી તે ઝડપથી હાંસલ કરી લે છે.** સુષુપ્ત વ્યક્તિગત ચેતનાની જાગૃતિને લઈને સાધક વૈશ્વિક ચેતના સાથે તાદાત્મ્ય સાધી લે છે જેનો એ પોતે એક અને અવિભાજ્ય હિસ્સો છે.

પરંતુ પિંડ અને બ્રહ્માંડ વચ્ચેનું આ તાદાત્મ્ય કેમ સિદ્ધ થાય ? અન્ય દાર્શનિક પદ્ધતિઓની જેમ તંત્રે પણ વિશ્વના મૂળમાં 'એકમેવાદ્વિતીય' અંતિમ સત્યનો કે વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો છે. *તંત્ર માટે આ સત્ય કે વાસ્તવિકતા ચાંદ અને ચાંદનીની જેમ શિવ કે શક્તિ છે. આ શિવ અને શક્તિ અનુક્રમે એક જ સત્ય કે વાસ્તવિકતાનાં સ્થિતિ તથા ગતિનાં પાસાં છે.*

એક ફરતા ચક્રની જેમ એક એવું અચળ બિંદુ છે જેની આસપાસ આખું ચક્ર ફરે છે. એ જ રીતે **શિવ એ સત્ય કે વાસ્તવિકતાનું અચળ પાસું છે જેની ચારે તરફ સક્રિય ગતિશીલ શક્તિ ફરી રહી છે. આથી શિવ એ સત્ય કે વાસ્તવિકતાનું અચળ પાસું હોવાથી વિશ્વના ચક્રનું તે કેન્દ્રબિંદુ મનાય છે.**

આ શિવ અનેક થવાનો સંકલ્પ કરે છે. આથી શિવનો સંકલ્પ શક્તિ સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. શિવ કે અંતિમ સત્ય કે વાસ્તવિકતાનો એક જ ઉદ્દેશ્ય કે સંકલ્પ છે અને તે છે એકમાંથી અનેક બનવાનો વૈશ્વિક સંકલ્પ કે ઈચ્છા (सोऽकाम्यत एकोऽस्मि बहु स्याम) **શક્તિ પોતે પોતાની જાતની અભિવ્યક્તિ ચેતનાના વિવિધ સ્તરો કે લોકોમાં કરે છે.** ચેતનાના આ સ્તરો એક જ પ્રકારના

હોતા નથી પરંતુ જે પદાર્થની ઘનતાના અંશ પ્રમાણે તેઓ બને છે તે રીતે જુદા જુદા હોય છે. આનો અર્થ એવો થયો કે આપણે ટૂંકમાં કહી શકીએ કે સૃષ્ટિનું સર્જન કે તેની અભિવ્યક્તિ ઉત્તરોત્તર વધતી ઘનતા અને જટિલતામાંથી થાય છે. આ પ્રક્રિયા સૂક્ષ્મતમ મૂળ પદાર્થથી શરૂ થઈને સ્થૂળ લોકોની ઉત્પત્તિમાં પરિણમે છે એટલે કે પૃથ્વી આદિ તત્ત્વમાં પરિણમે છે જે અત્યંત ઘન પદાર્થને પોતાનામાં સમાવે છે.

ઉપર દર્શાવેલી બ્રહ્માંડમાં ઉદ્દભવતી સર્જનની પ્રક્રિયા એકજ કાળે પિંડમાં પણ બની આવે છે. *બ્રહ્માંડની જેમ આપણું શરીર પણ પંચમહાભૂત અને તેમની સૂક્ષ્મ પાંચ તન્માત્રાઓમાંથી બનેલું છે જે શરીરના ખોપરી, ગળું, હૃદય ઈત્યાદિ ભાગોમાં અમુક બિંદુઓ ઉપર રહેલ છે. તંત્રની ભાષામાં એમને કેન્દ્રો કે ચક્રો કહેવામાં આવે છે.*

આ ચક્રો કે ચેતનાનાં કેન્દ્રો વિદ્યુત ઉત્પાદન કરવાનાં સ્થાન પાવરહાઉસ જેવાં હોય છે જ્યાંથી દરેક કોષને ઊર્જા કે શક્તિ મળી રહે છે. પરંતુ આ શક્તિનું વહન કેવી રીતે થાય છે ? આ શક્તિનું વહન પ્રકૃતિમાં આવેલી સૂક્ષ્મ નાડીઓ અને રક્તવાહિનીઓ મારફતે થાય છે. નાડીમાંથી વહેતી પ્રાણશક્તિ શરીરને જીવંત શક્તિશાળી બનાવે છે. *તાંત્રિક ગ્રંથ સાહિત્ય પ્રમાણે શરીરમાં ૭૨,૦૦૦ નાડીઓ છે. એમાંની ૧૪ અગત્યની છે. આ ચૌદમાં પણ ત્રણ, ઈડા, પિંગલા અને સુષુમ્ણા તો મુખ્ય છે. અને આ ત્રણ નાડીઓમાં સુષુમ્ણા સૌથી અગત્યની નાડી છે.*

ચક્રોની સંખ્યા સાત છે. જો કે સંખ્યા બાબતમાં થોડો મતભેદ છે. કેટલાકો નવ ચક્રો માને છે જ્યારે સામાન્ય રીતે સાત ચક્રો સ્વીકૃત થયેલ છે. આ ચક્રોનાં નામ છે મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર, મણિપૂર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધ ચક્ર, આજ્ઞાચક્ર અને સહસ્રાર ચક્ર. શરીરમાં એમનાં સ્થાનો અનુક્રમે ગુદાની ઉપરનો ભાગ, જનનેન્દ્રિયની ઉપરનો ભાગ, નાભિપ્રદેશ, હૃદયપ્રદેશ, ગળાનો પ્રદેશ, ભ્રૂમધ્ય અને મસ્તિષ્ક પ્રદેશ છે.

સાતમું સહસ્રાર ચક્ર કે જ્યાં ચેતનાની અભિવ્યક્તિ સૌથી ઉચ્ચ સ્તરની છે તેને તંત્રમાં શિવધામ માનવમાં આવે છે, જ્યારે કરોડરજ્જૂને છેડે આવેલા મૂલાધાર ચક્રમાં શક્તિધામ માનવામાં આવે છે. **તંત્ર સાધનામાં ચક્રો અને નાડીઓનું ખૂબ જ વિશિષ્ટ મહત્ત્વ છે.** આ ચક્રો અને નાડીઓનું વિસ્તૃત વર્ણન આ શોધપ્રબંધના બીજા ભાગમાં "તંત્રનું શરીરશાસ્ત્ર" એ મથાળા હેઠળ આપણે જોઈ શકશું. પુનરુક્તિ ટાળવાની દૃષ્ટિએ અહીં આપણે તેમના નામ માત્રનો ઉલ્લેખ જરૂરી વિગતો દર્શાવીને કરશું.

હવે આપણે મૂળ વાત પર આવીએ જે પિંડ અને બ્રહ્માંડના તાદાત્મ્ય અંગની છે. *જેમ મેરુ પર્વતને બ્રહ્માંડની ધરી માનવામાં આવે છે તેમ કરોડરજ્જૂને ભૌતિક શરીરનો આધાર માનવામાં આવે છે. પિંડ અને બ્રહ્માંડ બન્ને પાંચ સ્થૂળ મહાભૂતોમાંથી બનેલાં છે અને આ પાંચેય તત્ત્વોનું આધિપત્ય વિવિધ કેન્દ્રો કે ચક્રો પર અનુભવી શકાય છે.* આ પાંચ સ્થૂળ મહાભૂતો પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ તેમની અનુક્રમે ગંધ, રસ, રૂપ, સ્પર્શ તથા શબ્દ તન્માત્રાઓ સાથે અનુક્રમે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત તથા વિશુદ્ધ ચક્રોમાં અનુભવાય છે.

વિશ્વ કે બ્રહ્માંડનો મૂળ પાયો કે આધારસ્થંભ શક્તિ છે. વૈશ્વિક શક્તિ કુંડલિની કરોડરજ્જૂને છેડે નીચેના ભાગમાં ગૂંચળુંવાળીને વસેલી છે. **આ એક એવું બિંદુ છે જેને તંત્રની ભાષામાં 'કન્દ' કહેવામાં આવે છે અને જેમાંથી બધીજ ૭૨,૦૦૦ નાડીઓ આખા શરીરમાં પ્રસરી રહી છે.** કરોડરજ્જૂ અને તેની આસપાસની જ્ઞાનતંતુવાહક નાડીઓ ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડીઓ સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે. ઈડા અને પિંગલા નાડીઓમાં અનુક્રમે માનસિક અને પ્રાણિક પ્રવાહો વહે છે. સુષુમ્ણા નાડીમાં વળી વજ્રા અને ચિત્રિણી નામની બે સૂક્ષ્મ નાડીઓ છે.

**આ બધા પ્રવાહોનું મિલન સ્થાન મૂલાધાર ચક્ર છે. અહીં મધ્યમાં એક ઊંધો ત્રિકોણ છે જેમાં સ્વયંભૂ લિંગ આવેલું છે જેના પર કુંડલિની ગૂંચળું વાળીને કે કુંડલ રચીને વિશ્રામ કરે છે.**

સુષુપ્ત કુંડલિનીને વિવિધ હઠયોગની પ્રક્રિયાઓ તથા તંત્રની પદ્ધતિઓથી જાગૃત કરી શકાય છે. જાગૃત કુંડલિની એક પછી એક ચક્રને વેધીને અંતે સહસ્રાર ચક્રમાં પહોંચે છે. ***કુંડલિનીની ઊર્ધ્વયાત્રામાં સહસ્રારમાં વસતા શિવ સાથે શક્તિનું મિલન થાય છે.***

*કુંડલિની યોગનું બીજું નામ સહજયોગ પણ છે.* બધાં ચક્રોને વેધતી કુંડલિનીની ઊર્ધ્વયાત્રામાં તે વિવિધ ચક્રોનાં મૂળ તત્ત્વો કે પંચ મહાભૂતોને પોતાનામાં સમાવી લે છે. *સહસ્રાર ચક્રમાં કુંડલિની શક્તિ પોતે શિવમાં સમાઈ જાય છે. આ ચક્રમાં વૈશ્વિક સંભોગની પ્રક્રિયા થાય છે જેથી શિવમાંથી અમૃત ઝરે છે. કુંડલિની શક્તિ આ અમૃતપાન કરીને સ્વસ્થાને મૂલાધાર ચક્રમાં પાછી ફરે છે. આ નીચે આવવાની યાત્રામાં કુંડલિની શક્તિ પોતાને મળેલા અમૃતથી બધાં જ ચક્રોને અનુપ્રાણિત કરે છે અને આખરે પોતાના મૂળ સ્થાન મૂલાધાર ચક્રમાં પાછી ફરે છે.* શક્તિની આ ઊર્ધ્વ યાત્રા અને શિવ સાથેના મિલન અને સંભોગ પછીની પાછા નીચે ઉતરવાની યાત્રાનું વારંવાર પુનરાવર્તન કરવું પડે છે અને અંતે એક એવી અવસ્થા પ્રાપ્ત થાય છે જ્યારે શક્તિ સહસ્રારમાં શિવ સાથે હંમેશને માટે વિશ્રામ કરે છે અને પાછા નીચે ઉતરવાની યાત્રા હંમેશને માટે બંધ થઈ જાય છે. આનો આધાર સાધનાની તીવ્રતા તથા સાધકની પાત્રતા પર આધાર રાખે છે.

એમ કહેવાય છે કે માણસ જ્યારે દુન્યવી પ્રવૃત્તિઓમાં જાગતો રહે છે ત્યારે કુંડલિની ઊંઘી જાય છે પરંતુ જ્યારે કુંડલિની જાગૃત થાય છે ત્યારે માણસ દુન્યવી પ્રવૃત્તિઓ તરફ ઊંઘી જાય છે. આનો અર્થ એવો થાય છે કે કુંડલિની શક્તિની જાગૃતિમાંથી મળતી શક્તિ તેના અહંકારને વળગી રહેલી સામાન્ય મર્યાદાઓના ક્ષિતિજને વિસ્તારી દે છે. સાધકની જાત પોતાની ઉચ્ચતમ શક્તિ સુધી વિસ્તરે છે અને પરિણામે જાગૃત કુંડલિનીમાંથી મળતી શક્તિનો ઉપયોગ તે પોતાના અંગત આનંદપ્રમોદો માટે ન કરતાં સમગ્ર માનવ જાત માટે કરે છે. જેમ કેટલાક યોગીઓ કરે છે તેમ ગિરિશ્રૃંગોની એકલતામાં બેસી રહેવું નકામું છે. પરંતુ **ખરો તાંત્રિક સાધક પોતાની શક્તિઓનો ઉપયોગ માત્ર પોતાના ભૌતિક આનંદને સંતોષવા નહિ પરંતુ સમગ્ર માનવ જાતની મુક્તિ માટે કરે છે.** *ભગવાન બુદ્ધે* પોતાને સંબોધિ કે આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રશ્ન કરેલો કે પોતામાં અને સામાન્ય માનવમાં કે જે ધનદોલત, કીર્તિ અને દુન્યવી આનંદપ્રમોદમાં રચ્યો પચ્યો રહે છે તેની જેમ જો આત્મસાક્ષાત્કાર પછી પણ પોતે એકલા જ આનંદમગ્ન રહે તો પછી તેમનામાં અને સામાન્ય માનવમાં ફેર શો ગણાય. અને પછી તેમણે *પોતાને થયેલા સાક્ષાત્કારના આનંદને સમગ્ર જનતા સાથે માણવાનો નિર્ણય કરેલો.*

ષટ્ચક્રભેદન કેમ થાય છે તે આપણે "કુંડલિની યોગનું પ્રાયોગિક પાસું" એ મથાળા હેઠળ જોઈશું.

**(બ) કુંડલિનીયોગનું પ્રાયોગિક પાસું :** "કુંડલિનીયોગ" શબ્દ "કુંડલિની" અને "યોગ" એ બે શબ્દોના સંયોજનથી બનેલ શબ્દ છે. "કુંડલિની" શબ્દનો અર્થ તથા તેનું મહત્ત્વ આપણે જાણીએ છીએ અને "યોગ"નો અર્થ છે જોડાવું. અહીં યોગ શબ્દનો અર્થ માત્ર જોડાવું એટલો થતો નથી પરંતુ તે જોડાવાની પ્રક્રિયા પણ બતાવે છે.

**કુંડલિનીયોગનો ઉદ્દેશ્ય ઉચ્ચતર સત્ય કે વાસ્તવિકતા સાથેનું તાદાત્મ્ય તથા તેનો સાક્ષાત્કાર કરવાનો છે.** આ ઉદ્દેશ્ય રાજ્યોગ, મંત્રયોગ કે હઠયોગ ઈત્યાદિથી પણ સાધી શકાય છે. ઉદ્દેશ્ય કે લક્ષ્ય એક જ હોવા છતાં તેની પ્રાપ્તિ માટેના માર્ગ જુદા જુદા છે.

રાજયોગ ઉદ્દેશ્ય પ્રાપ્તિ માટે બુદ્ધિની સહાયતા સ્વીકારે છે જ્યારે મંત્રયોગ એને માટે શબ્દોની સહાયતા લે છે. હઠયોગ મુખ્યત્વે ભૌતિક શરીર સાથે સંબંધ ધરાવે

છે. આ યોગો એમ માને છે કે ભૌતિક શરીર અને સૂક્ષ્મ શરીર જ્યાં ચેતનાના કેન્દ્રો મારફતે એકબીજા સાથે સંબંધ જાળવી રાખે છે. આથી ભૌતિક શરીર મારફતે કરેલું કાર્ય સૂક્ષ્મ શરીર પર અસર પહોંચાડે છે. હઠયોગ આ કાર્ય મુદ્રાઓ અને પ્રાણાયામ ઈત્યાદિના પ્રયોગોથી આ કાર્ય સાધે છે.

કુંડલિનીયોગ ચેતનાના નિવાસસ્થાન કે ચક્રો સાથે કામ પાડે છે. ચક્રો અને નાડીઓ સૂક્ષ્મ શરીર કે પ્રાણમય શરીરમાં આવેલ છે. તંત્રશાસ્ત્ર પ્રમાણે શરીરમાં ફેલાયેલી ૭૨,૦૦૦ નાડીઓમાંથી માત્ર ચૌદ જ અગત્યની છે. અને આ ચૌદ નાડીઓમાં ઈડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણ નાડીઓ મહત્ત્વની છે. ઈડા અને પિંગલા નાડીઓ સુષુમ્ણાની અનુક્રમે ડાબી તથા જમણી બાજુ પર વહે છે. તંત્રની ભાષામાં બધી નાડીઓનું મૂળ કંદમાં રહેલું છે જે પોતે મૂલાધાર ચક્રમાં છે. સુષુમ્ણા નાડીને છેડે કુંડલિની શક્તિ સુષુપ્ત રીતે પડી રહેલી છે. આ સુષુપ્ત કુંડલિનીને કેમ જાગ્રત કરવી તે હવે આપણે જોઈશું.

**તંત્રે આ પ્રક્રિયા હજારો વર્ષો પૂર્વે શોધી કાઢી છે.** આ પ્રક્રિયા જો કે અઘરી છે છતાં તે સાધકને સતત શાશ્વત આનંદ બક્ષે છે. *કુંડલિની જાગરણની આ પ્રક્રિયાની પ્રથમ જરૂરિયાત તજજ્ઞ કે બાહોશ ગુરુના માર્ગદર્શનની છે જે પોતે આ પ્રક્રિયાનું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે અને જે આ પ્રક્રિયા સિદ્ધ ન થાય ત્યાં સુધી અસરકારક રીતે માર્ગદર્શન પૂરૂં પાડી શકે છે.* આ પ્રક્રિયાનો ઉદ્દેશ્ય ભૌતિક તન-મનના સંકુલમાં વિશુદ્ધિ પ્રાપ્ત કરવાનો છે. આથી આ પ્રક્રિયાની બીજી પૂર્વશરત દૃઢ નિર્ધાર કે મજબૂત સંકલ્પ શક્તિ છે.

આપણે સૈદ્ધાંતિક પાસામાં જોયું કે કુંડલિની સુષુમ્ણા નાડીને છેડે સુષુપ્તિમાં પડી રહેલ છે. આથી આ નાડીનું દ્વાર ખૂલવું જોઈએ નહિ તો જાગૃત શક્તિ ઈડા કે પિંગલા નાડીમાં વહેવા માંડે છે.

તંત્ર-ગ્રંથોમાં શક્તિ-જાગરણની વિવિધ પ્રક્રિયાઓ દર્શાવવામાં આવી છે. અહીં આપણે શ્રી આર્થર આવલોનના શબ્દોમાં આ પ્રક્રિયા જોઈશું. શ્રી આર્થર આવલોન જણાવે છે કે, "સાધક ભલામણ કરેલ આસનમાં બેસીને ભ્રૂમધ્ય (આજ્ઞાચક્ર)માં પોતાના મનને એકાગ્ર કરે છે. શ્વાસ અંદર લઈને એટલે કે પૂરક કરીને તેને શરીરમાં સ્તંભિત કરીને ધારી રાખવામાં આવે છે એટલે કે કુંભક કરાય છે. આમાં શરીરના ઉપલા ભાગનું સંકોચન કરીને (ઉપરના શ્વાસ) પ્રાણને સ્તંભિત કરાય છે. પ્રાણવાયુને આમ ઉપર જતો રોકવાથી તે નીચે ધસી આવવાની કોશિષ કરે છે. આ નીચે ધસી આવવા ઈચ્છતા વાયુ અપાનને પણ શરીરના નીચેના અવયવોના યોગ્ય સંકોચનથી અટકાવવામાં આવે છે. આમ ભેગો થયેલો વાયુ મૂલાધાર ચક્ર તરફ વાળવામાં આવે છે અને મન તથા ઈચ્છા શક્તિ કે સંકલ્પ શક્તિને તેના પર એકાગ્ર કરવામાં આવે છે. આથી ***પ્રાણ તથા અપાન વાયુને દૃઢતાથી પકડી રાખવાથી તેના દબાણના ઘર્ષણથી ખૂબ જ ગરમી ઉત્પન્ન થાય છે અને આને લઈને સુષુપ્ત સર્પિણી કુંડલિની જાગ્રત થાય છે.*** આને જ્યારે આમ કાર્યશીલ બનાવવામાં આવે છે ત્યારે ઉપર ખેંચવામાં આવે છે. મંત્રની મદદથી માનસિક એકાગ્રતા સાધીને જ્યોતના આકાર જેવા જીવાત્માને હૃદયમાંથી નીચે મૂલાધાર તરફ ઉતારવામાં આવે છે અને જાણે કે જાગ્રત શક્તિ સાથે સંયોજીને તેની સાથે ગતિમાન કરાય છે. આ શક્તિનાં ગૂંચળાં કે કુંડલો ઢીલા પડવાથી સુષુમ્ણાના મુખ પરના બ્રહ્મદ્વારનું દ્વાર ખૂલ્લું થાય છે અને કુંડલિનીમાં રહેલી ચિત્રિણી નાડી મારફતે ઉપર લઈ જવાય છે.

મૂલાધાર ચક્રને એકાગ્રતા દ્વારા વેધ્યા પછી કુંડલિની ઊર્ધ્વયાત્રા શરૂ કરે છે અને બધાં જ ચક્રોને વેધીને સહસ્રાર ચક્રમાં શિવ સાથે જોડાય છે. અહીં આ ઊર્ધ્વયાત્રામાં મહત્ત્વનો મુદ્દો એ છે કે વિધવિધ ચક્રો પરનાં સ્થૂળ પંચ મહાભૂત તત્ત્વોને તે પોતાનામાં સમાવીને સહસ્રાર ચક્રમાં શિવજી દ્વારા છોડાયેલ અમૃત તત્ત્વમાં સ્નાન કરે છે. કુંડલિની પાછા ફરવાની યાત્રામાં

બધાં ચક્રોમાં પ્રાણનો સંચાર કરીને મૂલાધાર ચક્રમાં પાછી ફરે છે. જ્યાં તેનું નિવાસસ્થાન છે. આ પ્રક્રિયા ફરી ફરીને કરવાની રહે છે.

કુંડલિની પાછા ફરવાની પોતાની યાત્રામાં મૂલાધાર તરફ જતાં વિવિધ ચક્રોને જાગૃત કરે છે અને સાધકને નીચેની સિદ્ધિઓ બક્ષે છે.

***તે જ્યારે સહસ્રાર તરફની ઊર્ધ્વયાત્રા કરે છે ત્યારે સાધક તન, મન અને દેશ (space) ની મર્યાદાઓમાંથી સંપૂર્ણપણે મુક્ત બને છે. પાછા ફરતાં જ્યારે તે આજ્ઞાચક્રમાંથી પસાર થાય છે ત્યારે સાધકને વાક્‌સિદ્ધિ પ્રાપ્ત થાય છે એટલે કે તે જે કંઈ બોલે છે તે આખરે સત્ય ઠરે છે.***

જ્યારે તે કુંડલિની શક્તિ **વિશુદ્ધિ ચક્ર**માં પાછી ફરે છે ત્યારે સાધકને એક પ્રકારની વિરલ **વક્તૃત્વ શક્તિ** બક્ષે છે જે શ્રોતાને મંત્રમુગ્ધ બનાવી દે છે. તે જ્યારે **અનાહત ચક્ર**માં પાછી ફરે છે ત્યારે સાધકમાં **વિવેકશક્તિ** જાગૃત થાય છે જેનાથી તે સારા-નરસા તથા શાશ્વત-અશાશ્વત વચ્ચેનો ભેદ સમજી શકે છે. આ શક્તિ જ્યારે **મણિપૂર ચક્ર**માં પાછી ફરે છે ત્યારે સાધકને શીખ્યા વગર બધી જ **વિદ્યાઓ તથા શક્તિઓ**નું જ્ઞાન થઈ જાય છે. આ કુંડલિની જ્યારે **સ્વાધિષ્ઠાન ચક્ર**માં પાછી ફરે છે ત્યારે સાધકમાં કવિત્વ અને **યોગની સૂક્ષ્મ પદ્ધતિઓનું જ્ઞાન** ઉત્પન્ન થાય છે. આ શક્તિ જ્યારે **મૂલાધાર ચક્રમાં** પાછી ફરે છે ત્યારે સાધક **સ્વસ્થ** બની જાય છે. આ સિદ્ધિઓ વળી સાધકે કેટલા પ્રમાણમાં ષટ્‌ચક્રભેદન કર્યું છે તેનું પ્રમાણ દર્શાવે છે.

આ સિદ્ધિઓ કે શક્તિઓ સામાન્ય રીતે સામાન્ય માનવમાં નજરે પડતી નથી. તેઓ એક પછી એક વિવિધ ચક્રોના ભેદન પછી જ દેખા દે છે. આ પ્રક્રિયા પૂરી થતાં સાધકનું પૂર્ણ રૂપાંતર સધાઈ જાય છે. તેને પોતાનામાં જાગૃત થયેલી અતીન્દ્રિય શક્તિ તથા ઊર્જાનો અનુભવ થાય છે.

(-ક્રમશઃ)

★ ★ ★

# ગાયત્રી મહામંત્રની અપરિમિત શક્તિ

લેખાંક : ૪

....✍ : શ્રી દિલીપ રોય

**ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોમાં સમાયેલું અમૃત ઉપનિષદ :**

સને ૧૯૨૩માં જર્મન વિજ્ઞાન સભાની દેખરેખ હેઠળ કેટલાક એવાં માનવયંત્રો બનાવવામાં આવેલાં જે દેખાવમાં બિલકુલ મનુષ્ય જેવાં જ લાગતાં હતાં. તે બધાં ચાલવા, દોડવામાં, ઊઠવા-બેસવામાં અને આમતેમ વળવામાં બરાબર લશ્કરી સૈનિકોની સમાનતા ધરાવતાં હતાં. બંદૂકથી સાચું નિશાન સાધી શકતા હતાં. તેમની આ બધી ક્રિયાઓ એના નિર્દેશક દ્વારા ઉચ્ચારાયેલાં આદેશો ઉપર આધારિત હતી. બર્લિનના વૈજ્ઞાનિક પ્રદર્શનમાં લોકો આગળ એમને રજૂ કરવામાં આવેલાં અને જણાવાયેલું કે **શબ્દોમાં એટલી શક્તિ રહેલી છે કે તે આ યંત્રમાનવોને ઈચ્છાનસાર કાર્ય કરવા માટે પ્રેરિત કરી શકે છે.**

ઋષિઓએ શબ્દશક્તિની શોધ ઉચ્ચસ્તરે કરી હતી. આજકાલ જે રીતે વિવિધ યંત્રો વડે સુખસગવડોનાં વિવિધ સાધનો તથા અન્ય હેતુઓ મેળવી શકાય છે. તે જ રીતે પ્રાચીન સમયમાં મંત્રો દ્વારા તે બધું મેળવી શકાતું હતું. જે માનવીય સુખશાંતિ તથા પ્રગતિ-સમૃદ્ધિ માટે જરૂરી છે. ગાયત્રી મહામંત્રના જાપથી ઉત્પન્ન પરાધ્વનિ આખાયે વાતાવરણના પરમાણુઓને ધ્રૂજાવી દેવાની શક્તિથી ઓતપ્રોત છે. આ મહામંત્રની અપાર શક્તિનો સંપૂર્ણ લાભ જો કોઈને મળી જાય તો તે સૃષ્ટિની બધી જ શક્તિઓનો સ્વામી બની શકે છે. સામાન્ય ગાયત્રી મહામંત્રમાં જે 'ધી' તત્ત્વની પ્રાર્થના કરવામાં આવી છે, તેને જ સારી રીતે આત્મસાત કરી શકાય તો પણ મનુષ્ય દેવકક્ષાએ પહોંચી શકે છે.

શબ્દોની દૃષ્ટિએ જોઈએ તો આ મહામંત્રનો ભાવાર્થ અતિ સરળ છે. ૐકાર એ ઈશ્વરનો સ્વ ઉચ્ચરિત સર્વશ્રેષ્ઠ નામ ગણાય છે. દરેક વેદમંત્રના સન્માનાર્થે સર્વપ્રથમ 'ૐ'કાર લગાડવાની પરંપરા પણ છે. ગાયત્રી મંત્રમાં ૐકારનો પ્રયોગ એ જ દૃષ્ટિએ થયો છે.

'ભૂઃ ભુવઃ સ્વઃ' એ ત્રણ લોક છે. એ રીતે તેમને પૃથ્વી, પાતાળ અને સ્વર્ગ મધ્યે ઉપર-નીચેના રૂપમાં ગણી શકાય. પણ આધ્યાત્મિક હેતુઓ કે પરિચય માટે 'ભૂઃ' એ સ્થૂળ શરીર માટે; 'ભુવઃ' સૂક્ષ્મ શરીર માટે અને 'સ્વઃ' એ કારણ શરીર માટે પ્રયોજાય છે. બાહ્ય જગત અને આંતર્જગતનાં ત્રણે લોકમાં ૐકાર એટલે કે પરમેશ્વર વ્યાપેલા છે. એમાં વિશાળ વિશ્વને, વિરાટ બ્રહ્મરૂપે જોવાની તે જ માન્યતા છે. જેને ભગવાને અર્જુનને પોતાનું વિરાટ સ્વરૂપ દેખાડીને હૃદયંગમ કરાવી હતી. ઈશ્વરની સર્વવ્યાપીપણાની ભાવના જો બરાબર રીતે હૃદયંગમ કરી શકાય તો પછી ન તો છુપાઈને દુષ્કર્મ કરવાની શક્યતા રહેશે કે ન કોઈ પદાર્થનો દુરુપયોગ અથવા કોઈ પ્રાણી સાથે દુર્વ્યવહાર કરવાનો વિચાર આવશે. 'ૐ'નો એ પ્રારંભનો શીર્ષભાગ આ જ અર્થ અને આ જ પ્રકાશને પ્રગટ કરે છે.

'तत्' એટલે તે. 'सवितु' એટલે પ્રકાશ અને ઊર્જાથી, જ્ઞાન અને વર્ચસ્‌થી ઓતપ્રોત પરમેશ્વર 'वरेण्यं' નો અર્થ થાય શ્રેષ્ઠ. 'भर्गः' એટલે તેજસ્વી, વિનાશક, પ્રભાવક. 'देव' એટલે દિવ્ય. આ ચાર શબ્દોમાં પરબ્રહ્મ પરમાત્માનાં તે ગુણોનું વર્ણન છે, જેમને અપનાવવાનો પ્રયાસ કરવો એ દરેક અધ્યાત્મવાદી માટે, દરેક આત્મિક પ્રગતિના આકાંક્ષી માટે અત્યંત જરૂરી છે.

'सविता' પ્રાતઃકાલીન સ્વર્ણિમ સૂર્યને કહે છે. એ પરમેશ્વરની સ્વનિર્મિત પ્રતિમા છે. તેનાથી બાહ્ય જગતમાં ઝળહળતો પ્રકાશ અને આંતર્જગતમાં સદ્‌જ્ઞાનનું અભિવર્ષણ થાય છે. સૂર્ય દ્વારા બાહ્ય જગતને ગરમી-ઊર્જા મળે છે. જ્યારે સત્સંકલ્પ અને સત્‌સાહસથી સભર આત્મશક્તિનું અનુદાન આંતર્જગતને મળે છે. 'सविता' શબ્દનો ગાયત્રી મંત્રમાં સર્વ પ્રથમ ઉલ્લેખ એ જ દૃષ્ટિએ થયો છે કે સાધકે પ્રજ્ઞાવાન અને શક્તિસંપન્ન બનવા માટે અથાગ પરિશ્રમ કરવો જોઈએ.

'वरेण्यं' એટલે શ્રેષ્ઠ. પસંદગી કરવા યોગ્ય, સ્વીકાર કરવા યોગ્ય, વરિષ્ઠ. આ વિશ્વમાં ઉત્કૃષ્ટ-નિકૃષ્ટ, સારું-નરસું સઘળું રહેલું છે. તેમાંથી જે શ્રેષ્ઠ છે તેને જ સ્વીકારવું જોઈએ. હંસ જે રીતે ક્ષીર-નીર વિવેક દાખવે છે અને સાચાં મોતીનો ચારો ચરે છે, તે જ રીતે આપણી પસંદગી કેવળ શ્રેષ્ઠ ઉત્કૃષ્ટની જ હોવી જોઈએ. નિકૃષ્ટતાનો બહિષ્કાર કરવો જ યોગ્ય ગણાય. આકર્ષક અને હિતકર-ઉપયોગીમાંથી કોની પસંદગી કરવી એ જ પ્રશ્ન ઉપર મોટે ભાગે ભયંકર ભૂલ થતી હોય છે. તાત્કાલિક લાભ લેવાની લાલચમાં દૂરગામી હિત સાધનની ઉપેક્ષા કરાતી હોય છે. માટે ગાયત્રીમંત્રમાં કેવળ 'वरेण्य' એટલે શ્રેષ્ઠ, ઔચિત્ય, ન્યાય, હિતનો સંકેત છે.

'भर्गः' શબ્દ તેજસ્વિતાનો બોધક છે. એમાં પ્રતિભા, સાહસિકતા, તત્પરતા, તન્મયતા જેવાં તત્ત્વોનો સમાવેશ છે. ક્રિયામાં ઓજસ, વિચારણામાં તેજસ્ અને ભાવનાઓ વડે વર્ચસ્‌નો આભાસ જે દિવ્ય તત્ત્વને આધારે મળે છે તેને 'भर्ग' કહે છે. 'भर्ग' નો એક ભાવ સેકવાનો, નાશ કરવાનો પણ રહેલો છે. અનિચ્છનીયતા, અનૈતિકતા, મૂઢ માન્યતાઓ જેવી દુર્વૃત્તિઓ છવાયેલી રહે તો માનવી માયા અને પતનના કળણમાં ફસાયેલો રહેશે. એમનાથી છૂટવા માટે એવી પ્રખરતાના ઉદ્‌ભવની જરૂર છે જે અંતરનાં પાપો અને દુર્વૃત્તિઓ સામે લડવા

માટે શૌર્ય પરાક્રમનો પરિચય આપી શકે. 'ભર્ગ' તત્ત્વની વિશિષ્ટતા ઓજસ્વી, તેજસ્વી, મનસ્વી અને તપસ્વી લોકોમાં જોવા મળે છે.

પરમેશ્વરનાં અનંત નામો છે અને ઈચ્છાનુસાર નવાં નામો રાખી શકાય છે. પરંતુ આત્મિક પ્રગતિ માટે જે ચાર વિશિષ્ટતાઓની અત્યંત આવશ્યકતા છે. તેમનાં બોધક તત્વોનો સમાવેશ ગાયત્રીમંત્રમાં થયો છે. સવિતા, વરેણ્યં, ભર્ગ ઉપરાંત ચોથી વિભૂતિ છે 'દેવ'. માનવ પ્રગતિનું આગલું પગથિયું છે દેવત્વનું. પશુતાનાં *પાતાળમાંથી નીકળીને પૃથ્વીના ધરાતલ ઉપર મનુષ્યનાં ક્લેવરમાં આવ્યો. તેને સાર્થક કરે એટલે તેનો પ્રવેશ દેવકક્ષામાં થાય.* ઈશ્વરને 'દેવ' શબ્દથી સંબોધિત કરવામાં એ આત્મશિક્ષણ રહેલું છે કે આપણે દેવના ભક્ત બનીએ અને દેવત્વની વિશિષ્ટતામાં તેમનું અનુસરણ-અનુગમન કરીએ.

'ધીમહિ' શબ્દનો અર્થ છે - ધારણ કરવું. આદર્શોને વ્યવહારમાં ઊતારવાની ધારણા. કલ્પનાઓ કરતા રહેવું. કહેવા-સાંભળવાની પ્રક્રિયામાં જ ગૂંથાએલાં રહેવું. એ બધું નિરર્થક છે. નક્કર પરિણામ જ ક્રિયા ઉત્પન્ન કરે છે. ક્રિયાશીલ જ સાચો જ્ઞાની ગણાય. તેને જ સદ્જ્ઞાનનું સત્પરિણામ પ્રાપ્ત થાય છે. જે ચિન્તન-વિચારોને કાર્યોમાં પરિણત કરવાનું સાહસ દાખવે છે. શિસ્તની સાહસિકતાને પ્રખર બનાવવા માટે વિવિધ યોગ સાધનાઓ અને તપશ્ચર્યાઓ પૂર્ણ કરવી પડે છે.

ગાયત્રીનું અંતિમ તૃતીય ચરણ 'ધિયો યોનઃ પ્રચોદયાત્' માં પરમેશ્વર - પરમપિતાને પ્રાર્થના કરવામાં આવી છે કે તેઓ કેવળ સાધકને એકલાને જ નહીં પરંતુ સમગ્ર જનસમુદાયને પ્રાણીમાત્રને 'ધી' તત્ત્વની, સદ્બુદ્ધિની પ્રેરણા આપે. 'નઃ' એટલે આપણે બધાને અને 'ધિયઃ' બુદ્ધિને કહેવામાં આવે છે. અહીં એક વ્યક્તિની બુદ્ધિનું સુધરી જવું અપૂરતું ગણ્યું છે. એ સુધાર વ્યાપકરૂપે થાય તો જ કામ બને. જો **દુર્બુદ્ધિગ્રસ્ત લોકોની બહુમતિ હોય તો કેવળ એકાકી સજ્જનતાથી કોઈ મોટો હેતુ પૂરો ન થઈ શકે.** રાક્ષસોની લંકામાં એકલો વિભીષણ તો ગમે તેમ કરીને પોતાનું ગાડું ગબડાવતો હતો. સત્ય તો એ છે કે દુષ્ટતાના વાતાવરણમાં એકાકી સજ્જનતા પણ ઘટાટોપ વાદળોથી ઘેરાયેલા ચંદ્રમાની જેમ ધૂમિલ કે મ્લાન જ દેખાશે.

'પ્રચોદયાત્' શબ્દ દ્વારા પ્રેરણાનો અનુરોધ છે. વાસ્તવમાં આ જ ઈશ્વરીય કૃપા પ્રાપ્ત કરવાનું કેન્દ્રબિંદુ છે. પ્રેરણાનો અર્થ છે અંતઃકરણમાં પ્રબળ આકાંક્ષાની ઉત્પત્તિ. આ સમગ્ર વ્યક્તિત્વનું સારતત્વ છે. અંતઃપ્રેરણાનું અનુસરણ મન કરે છે. મનના નિર્દેશ પ્રમાણે શરીર કામ કરે છે. ક્રિયાનું પરિણામ સંપત્તિ અને પરિસ્થિતિ રૂપે પ્રગટ થાય છે. તે અનુસાર સુખ-દુઃખનાં તે સ્વરૂપો સામે પ્રગટ થાય છે કે જેમને મેળવવા માટે કે દૂર કરવા માટે મનુષ્ય ઈચ્છા કરે છે. ઈચ્છાની પૂર્તિ થવી અથવા ન થવામાં સહાયક કે બાધક અન્ય કોઈ નહીં પણ અંતઃકરણની પ્રેરણાનું સ્તર જ આધારભૂત કારણ ગણાય છે. જેમનું ભવિષ્ય ઉજ્જવળ હોય છે તેનાં અંતઃકરણમાં સદ્હેતુ માટે શ્રદ્ધા અને સત્કર્મ પ્રત્યે તત્પરતા ઉત્પન્ન થશે. આ જ છે, બીજનું વૃક્ષમાં રૂપાંતર અને ટૂંકમાં આ જ છે ગાયત્રી મંત્રનો અર્થ અને તેનો હેતુ. જે તેનું પાલન કરી શકશે તે ગાયત્રી ઉપાસનાનાં સંદર્ભમાં શાસ્ત્રકારોએ અને ઋષિઓએ દર્શાવ્યાં છે તે બધાં લાભોથી લાભાન્વિત થશે.

★ ★ ★

# શાસ્ત્રોમાં વિશ્વાસ-સાધનાત્મક પુરૂષાર્થ

....✍ : શ્રી રજનીકાંત મ. ભટ્ટ

"નિંદ્રા મહી નહી હતું તન ભાન જ્યારે,
જેણે જુઓ પૂરણ રક્ષણ કીધું ત્યારે.
કણ કણમાં ભગવાન."

કથા સાંભળનાર ઘણા કથા એક કાને સાંભળે છે અને બીજા કાનેથી કાઢી નાખે છે. કથા સાંભળીને તેના ઉદ્દેશ્યને જીવનમાં ઊતારતો નથી. કથા સાંભળવા માટે નથી પરંતુ આચરણમાં મુકવા માટે છે. આચરણમાં મુકી મુક્તિ મેળવવા માટે છે.

મહાન સંતોની વાણીને બરાબર સમજી પાલન કરનાર અવશ્ય મુક્તિને પામે છે. એક ગૃહસ્થ બાર વર્ષથી ભાગવત કથા સાંભળતા હતા. એક દીવસ અચાનક તેમને બહારગામ જવાનું થયું તે મુંઝાયા અને ગુરૂદેવને પૂછ્યું ગુરૂદેવ મારે એક દીવસ બહારગામ જવાનુ છે તો કથા સાંભળી શકીશ નહિ. ગુરૂદેવે કહ્યુ-કે કાંઈ વાંધો નહિ. તારો પુત્ર કથા સાંભળશે. ત્યારે તે ગૃહસ્થે કહ્યું - ગુરૂદેવ મારો પુત્ર કુમળીવયનો છે. કથા સાંભળીને એને વૈરાગ્ય આવે તો મારે શું કરવું ?

ગુરૂદેવે કહ્યું કે બારબાર વર્ષથી તું કથા સાંભળે છે. તો તને વૈરાગ્ય નથી આવ્યો તો એક દીવસમાં તારા પુત્રને વૈરાગ્ય કેવી રીતે આવશે. ભૂલીશ નહિ કે તે તારો પુત્ર છે અને એનામાં તારા જ ગુણ છે.

કથા સાંભળો તો એકાગ્ર મનથી સાંભળો. બધાજ અહમ્ અભિમાન ત્યજી દો તો તમે જીવનમુક્ત બની જશો. તમારૂં જીવન ખરેખર ધન્ય બની જશે.

દેવર્ષિ નારદે પાર્વતીજી પાસે પહોંચી જઈ તેમના શિવજી સાથેના પૂર્વજન્મના સંબંધનું સ્મરણ કરાવ્યું. પૂર્વજન્મમાં શંકરને મેળવવા તપશ્ચર્યા કરવાની પ્રેરણા આપી.

પોતાના પૂર્વજન્મના સાથી શંકરના વિચારમાં લીન થઈ પાર્વતીજીનું મન પોતાના દેહને ભૂલી જઈ તીવ્ર તપશ્ચર્યામાં લાગી ગયું. પાર્વતીજીએ શંકરને મેળવવા કઠોર તપ કર્યું.

એક હજાર વર્ષ સુધી કંદમૂળ અને ફળ ખાધા, પાણી અને પવન પર રહી દીવસો પસાર કર્યા, સુકાઈને પૃથ્વી ઉપર પડેલા વેલા અને પાંદડા ખાઈ દીવસ ગુજાર્યા. આવી કઠોર તપશ્ચર્યાથી એમનું શરીર ક્ષીણ થવા માંડયું.

એમના આવા ક્ષીણ થએલા દેહને જોઈ આકાશમાંથી અદૃશ્યવાણી થઈ કે તમારા સર્વ મનોરથ સફળ થયા છે. હવે તમને શંકર મળશે.

પાર્વતીજીએ આવી કઠોર તપશ્ચર્યા કરી શિવને પામ્યાં.

આટલા બધા વર્ષોની તપશ્ચર્યાની વાત લોકોને વિવાદાસ્પદ લાગશે. લોકો વિચારમાં પડી જઈ વિચારાધિન થશે. આવો સંભવ હોવા છતાં પાર્વતીજીની, તીવ્ર તપશ્ચર્યા સંબંધી કોઈપણ પ્રકારનો સંદેહ રાખવો નહિ.

પાર્વતીની પેઠે જગતમાં જન્મેલ દરેક જીવ એ ભૂલી ગયો છે કે તેનો સંબંધ પરમાત્મા સાથે સંકળાયેલો છે. તે ભૂલી ગયો છે કે તે પરમાત્મા સ્વરૂપ છે. એણે પરમાત્મા સાથે પ્રીતિ કરવાની છે.

એટલા માટે જ સદ્‌ગુરૂ એ ભૂલકણા જીવને સ્મરણ કરાવે છે કે હે જીવ તારો પરમાત્મા સાથે મૂળભૂત પરમદિવ્ય પૂર્વ સંબંધ છે.

પ્રત્યેક માનવીએ પાર્વતીજી બનવાનું છે. પાર્વતીજીની ભૂમિકામાંથી પસાર થઈ છેવટે શિવજીમાં-પરમાત્મામાં લીન થવાનું છે. સાચા દિલથી પરમાત્માને પ્રાર્થનાર, રડનાર, ઝંખનાર, સાધના કરનાર અને તપનારને કદી કોઈ કારણે નિરાશ થવું પડતું નથી.

**પરમાત્માના દ્વારે પડેલો પ્રેમપૂર્વકનો મૂક પ્રમાણિક પોકાર કદી પણ વ્યર્થ જતો નથી.** સાધકે લૌકિક પારલૌકિક પદાર્થોમાંથી પોતાના મનને પાછું વાળી પોતાના પરમ આરાધ્ય પ્રેમાસ્પદ પરમાત્મામાં કેન્દ્રીત કરી સર્વસમર્પિત થવું જોઈએ.

પાર્વતીજીનું કઠોર તપ પાવન પ્રેમ સંબંધ સાધનાત્મક સંદેશ પૂરો પાડે છે. **સદ્‌ગુરુ અને શાસ્ત્રો માનવને પરમાત્મા સાથેના પરમ દિવ્ય પૂર્વ સંબંધનું સ્મરણ કરાવે છે.** માનવીએ સાધનાત્મક પુરૂષાર્થ કરવો જોઈએ.

★ ★ ★

## યજુર્વેદ સંહિતા (સંક્ષિપ્ત)

### ગૂઢાર્થ, શાશન પદ્ધતિ અને સમાજ વ્યવસ્થા)

લેખાંક : ૯

....✍ : શ્રી ભાનુશંકર દલપતરામ જાની

**મા નસ્તોકે તનયે મા નડઆયુષિ મા નો ગોષુ મા નોડઅશ્વેષુ રીરિખઃ મા નો વીરાન્ રુદ્ર ભામિનો વધીર્હવિષ્મન્તઃ સદમિત્ ત્વા હવામહે ।। ૧૬ ।।**

પદ પ્રમાણે અર્થ : હે -

રુદ્ર = સેનાપતિ ! તું, નઃ = અમારા, તોકે = તત્કાલ જન્મ પ્રાપ્ત કરેલા સંતાનો, મા = ન, નઃ = અમારા, તનયે = પાંચ વર્ષ ઉપરના બાળકને, મા = ન, નઃ = અમારી, આયુષિ = અવસ્થાને, મા = ન, નઃ = અમારા, ગોષુ = ગાયો, ઘેટાં, બકરાં, વગેરેને, મા = ન, નઃ = અમારા અને, અશ્વેષુઃ = ઘોડા, હાથી અને ઊંટ વગેરેને, મા = ન, રીરિખઃ = માર અને, નઃ = અમારા, ભામિનઃ = ક્રોધમાં આવી ગયેલાં, વીરાન્ = શૂરવીરોને, મા = ન, વધીઃ = માર એનાથી, હવિષ્મન્તઃ = ઘણી જ દેવા-લેવા લાયક યોગ્ય વસ્તુઓ ધરાવતાં અમો, સદમ્ = ન્યાયમાં સ્થિર, ત્વા = તને, ઈત્ = જ, હવામહે = સ્વીકાર કરીએ છીએ.

આ જ વિષય આગળના મંત્રમાં લે છે.

**ભાવાર્થ** : રાજપુરુષોએ પોતાના કે પ્રજાના બાળકોને કુમારોની અને ગાયોની, ઘોડા વગેરે વીર, ઉપકારી જીવોની કદી હત્યા ન કરવી અને બાળપણમાં લગ્ન કરી, વ્યભિચાર કરી, આયુષ્યનો ક્ષય પણ ન કરવો.

ગાય વગેરે પશુઓ દૂધ વગેરે પદાર્થો આપી જે બધાંનો ઉપકાર કરે છે તેનાથી એ બધાની હંમેશાં વૃદ્ધિ કરવી. (૧૬)

**નમો હિરણ્યબાહવે સેનાન્યે દિશાં ચ પતયે નમો નમો વૃક્ષેભ્યો હરિકેશેભ્યઃ પશુનાં પતયે નમો નમઃ । શષ્પિઞ્જરાય ત્વિષીમતે પથીનાં પતયે નમો નમો હરિકેશાયોપવીતિને પુષ્ટાનાં પતયે નમઃ ।। ૧૭ ।।**

**પદ પ્રમાણે અર્થ** : હે શત્રુને મારનાર સેનાધ્યક્ષ !

હિરણ્ય બાહવે = જ્યોતિ જેવી ઝળહળતી તેજવાળી ભૂજાઓવાળાં, સેનાન્યે = સેનાના શિક્ષક એવા તારે માટે, નમઃ = વજ્ર પ્રાપ્ત થાઓ, ચ = અને, દિશામ્ = સર્વ દિશાઓના રાજ્યના ભાગોના, પતયે = રક્ષક એવા તારે માટે, નમઃ = અન્ન વગેરે વસ્તુઓ પ્રાપ્ત થાઓ, હરિકેશેભ્યઃ = જેમાં હરી લેનાર સૂર્યના કિરણો પ્રાપ્ત થાય એવા, વૃક્ષેભ્ય : = આંબા વગેરે વૃક્ષોને કાપવા માટે, નમઃ = વજ્ર વગેરે શસ્ત્રોને ધારણ કરીને, પશૂનામ્ = ગાય વગેરે પશુઓનાં, પતયે = રક્ષક એવા તારે માટે, નમઃ = સત્કાર પ્રાપ્ત થાઓ, શિષ્પિઞ્જરાય = વિષય વગેરેના બંધનોથી અલગ, ત્વિષીમતે = ઘણા ન્યાયના પ્રકાશથી યુક્ત તારા માટે, નમઃ = નમસ્કાર અને અન્ન પ્રાપ્ત થાઓ, પથીનામ્ = માર્ગમાં ચાલનારના, પતયે = રક્ષક એવા તારે માટે, નમઃ = આદર પ્રાપ્ત થાઓ, હરિકેશાય = લીલા રંગના વાળવાળાં, ઉપવીતિને = સુન્દર યજ્ઞોપવીતથી યુક્ત તારા માટે, નમઃ = અન્ન વગેરે પદાર્થ પ્રાપ્ત થાઓ અને, પુષ્ટાનામ્ = નીરોગી પુરુષોની, પતયે = રક્ષા કરનારા માટે, નમઃ = નમસ્કાર પ્રાપ્ત થાઓ.

રાજા પ્રજાના માણસોએ શું કરવું જેઈએ એ વિષયે આ મંત્રમાં કહે છે :

**ભાવાર્થ** : મનુષ્યોએ શ્રેષ્ઠ લોકોના સત્કાર કરવાં, ભૂખ્યાંને પીડિતોને અન્ન આપવું, ચક્રવર્તી એવા રાજ્યનું

શિક્ષણ પ્રાપ્ત કરવું, પશુઓનું રક્ષણ કરવું, આવતાં-જતાં લોકોનું ચોર-ડાકૂઓથી રક્ષણ કરી બચાવવા. યજ્ઞોપવીત ધારણ કરવી અને શરીર વગેરેનું પોષણ કરવું. સાથે સાથે પ્રસન્ન રહેવું. (૧૭)

**નમો બભ્લુશાય વ્યાધિનેઽન્નાનાં પતયે નમો**
**નમો ભવસ્ય હેત્યૈ જગતાં પતયે નમો**
**નમો રુદ્રાયાતતાયિને ક્ષેત્રાણાં પતયે નમો નમઃ**
**સૂતાયાહન્ત્યૈ વનાનાં પતયે નમઃ ાા૧૮ાા**

**પદ પ્રમાણે અર્થ :** રાજપુરુષ વગેરે મનુષ્યોએ - બભ્લુશાય = રાજકર્તા પુરુષોમાં સૂતેલાં, વ્યાધિને = રોગીને માટે, નમઃ = અન્ન આપવું, અન્નાનામ્ = ઘઉં વગેરે અન્નના, પતયે = રક્ષકનો, નમઃ = સત્કાર કરવો, ભવસ્ય = સંસારની, હેત્યૈ = સમૃદ્ધિ માટે, વૃદ્ધિ માટે, નમઃ = અન્ન આપવું, જગતામ્ = મનુષ્ય વગેરે પ્રાણીઓના, પતયે = સ્વામીનો, નમઃ = સત્કાર કરવો, રુદ્રાય = શત્રુઓને રોવડાવનાર અને, આતતાયિને = સારી રીતે વિશાળ શત્રુની સેનાને પ્રાપ્ત કરનારને, નમઃ = અન્ન આપવું, ક્ષેત્રાણામ્ = ધાન્ય વગેરેથી ભરપૂર ખેતરના, પતયે = રક્ષકને, નમઃ = અન્ન આપવું, સૂતાય = ક્ષત્રિયથી બ્રાહ્મણની કન્યામાં ઉત્પન્ન થયેલ પ્રેરક અથવા વીર પુરુષ માટે અને, અહન્ત્યૈ = કોઈને પણ ન મારનાર રાજપત્નીને માટે, નમઃ = અન્ન આપવું અને, વનાનામ્ = જંગલોની, પતયે = રક્ષા કરનાર પુરુષને, નમઃ = અન્ન વગેરે પદાર્થ આપવાં.

એ જ વિષય વિષે આગળ કહે છે :

**ભાવાર્થ :** જે લોકો અન્ન વગેરેથી બધાં પ્રાણીઓનો સત્કાર કરે છે તેઓ જગતમાં પ્રશંસા પ્રાપ્ત કરે છે. (૧૮)

**નમો રોહિતાય સ્થપતયે વૃક્ષાણાં પતયે નમો**
**નમો ભુવન્તયે વારિવસ્કૃતાયૌષધીનાં પતયે**
**નમો નમો મન્ત્રિણે વાણિજીય કક્ષાણાં પતયે**
**નમો નમઽઉચ્ચૈર્ઘોષાયાક્રન્દયતે પત્તીનાં પતયે**
**નમઃ ાા૧૯ાા**

**પદ પ્રમાણે અર્થ :** રાજા અને પ્રજાના પુરુષોએ- રોહિતાય = સુખોની વૃદ્ધિ કરનાર અને, સ્થપતયે = સ્થાનોના સ્વામી, રક્ષક સેનાપતિને, નમઃ = અન્ન આપવું, વૃક્ષાણામ્ = આંબા વગેરે વૃક્ષોના, પતયે = માલીકને, નમઃ = અન્ન આપવું, ભુવન્તયે = આચારવાન, વારિવસ્કૃતાય = સેવા કરનાર નોકરને, નમઃ = અન્ન અને, ઔષધીનામ્ = સોમ લતા વગેરે ઔષધીઓના, પતયે = રક્ષક, વૈદને, નમઃ = અન્ન આપવું, મંત્રિણે = વિચાર કરનાર રાજમંત્રીને અને, વાણિજાય = વૈશ્યોના વ્યવહારમાં કુશળ પુરુષનો, નમઃ = સત્કાર કરવો, કક્ષાણામ્ = ઘરમાં રહેવાવાળાંના, પતયે = રક્ષકને, નમઃ = અન્ન આપવું અને, ઉચ્ચર્ઘોષાય = ઊંચા સ્વરે બોલવાવાળાં તથા, આક્રન્દયતે = દુષ્ટોને રોવડાવનાર ન્યાયાધીશનો, નમઃ = સત્કાર કરવો, અને પત્તીનામ્ = સેનાના અવયવોની, પતયે = રક્ષા કરનાર પુરુષનો, નમઃ = સત્કાર કરવો.

આ જ વિષય અંગે વધુ.

**ભાવાર્થ :** મનુષ્યોએ વન વગેરેના રક્ષકોને અન્ન વગેરે પદાર્થ આપીને વૃક્ષો અને ઔષધિ વગેરે પદાર્થોની સમૃદ્ધિ વધારવી. (૧૯) (-ક્રમશઃ)

★ ★ ★

**'વિરોધનો સમન્વય એ હિન્દુધર્મની મહાન વિશિષ્ટતા છે.' - શ્રી રંગ અવધૂત.**

# "શ્રીમા રમામ્બા"

લેખાંક : ૨

....✍ શ્રી પ્રહલાદભાઈ એમ. નાયક

**(આંતરિક શાંતિ** - (ગતાંકથી ચાલુ....)

*શાંતિના સાચા ઉપાસક માટે એક જ વિવેકપૂર્ણ માર્ગ ખુલ્લો છે, તે છે સંસારની નિંદા ન કરવી તેમાં બહુ આસક્ત ન રહેવુ.* સંસારમાં રહીને જે જ્ઞાન મળતું હોય તેને આત્મસાત કરતા રહેવું, નજરઅંદાજ ન કરવું. આમ કરવાથી સંસાર સ્વયં એક ગુરુની ભૂમિકા નિભાવવાના રૂપમાં તમારી સામે પ્રત્યક્ષ થશે. **સાચો ઉપાસક હંમેશાં દરેક જગ્યાએ સાચી શાંતિને શોધી લેતો હોય છે.** સંસારની દરેક વસ્તુ ઉપર તેની ક્ષણભંગુરતાની નિશાની/મહોર લાગેલી જ હોય છે. માટે જો મનુષ્ય અવિચળ વસ્તુથી સ્થાયી સુખ પ્રાપ્ત કરવાની આકાંક્ષા રાખતો હોય તો તે એ બાબતનું ઉત્તરદાયિત્વ/શ્રેય સંસારને આપી શકે નહિ.

**જીવનમાં શાંતિની શોધ આપણે આપણા અંતઃકરણમાં જ કરવાની છે અને ત્યાંથી જ તે પ્રાપ્ત થશે એ શિક્ષણ આત્મસાત કરવાનું છે.** માર્ગથી ભટકેલા અને મૃત્યુગામી જીવાત્માઓ જેમની બુદ્ધિ અવળામાર્ગે વળેલી છે તેમના જીવનમાં/માર્ગમાં બાધા-તકલીફો કે પડકારો (મૂનૈતિઓ) એટલા માટે આવે છે કે તે (સમજીને) સત્યના માર્ગનું અનુસરણ કરવામાં તત્પર બને અને તેને પોતાના અંતઃકરણમાંથી શોધીને મેળવે. વૈદ્ય/ડૉક્ટર જેવી રીતે રોગને દૂર કરવા માટે કડવી દવાઓ પણ આપે છે, ઠીક એવી રીતે મનુષ્યને માનસિક અને આત્મિક દૃષ્ટિએ સ્વસ્થ બનાવવા માટે જીવન(માં) તેને પીડા, દુઃખ, પરાજ્ય અને નિરાશાની અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. શુદ્ધ કરવાવાળી જીવનની જ્વાળા - (અગ્નિપરીક્ષા) તેને કષ્ટોમાં તપાવીને આત્મા પોતે ઈન્દ્રિયાતીત એવું સૌંદર્ય અને પૂર્ણતાના દર્શનને પ્રાપ્ત કરે છે. **માનવ જીવનમાં કષ્ટો અને આપત્તિઓ ઘણીજ આવે છે તેમ છતાં શાંતિની શોધ કરવા માટે ઉપરોક્ત ક્ષેત્રોમાંથી પસાર થવું જ પડે છે.**

ભૌતિક ક્રિયા-વ્યાપારની ક્ષણભંગુરતાને સમજીને, સારી રીતે પોતાને માટે શાંતિ પ્રાપ્ત કરવા માટે ભૌતિક પદાર્થોનું અવલંબન છોડી દેવું જોઈએ. આપણું મન કહેવા માટે તો એમ કહે છે કે સંસાર(નું) સુખ મિથ્યા-ખોટું છે અને ઈન્દ્રિય સુખની શોધમાં ભટકવું એ બંધનને વધારે પ્રમાણમાં દૃઢ કરવા જેવું છે, પરંતુ અંદરખાને તો તે (મન) ઈન્દ્રિયસુખની લાલસા છોડવા માટે તૈયાર થતું નથી. આ એક પાખંડ / ઢોંગ છે. જ્યારે પરમાત્માને ત્યજીને અન્ય (પાર્થિવ બાબતો) માં સુખનો સ્રોત છે એમ જીવાત્મા માનવા પ્રેરાય ત્યારે સમજી લેવું જોઈએ કે તેનું મન ભ્રાંતિમાં પડી ગયું છે. ધન, શક્તિ, પદ, પત્ની, બાળકો આ બધામાંથી કોઈ તમારી શાંતિના સ્રોત બની શકે નહિ, અને કોઈ (તમે ન ઈચ્છો ત્યાં સુધી) તમારી શાંતિને હરી લેતું પણ નથી. *શાંતિ કાયમ તમારી પહોંચની અંદર જ છે, કેમકે તમારા આત્માનું મૂળ લક્ષણ જ શાંતિ છે,* **સાધારણ ઈચ્છાઓની પૂર્તિમાં રચ્યા પચ્યા રહેવું તેમાં દુઃખ અને દાસત્વના બીજ છૂપાયેલાં છે, ઈચ્છાઓને ત્યાગવામાં જ શાંતિનું સાચું રહસ્ય છૂપાયેલું છે.**

તમારી માનસિક દૃષ્ટિ સમક્ષ અહંશૂન્ય (રાગ-શૂન્ય) પવિત્રતાની પ્રતીમાને પ્રત્યક્ષ કરીને તેને પૂજાના ઉપકરણના રૂપમાં સ્થાન આપો, જેથી તમારા અંતઃકરણમાં અવિચ્છિન્ન/અખંડ શાંતિ બિરાજમાન રહી શકે. **પવિત્રતા જ શાંતિનો પર્યાય છે.**

જે સમાજમાં લાલતા/લોલૂપતા ફેલાયેલી હોય અને વૈચારિક અરાજકતા/અસ્થિરતા પ્રવર્તમાન હોય ત્યાં મન આત્મિક/સાચી શાંતિનો અનુભવ કરી શકતું નથી. એ *શાંતિ જાળવી રાખવા માટે પોતાના મનમાં વિવેક, વૈરાગ્ય, ભક્તિ અને સમર્પણની ભાવના દૃઢ કરતા રહેવી જોઈએ.*

તમારી અને તમારી શાંતિના વચ્ચે ભૌતિક વસ્તુઓની ઈચ્છા એક અભેદ દિવાલ રૂપે ઊભી હોય છે, આ ઈચ્છારૂપી દિવાલને હટાવી દો એટલે તુરત જ તમોને પરમશાંતિનું વરદાન અને અનુભવ પ્રાપ્ત થશે.

ઈચ્છા પોતાની રીતે તે તમારી પ્રગતિમાં બાધક નથી. પરંતુ તેની ઉપર સંયમ અને નિયંત્રણ કરવાથી તમે શાંતિના પંથે આગળ વધી શકશો. સાંસારિક સુખોનો ઉપભોગ કરવાની ઈચ્છા તમારા માર્ગમાં બંધન અને વિપત્તિના કારણરૂપ બને છે. પરંતુ ઈચ્છાની એ જ બાબતને ભૌતિકતા તરફથી વાળીને ઈશ્વરાભિમુખી બનાવી દેવામાં આવે તો તે તમને પરમ આનંદ આપીને સ્વતંત્રતાના સ્વર્ગ સુધી પહોંચાડી દેશે.

એક વખત કેટલાક તપસ્વીઓ પાપની સમસ્યાના બારામાં વાદ-વિવાદ કરી રહ્યા હતા. તેઓ સર્વસંમતિથી એ તારણ ઉપર આવ્યા કે ઈચ્છા જ પાપની જનની/કારણભૂત છે, તેથી મનુષ્યની તે શત્રુ છે. એટલામાં અચાનક તેમની સામે દેવાંગના જેવી એક સુંદરી પ્રત્યક્ષ થઈ. તેણે જણાવ્યું કે, 'હું ઈચ્છા શક્તિની પ્રતિમૂર્તિ છું.' બધા તપસ્વીઓને સંબોધન કરતાં તેણે પૂછ્યું : 'શું હું તમારી શત્રુ છું ? શું મેં તમારા હૃદયમાં મારું નિવાસસ્થાન નથી બનાવ્યું ? શું તમે ઈશ્વરદર્શન માટે એટલી કઠણ-તપસ્યા અને ધ્યાન-સાધનામાં તત્પર થયા નથી ? હું તમારી તપસ્યાની અંદર રહેલી શક્તિ છું. એટલું કહીને તે સુંદરી (ઈચ્છા-શક્તિ) અદૃશ્ય થઈ ગઈ. તપસ્વીઓના મનમાં તુરત જ એ સત્ય ઉદિત થયું કે **ઈચ્છા પોતાપણામાં પોતાની રીતે મનુષ્યની શત્રુ નથી. મનુષ્યની અજ્ઞાનતા એ જ સાચી શત્રુ છે જે મનુષ્યને ભૌતિક જગતની ભ્રાંત બાબતોમાં ફસાવી દે છે અને સાંસારિક બંધનોથી જકડી રાખે છે.**

**આ નામ-રૂપાત્મક દૃશ્ય જગત એ સત્યની છાયા છે અને નિઃસીમ બ્રહ્મનું પ્રતિબિમ્બ છે.** તે તમને સ્થાયી સુખ અને શાંતિ કેવી રીતે આપી શકે ? **તમે તમારી અંતર્દૃષ્ટિને એટલી તેજ બનાવો કે વસ્તુઓનું સાચું સ્વરૂપ સમજી શકો.** તમે તમારું શિક્ષણ, જ્ઞાન અને સાંસારિક જીવનના અનુભવનો ઉપયોગ કરીને ક્ષણભંગૂર વસ્તુઓમાંના સત્ય સ્વરૂપને જાણવા પ્રયત્ન કરો. બાહ્ય સ્વરૂપોની મોહકતાના ભ્રમમાં ન પડશો. કેવળ આત્મામાં જ આકર્ષણ (સત્ય) અંતર્ગત રીતે રહેલું છે. કારણકે આત્મા જ સઘળાં સૌંદર્યનો સ્રોત મૂળસ્થાન છે. તેથી અવિચળ બુદ્ધિનો વિકાસ કરો. રૂપ તો બદલાતું રહે છે, સંસારની સઘળી વસ્તુઓ સતત બદલાતી જ રહે છે. તેથી માયાના પડદાની પાછળ રહેલી વસ્તુઓને સમજવાનો પ્રયત્ન કરો અને આ નામરૂપાત્મક (મિથ્યા) જગતના મૂળમાં રહેલ જ્યોતિર્મય સ્વરૂપનું દર્શન કરો. જ્યારે દૃષ્ટિ વસ્તુઓના સાચા સ્વરૂપમાં રહેલ સત્યને ન જોતાં બ્રહ્મરૂપમાં ભટકી જાય છે, ત્યારે તે સત્યના પંથેથી વિચલિત થઈ જાય છે અને પોતાની માનસિક શાંતિને ખોઈ બેસે છે. **આપણી અંદર અમર દિવ્યતા છૂપાઈને રહેલી છે તેને જોવા માટે પોતાની દૃષ્ટિને અન્તર્મુખી બનાવો.** તમારી એ દિવ્યતાનો મહિમા, વિવેક, શક્તિ અને શાંતિને કોઈ સીમાડા નથી, તે અસીમ છે, અનંત છે. **નાશવંત જેવી બાબતો ઉપર પ્રેમ-સ્નેહ વધારીને આપણે આપણી જાતને છેતરીએ છીએ અને એ રીતે ઈન્દ્રિય સુખોની બાબતોના બંધનમાં બંધાઈએ છીએ.** ઈશ્વરને કરેલો પ્રેમ જ આત્માને મુક્ત કરી શકે છે અને તમારી ઉપર શાંતિ, આનંદ, એકતા, તૃપ્તિ, શાશ્વત સુખ અને મંગલમય અમરતાના વરદાનની વર્ષા કરે છે.

**અસ્વસ્થ અને સ્વચ્છંદી (અનિયંત્રિત) ઈચ્છાઓ મનને હંમેશ અશાંત અને ઉદ્વિગ્ન રાખે છે.** મનમાં જે ઈચ્છાઓ સંગ્રહાતી જાય છે તેને વાસના કહેવાય છે. મનુષ્યની ઈચ્છાઓ જ્યારે ભ્રમિત થઈ જાય છે/બહેકી જાય છે ત્યારે વાસના અંદરથી આક્રમણ કરે છે. પરિણામ એ આવે છે કે ઘણી મહેનતે મેળવેલી મનની શાંતિ નષ્ટભ્રષ્ટ થઈ જાય છે. દૃશ્ય જગતને જ સત્ય માનીને અને વિશ્વાસ મૂકીને ચાલવાથી આપણા મનની વૃત્તિઓ બહિર્મુખી થઈ જાય છે અને ઉપર ઉપરની ચમક દમક

તરફ આકર્ષાય છે અને મોહજાળમાં ફસાઈ જાય છે. વાસના અને બહિર્મુખી વૃત્તિઓની શક્તિઓનો ખૂબ આક્રમક રીતે સામનો કરવો જોઈએ અને મનને સહજ શાંતિની દશામાં રાખવા પોતાનો વિવેક જાગૃત કરવો જોઈએ અને મિથ્યા બાબતોમાં જ્ઞાનપૂર્વકની જાગૃતિ લાવી વૈરાગ્યનો વિકાસ કરવો જોઈએ. આધ્યાત્મિક દીક્ષા સમારોહ વખતે શ્રીમાઁએ 'મહાવાક્ય' (મંત્ર)ની સાથે સાથે જે આધ્યાત્મિક શક્તિનું તમારી અંદર સંચરણ કર્યું હતું, તેના વડે તમે વિવેક અને વૈરાગ્યનો વિકાસ કરી શકશો. 'મહાવાક્ય' (મંત્ર)ના અર્થનું ઊંડાણપૂર્વક અને શ્રદ્ધાથી મનન કરવું જરૂરી છે. કેવળ ધ્યાનના એકાંત સમયમાં જ નહિ પરંતુ સાંસારિક ક્રિયા ચાલતી હોય તેવા સમયે પણ તમે પોતાનું આત્મજ્ઞાન સતત-નિરંતર જાળવી રાખો. **જ્યાં સતત આત્મજ્ઞાન, આત્મચૈતન્ય (જાગૃતિ)ની સ્થિતિ હોય ત્યાં દુઃખ અને ચિંતાઓનો શો ભાર છે ! તે કેવી રીતે તમને નડી શકે ?**

આત્મજ્ઞાન કહેવાનું શ્રીમાઁનું તાત્પર્ય કેવળ અંતર્મુખી ચિંતનનો બૌદ્ધિક અભ્યાસ કરવો એ માત્ર નથી. દેહ, મન અને અહં (સ્વ) પ્રત્યે આનંદપૂર્ણ નિઃસંગતાની ગંભીર ભાવના પેદા કરવા બાબતે છે. બાળકો ! તમારામાંથી જેમની 'મહાવાક્ય' (મંત્ર) માં રહેલ ઉચ્ચતમ વિચારના જ્ઞાનની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે તેમણે તે વધારે તપ કે તંગ જીવન પ્રાપ્ત કર્યા વગર જ સતુચિદાનંદમયી-શક્તિના અનુભવનું સૌભાગ્ય અવશ્ય પ્રાપ્ત થશે. પરંતુ ધ્યાન-અભ્યાસ-જાપ-ને સતત ચાલુ રાખવો આવશ્યક છે. હવે જ્યારે *તમારામાં આંતરિક નિઃસંગતાની જે ભાવના પેદા થતી જાય છે તે તો તમને પ્રાપ્ત થનારા અલૌકિક અનુભવની આનંદની ઝલકમાત્ર છે.*

(-ક્રમશઃ)

★ ★ ★

# સાધન સમર અર્થાત્ દેવી મહાત્મ્ય

લેખાંક : ૧૫

....✍ : **પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય**

**સહાયક : શ્રી ચંદ્રકાન્ત જાની**

**"बनी विश्व की वाटिका है विशाला।**
**कुजे कोकिला मत्त त्रिपुराम्ब बाला।**
**कली, फूल, फल, पत्र में है समायी**
**परब्रह्म रूपां भवानीं भजामि ॥ १ ॥**

ઉપાસક મિત્રો ! આ લેખમાળમાં આપણે શ્રીદેવી-સૂક્ત (હું કોણ છું ? ), અર્ગલા (માતૃભિમુખી ગતિ), કીલક (અધિકાર-નિર્ણય) અને કવચ (માતૃ-અનુભૂતિ) બાબતે કિંચિત્ રસપાન કર્યું. હવે શ્રી દુર્ગાસપ્તસતી માહાત્મ્યના ૧ થી ૧૩ અધ્યાયનું ક્રમશઃ વર્ણન આવશે. તેના અર્થગાંભિર્યમાં જવા માટે આપણે થોડો શ્રમ લઈશું. પહેલા અધ્યાયથી શરૂ કરીએ તે પહેલાં શ્રીદુર્ગાસપ્તસતીના પાઠ કેવી રીતે શરૂ કરવા જોઈએ અને તે અંગે શું શું ધ્યાનમાં રાખવું જોઈએ તે બાબતે થોડુંક જોઈએ તો અસ્થાને નહિ ગણાય.

આ ઉપાસના બાબતના અભ્યાસુ પરમ ભવદિય મહામહોપાધ્યાય પંડિત શ્રી હાથીભાઈ હરિશંકર શાસ્ત્રીજી તેમના મંતવ્યમાં જણાવે છે કે, શ્રી દુર્ગાસપ્તસતી માર્કંડેય પુરાણની અંદર તેર અધ્યાયમાં શક્તિ મહાત્મ્યનું દર્શન કરાવતા એક ભાગ રૂપે છે જેમાં સકળ પુરુષાર્થોને આપવાવાળા શક્તિ સ્વરૂપ ચરિત્ર, ઉપાસના તથા સાધનાના ઉપાય ઈત્યાદિનું યોગ્ય રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે.

ઉપાસના માટે ઉત્સાહી એવા કેટલાક ઉપાસકો જાતે જ પુસ્તકમાં જોઈને જાપ-પાઠ-અનુષ્ઠાન વિગેરે

કરવા લાગી જાય છે અને (પુસ્તકમાં વર્ણવેલ) સિદ્ધિ પ્રાપ્ત ન થતાં ભ્રમરો ચડાવીને કહે છે કે, 'કળિયુગમાં મંત્રની શક્તિ નષ્ટ થઈ ગઈ છે' અને એમ પણ કહે છે કે 'कलो चण्डिविनायकौ' જેવા વાક્યો એ લોકોને ભરમાવવાની બાબતો છે. તેથી આમ શા માટે થવા પામે છે તે પહેલાં જોઈશું.

**સાચી ઉપાસના માટે ગુરુપરંપરા જેમની અતૂટ હોય એટલે કે લાંબા સમયથી ચાલી આવતી હોય તેવા સાત્વિક ઉપાસક પાસેથી શ્રી દુર્ગાસપ્તશતીની વિધિવત્ દીક્ષા લેવી જોઈએ.** જો દીક્ષા લેવી શક્ય ન હોય તો તેમની પાસેથી ઉપદેશ ગ્રહણ કરીને જાતે જ શ્રી દુર્ગાશપ્તશતીના એક હજાર પાઠ કરવા જોઈએ. ત્યાર બાદ તેનો દશાંશ હોમ, તેનું (હોમનું) દશાંશ તર્પણ, તેનું (તર્પણનું) દશાંશ માર્જન, તથા તેનું (માર્જનનું) દશાંશ બ્રહ્મભોજન કરાવવું જોઈએ. ત્યાર બાદ પંચાંગ-પુરશ્ચરણથી મંત્ર સિધ્ધ કરવો જોઈએ. સાથે સાથે દુર્ગામન્ત્ર (નવાર્ણ મંત્ર) ની દીક્ષા કે ઉપદેશ લઈને વર્ણ લક્ષ (મંત્રના જેટલા વર્ણ હોય તેટલા લાખ) જપ શુદ્ધતાપૂર્વક કરવા જોઈએ. આ પ્રમાણે જો અનુષ્ઠાન સંપન્ન થાય તો જ ચોક્કસ રીતે ઈચ્છિત ફળની પ્રાપ્તિ થશે.

પાઠ કે પુરશ્ચરણ કરનાર વ્યક્તિ પોતાના નિત્યકર્મ (બ્રહ્મકર્મ) માં શ્રધ્ધાવાળો અને કુશળ (જાણકાર) હોવો જોઈએ, અને બ્રહ્મચર્યાદિ નિયમોને પાળતો હોવો જોઈએ. તન્ત્ર (શાસ્ત્ર) ના જણાવ્યા અનુસાર સ્તોત્ર-પાઠનું શરૂઆતનું અંગ (વિધિ) અને પાઠ પછીના અંગ (ક્રિયાવિધિ) જાણીને તેનો પ્રયોગ કરવો જોઈએ, અને એકાગ્ર ચિત્તે મન્ત્રના અર્થનું સદાય ચિંતન કરતાં કરતાં નાસાગ્ર (નાસિકા - નાકના અગ્રભાગ તરફ) દ્દષ્ટિ રાખી સંપુટ સહિત પાઠ કરવો જોઈએ. મંત્રશાસ્ત્રમાં જણાવ્યું છે કે જે હજારથી વધારે (વર્ણવાળા) શ્લોક-સ્તોત્રનો પાઠ તેના (સ્તોત્રના-પુસ્તકના) પાના હાથમાં લઇ એકાગ્રતાથી તેનો પાઠ કરવો. શ્રી દુર્ગાસપ્તશતી સ્તોત્રના નામ પ્રમાણે સાતસો શ્લોક છે તે કંઠસ્થ ન થાય તો ભૂલ ન થાય એટલા માટે પુસ્તક હાથમાં લઈને ધ્યાનથી પાઠ કરવો તેવી આજ્ઞા છે. આમ (પુસ્તકને હાથમાં લઈ) પાઠ કરતાં શરૂથી અંત સુધી ચિત્તની સાવધાની રાખવી અને તેને ક્યાંય ભટકવા ન દેવું. આ માટે ખાસ સાવધાનીથી પુસ્તકમાં જોતાં જોતાં ધીરે ધીરે સ્પષ્ટ ઉચ્ચારણથી પાઠ કરવો આવશ્યક છે. *જો આ બધી બાબતોને ઉપાસક ધ્યાનથી સમજી લે અને જીતેન્દ્રિય થઈ વિધિપૂર્વક અનુષ્ઠાન કરે તો આ પરાશક્તિનો અનુગ્રહ તેને અવશ્ય પ્રાપ્ત થાય છે.*

અત્રે 'પરાશક્તિ' પદનો અર્થ મહાલક્ષ્મીજી સાથે છે. કેમ કે (શ્રી દુર્ગાશપ્તશતીના) પ્રાધાનિક રહસ્યમાં, જ્યાં ત્રિમૂર્તિના ઉદ્ભવનો પ્રસંગ આવે છે ત્યાં 'सर्वस्याद्या महालक्ष्मीः' એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. જો કે મહિષાસુરના શમન માટે દેવોના તેજથી શ્રીમાતા પ્રાદુર્ભાવ પામ્યા તેવો ઉલ્લેખ છે, પરંતુ આ શ્રીમાતા પરાશક્તિ મહાલક્ષ્મી પ્રકૃતિરૂપા છે અને ત્રિમૂર્તિમાં આવરાયેલા મહાલક્ષ્મી પ્રાધાનિક રહસ્યમાં વર્ણવાયેલાં 'श्री पद्मे०' ઈત્યાદિ પદમાં વર્ણવાયેલાં છે. તેમનું જ તામસરૂપ શ્રી મહાકાલી છે તથા સાત્ત્વિકરૂપ શ્રી મહાસરસ્વતી છે. અને આમ **શ્રીમાતા ત્રિગુણાત્મિકા હોઈ સર્વમાં વ્યાપીને રહેલાં છે.** (-ક્રમશઃ)

★ ★ ★

**પરમધ્યેયની વિસ્મૃતિ આત્મઘાત છે.**

**- અમૃતમ્**

# કામાખ્યા તન્ત્રમ્

લેખાંક : ૬

....✍ : 'દુર્ગાબાળ' સુ.શ્રી દમયંતી જાની

**(સદ્ગુરૂદેવના માર્ગદર્શન મુજબ ઉપાસના કરનારને જ સિધ્ધિ વરે છે.)**

*કુદરતના નિયમરૂપી મહાસાગરમાં નામ, રૂપ અને વ્યક્તિઓ માત્ર પરપોટા સમાન છે. ત્રણે કાળમાં જે બાધિત ન થાય અને નિત્ય રહે, એ જ ધર્મનું સત્ય સ્વરૂપ છે. ધર્મ એટલે તો જે આપણને આપણા મૂળ સ્થાને પાછા પહોંચાડે છે તે.*

*- સ્વામી રામતીર્થ - વચનામૃતમ્*

(પાંચમું પટલ - ગતાંકથી આગળ)

**सिद्धोऽसाविति चेत् ख्यातो वहुभिः शिष्य-पालकः ।**
**चमत्कारी देव-शक्तया सद्-गुरूः कथितः प्रिये ! ॥ २८ ॥**
**अश्रुतं सम्मतं वाक्यं व्यक्ति साधु मनोहरम् ।**
**तन्त्रं मन्त्रं समं वक्ति य एव सद्-गुरूश्च सः ॥ २९ ॥**

વધારે (ઘણા) શિષ્યોના આશ્રયસ્થાન હોવાથી તે (ગુરુદેવ) સિધ્ધ (વ્યક્તિ) છે એવી ખ્યાતિને પ્રાપ્ત થાય છે. હે પ્રિયે! 'સદ્-ગુરુ' દેવદૈવી શક્તિવાળા (ચમત્કારપૂર્ણ) કહેવાય છે. જે મનોહર, હિત કરવાવાળા, અભૂતપૂર્વ, તર્કસંગત વાત કરવાવાળા, અને મન્ત્ર-તંત્ર યુક્ત ઉપદેશ કરે છે તે જ 'સદ્ગુરુ' છે. (મંત્ર : ૨૮ અને ૨૯)

**सदा यः शिष्य-बोधेन हिताय च समाकुलः ।**
**निग्रहानुग्रहे शक्तः सद्-गुरूर्गीयते वुधैः ॥ ३० ॥**
**परमार्थे सदा दृष्टिः परमार्थ प्रकीर्तितम् ।**
**गुरू-पादाम्बुजे भक्तिर्यस्यैव सद्-गुरूः स्मृतः ॥ ३१ ॥**

જે હમેશાં શિષ્યને ઉદ્બોધન (ઉપદેશ) અને તેના કલ્યાણ કરવા માટે તત્પર છે તથા નિયમપાલન અને કૃપા કરવાના કાર્યમાં સમર્થ છે તે જ 'સદ્ગુરુ' છે. તેમની દષ્ટિ સદાય પરમાર્થ કરતી રહે છે અને જેમની દષ્ટિ (પોતાના) ગુરુચરણકમળમાં (તેમના ઉપદેશને સાર્થક કરવામાં) જોડાયેલી રહેલી છે, તે જ 'સદ્ગુરુ' માનવામાં આવે છે. (મંત્ર : ૩૦ અને ૩૧)

**इत्यादि गुण-सम्पति दृष्ट्वा देवि ! गुरूं व्रजेत् ।**
**त्यक्त्वाऽक्षमं गुरूं शिष्यो नात्र काल-विचारणा ॥ ३२ ॥**
**केवलं शिष्य-सम्पत्तिर्ग्राहको बहु-याचकः ।**
**व्यङ्गितश्च समक्षे यो लोकैर्निन्द्यो गुरूर्यतः ॥ ३३ ॥**

હે દેવી ! અસમર્થ (અશક્તિશાળી) માનવગુરુને ત્યજીને ઉપર દર્શાવેલ યોગ્ય ગુણોવાળા ગુરુદેવની પાસે શિષ્યે જવું જોઈએ તેમાં કોઈ સંશય રાખવાની વાત નથી. શિષ્યની સંપત્તિને મેળવવાની લાલસાવાળા ઘણા ગુરુ હોય છે, આવાને લોકો વ્યંગમાં ગુરુ (ગુરુઘંટાલ) કહે છે અને નિંદનીય માને છે. (મંત્ર : ૩૨ અને ૩૩)

**कायेन मनसा वाचा शिष्यो भक्ति-युतं यदि ।**
**दृष्ट्वाऽनुमोदनं नास्ति यस्य तद्-वस्तु- कामतः ॥ ३४ ॥**
**कर्मणा गर्हितेनैव हन्ति शिष्य - धनादिकम् ।**
**शिष्य-हितैषिजं लोकं वर्जयेत् तं नराधमम् ॥ ३५ ॥**

મન, શરીર અને વાણીથી ભક્તિવાળો કોઈ શિષ્ય ગુરુદેવ પ્રત્યે અનન્ય ભક્તિવાળો હોય તેવા (શિષ્ય)ની પાસેથી કોઈ પણ વસ્તુ મેળવવાની ઈચ્છા રાખનાર ગુરુને સાંત્વના મળતી નથી. અને તે (ગુરુ) ટીકાને પાત્ર બને છે. જે લોભાયમાન થઈ શિષ્યના ધન આદિની ઈચ્છા રાખે છે તે ગુરુ નહિ પરંતુ અધમ કોટિનો મનુષ્ય છે. (મંત્ર : ૩૪ અને ૩૫)

**महा-विद्यां समादाय वीराचारं ददाति न ।**
**स याति नरकं घोरं शिष्योऽपि पतितो ध्रुवम् ॥ ३६ ॥**
**पशु-भावे स्थितो यो हि कालिका-तारिणी-मनुम् ।**
**दत्वाऽऽचारं वदेन्नैव नरकान्न निवर्तते ॥ ३७ ॥**

જે ગુરુ શિષ્યને "મહા-વિદ્યા" (દશ મહાવિદ્યામાંની કોઈપણ) ની શિક્ષા (મંત્ર) આપીને 'વીરાચાર' (વીર સાધકોએ પાળવાના ઉત્તમ ધર્મ-નિયમ)નું જ્ઞાન નથી આપતા તે ઘોર નરકમાં જાય છે અને શિષ્યને પણ એ માર્ગે લઈ જાય છે તે નિશ્ચિત બાબત છે. પશુભાવ (લોલુપતાવાળા - ભૌતિક પદાર્થો પ્રત્યે આસક્તિવાળા) માં રહીને જે ભગવતી માતા કાલી, અને (માતા)

તારાના મંત્રની દીક્ષા આપીને 'આચાર' (પાળવાના સદ્‌નિયમો) નથી બતાવતા તેવા (ગુરુ) નો નરકમાંથી ક્યારેય છૂટકારો થતો નથી. (મંત્ર : ૩૬ અને ૩૭)

**तस्मात् पशु-गुरुस्त्यक्तः साधकैः सर्वदा प्रिये !**

**पशोर्दीक्षाऽधमा प्रोक्ता चतुर्वर्ग- विघातिनी ॥ ३८ ॥**

**यदि दैवात् पशोर्दीक्षां लभते शक्तिमान नरः ।**

**कौलात् तु कौलिकीं प्रार्थ्य तन्मनुं पुनरालभेत् ॥ ३९ ॥**

એટલા માટે હે પ્રિયે! સાધકો (ઉપાસકો)એ 'પશુ-ગુરુ' (પશુભાવવાળા ગુરુ/ ઉપદેશક)નો ત્યાગ કરવો જોઈએ, કારણ કે 'પશુ-દીક્ષા' અધમ (દીક્ષા) કહેવાઈ છે. તેવી દીક્ષા ચતુર્વિધ પુરુષાર્થ અર્થાત્ ધર્મ-અર્થ-કામ- અને મોક્ષના માર્ગમાં વિશેષરૂપે બાધક (નડતર રૂપ) છે. સંજોગવશાત્ કોઈ શિષ્ય દ્વારા (ભૂલમાં) આવી દીક્ષા લેવાઈ હોય તેવા એ (સાધકે) કોઈ કૌલ (સાત્ત્વિક ઉપાસક) ને વિનંતી કરીને તેમની પાસેથી ફરી દીક્ષા લેવી જોઈએ. (મંત્ર : ૩૮ અને ૩૯)

**तदा विद्या प्रसन्ना स्यात् फलदा जननी सदा ।**

**अन्यथा विमुखी देवी कुतस्तस्यैव सद्-गतिः ॥ ४० ॥**

**पूर्वोक्त-दोष-युक्तश्च दिव्यो वा वीर एव वा ।**

**तयोरपि न कर्तव्या शिष्येण गुरू-भावना ॥ ४१ ॥**

**किन्तु भाव्यं हितैषित्वं गुरुता-कल्पनां त्यजेत् ।**

**दिव्ये वीर-वरे वापि न दोषोऽत्र शिवाज्ञया ॥ ४२ ॥**

જ્યારે ઉપાસક કૌલ સાધક (સાત્ત્વિક ગુરુ-દેવ) પાસેથી આ વિદ્યા (મંત્ર) મેળવે છે ત્યારે તે માતાની સમાન ઈચ્છિત ફળને આપવાવાળી બની જાય છે. આમ ન થાય ત્યારે દેવીમાતા ઉપાસકને ફળદાયી બનતાં નથી. તેનાથી વિમુખ બની જાય છે, અને ઉપાસકને સદ્‌ગતિ પ્રાપ્ત થતી નથી. અગાઉ દર્શાવેલ દોષવાળો (પશુભાવ યુક્ત ગુરુવાળો) કોઈ દિવ્ય સાધક હોય કે વીર સાધક, આ બન્ને પ્રત્યે શિષ્યે ગુરુભાવના રાખવી નહિ અને કેવળ તેમને હિતેચ્છુ જ સમજીને ગુરુ માનવા છોડી દેવા જોઈએ. આમ કરવામાં કોઈ દોષ થતો નથી. ભગવાન શિવનો આ જ આદેશ છે. (મંત્ર : ૪૦ થી ૪૨)

**॥ श्रीदेव्युवाच ॥**

**दिव्यतो वीरतो देव ! पशुतः किं विशेषतः ।**

**वद मे परमेशान ! श्रोतुं मे चित्तमुत्सुकम् ॥ ४३ ॥**

શ્રીદેવી બોલ્યા - હે પરમેશ્વર! 'દિવ્ય', 'વીર' અને 'પશુ' આ સાધકોમાં શું વિશેષતા છે, એ સાંભળવા મારું મન (ઘણું) ઉત્સુક છે. (મંત્ર : ૪૩)

**॥ श्रीशिव उवाच ॥**

**शृणु देवि, जगद्-वन्द्ये ! यत्-पृष्टं तत्त्वमुत्तमम् ।**

**दिव्यः सर्व-मनोहारी मित-वादी स्थिरासनः ॥ ४४ ॥**

**गम्भीरः शिष्ट-वक्ता च सभाव-ध्यान-तत्परः ।**

**गुरू-पादाम्वुजे भीरूः सर्वत्र भय-वर्जितः ॥ ४५ ॥**

**सर्व-दर्शी सर्व-वक्ता सर्व - दुष्ट-निवारकः ।**

**सर्व-गुणान्वितो दिव्यः सोऽहं किं बहु-वाक्यतः ॥ ४६ ॥**

શ્રી શિવ બોલ્યા - હે વિશ્વ-વંદનીય દેવિ ! તમે જે શ્રેષ્ઠ સારવાળી વાત પૂછી છે, તેને સાંભળો. 'દિવ્ય' સાધક બધાને માટે મનોહર, ઓછું (જરૂર પૂરતું જ) બોલવાવાળો, સ્થિર (ચંચળ નહિ તેવો ઠરેલ) હોય છે. તે ગંભીર, સદાચારપૂર્ણ વાત કરવાવાળો, ભાવુક, ધ્યાનના માર્ગે ઊંડે જવાવાળો, ગુરુ-ચરણકમળોને છોડીને અન્ય દરેક (કોઈપણ)થી નિર્ભય, સર્વદર્શી, નિખાલસ (બધી વાતો સ્પષ્ટરૂપે કહેનાર), બધા પ્રકારના અનિષ્ટોથી દૂર રહેનાર અને દૂર કરનાર, સર્વગુણ સંપન્ન અને વધારે તો શું કહું, સાક્ષાત્ મારા સમાન તેજસ્વી હોય છે. (મંત્ર : ૪૪ થી ૪૬)

**निर्भयोऽभयदो वीरो गुरू - भक्ति - परायणः ।**

**वाचालो बल-वान् शुद्धः पञ्च-तत्त्वे सदा रतिः ॥ ४७ ॥**

**महोत्साहो महा-बुद्धिर्महा - साहसिकोऽपि च ।**

**महाशयः सदा देवि ! साधूनां पालने रतः ॥ ४८ ॥**

**तत्त्व-भयः सदा वीरो विनयेन महोत्सुकः ।**

**एवं वहु - गुणैर्युक्तो वीरो रूद्रः स्वयं प्रिये ! ॥ ४९ ॥**

હે દેવિ! 'વીર' સાધક ભય વગરનો, અભયનું દાન આપવાવાળો, ગુરુભક્ત, વાણીમાં વિનયવાળો, શક્તિશાળી, સારા ચારિત્ર્યવાળો, પાંચ તત્વનો પ્રેમી અર્થાત્ તત્વને જાણવાવાળો અને તેમાં ગતિ કરવાવાળો, ઘણો જ ઉત્સાહી, બુદ્ધિમાન, સાહસીક, મોટા મનવાળો અને સજ્જનોને સદાય સહાય કરવાવાળો, એવો ગુણશાળી વીર સાધક નમ્રતાને સદાય આચરવાવાળો હોય છે. હે પ્રિયે! આવા પ્રકારના ઘણા ગુણોવાળો 'વીર' સાધક રુદ્રના જેવો સર્વ-શક્તિમાન હોય છે. (મંત્ર : ૪૭ થી ૪૯)

**पशून् शृणु महा-देवि ! सर्व-देव-बहिष्कृतान् ।**
**अधमान् पाप-चित्तांश्च पञ्च-तत्त्व-विनिन्दकान् ॥ ५० ॥**
**केचिच्छागोपमा देवि ! केचिन्मेषोपमा इव ।**
**केचित् खरोपमा भ्रष्टाः केचिच्च शूकरोपमाः ॥ ५१ ॥**
**इत्याद्याः पशवो देवि ! ज्ञेया दुष्टा नराधमाः ।**
**एषां देव्यार्चनं सिद्धिर्गमनं वा कुतो भवेत् ॥ ५२ ॥**
**अतो हि पशवश्छेद्या भेद्याः खाद्याश्च वीरकैः ।**
**वर्जिताः सर्वथा भद्रे ! परमार्थ-बहिष्कृताः ॥ ५३ ॥**

હે મહા-દેવિ! બધા દેવો દ્વારા બહિષ્કૃત/ તિરસ્કૃત/ અસ્વીકારાયેલ 'પશુ' (વૃત્તિના સાધકો) ભાવ સંબંધમાં સાંભળો. પાંચ તત્વોની નિંદા કરવાવાળા, હલકટ, મનમાં પાપને રાખવાવાળામાં કેટલાક તો છાગ (ખાસ પ્રકારના) બકરાના જેવા અત્યંત કામુક, કેટલાક ઘેટાં જેવાં (અત્યંત) ક્રોધી, કેટલાક ગર્દભ જેવા મૂર્ખ અને કેટલાક સુવર જેવા દુરાચારી હોય છે. હે દેવિ ! આ પ્રમાણે દુષ્ટ, ખરાબ ચારિત્ર્યવાળા મનુષ્યોને પશુ કક્ષાના સમજવા જોઈએ. તેમની દેવી-ઉપાસના ફળદાયી બનતી નથી. તેવા (ને) પરમાર્થના કાર્યોથી હમેશાં દૂર રાખવા જોઈએ. (મંત્ર : ૫૦ થી ૫૩)

(-ક્રમશઃ)

★ ★ ★

# શબ્દબ્રહ્મની ઉપાસના-દિવ્યાનુભૂતિ

....✍ : **સુ.શ્રી રીટાબેન શૈલેષભાઈ સોમપુરા**

નાનપણથી અમારા કુટુંબમાં ભક્તિવાળું વાતાવરણ હતું, અને મારા મમ્મીને માતાજી ઉપર ખૂબ જ શ્રદ્ધા. તે શ્રી દેવી-ભાગવત વાંચતા અને અમે સાંભળતા હતા. શ્રી દેવી-ભાગવતમાં આવેલું કે આ પુસ્તક લખીને આપવાથી ફરી જન્મ થતો નથી. તે વાંચીને મને તે લખવાની ઈચ્છા થઈ અને ઘરમાં મમ્મી તથા પૂ.પપ્પાને વાત કરી કે મારે શ્રી દેવી-ભાગવત લખવું છે. તો તેમણે મને સંમતિ આપી અને સાથ પણ આપ્યો. મેં ૧૭મા વર્ષે શ્રી દેવીભાગવત લખવાનું શરૂ કર્યું અને ૧૯માં વર્ષે માતાજી કૃપાથી પૂર્ણ કર્યું. શ્રી દેવી-ભાગવતમાં માતાજીના મણિદ્વીપ તથા ચિંતામણીભવનનું વર્ણન લખતી ત્યારે મને તેના દર્શન કરવાની ખૂબ જ ઈચ્છા થઈ અને કલ્પના કરીને દર્શન કરતી તે વાતને ૧૭ વર્ષ વીતી ગયા. ત્યારબાદ અમારા પાડોશી અ.સૌ. જ્યોત્સનાબેનને ત્યાં કડીમાં બિરાજતા માતાજી ષોડશીપરામ્બાનું સ્વરૂપ જોયું અને મને દર્શન કરવાની ખૂબ જ ઈચ્છા થઈ. ત્યારબાદ હું તેમની જોડે કડી દર્શન કરવા આવી અને મને જેવી ઉપાસના કરવાની ઈચ્છા હતી અને તેથી પણ વધારે ઉપાસના કરતા પૂ.બા ને જોઈને મને પૂ.બાને જ ગુરુ કરવા છે તેવો મનમાં દૃઢ સંકલ્પ કર્યો અને ઘરમાં સર્વની સંમતિ લઈને પૂ.બાને ગુરુ કર્યા. ત્યાર બાદ મને પૂ.બાને શ્રી દેવી-ભાગવત અર્પણ કરવા માટે પૂ.શ્રીદેવીબા સિવાય બીજું કોઈ પાત્ર યોગ્ય લાગ્યું નહીં. તેથી મેં આસો સુદ.૫-લલિતા પંચમીના દિવસે પૂ.બાની આજ્ઞા લઈ પૂ.બાનું ષોડસોપચાર પૂજન કરી પૂ.બાને શ્રી દેવી-ભાગવત અપર્ણ કર્યું તે દિવસે મને એમ જ હતું કે હું મણિદ્વિપ જઉં છું ખરેખર આ દિવસ મારા માટે જિંદગીનો અમુલ્ય દિવસ હતો.

★ ★ ★

## PIMAGE
## [7] 'જીવનના રંગ'

....✍ : લેફ.કર્નલ શ્રી સી.સી. બક્ષી

20.4.92
Gandhinagar

Dear Parul,

You know we have a tune which is often played by the military and school bands and also sung with gusto by the school children. The words are : *"sare jahan se achchha Hindostan hamara"*. "Our India is better than the whole world." Dr. Mohammad Iqbal wrote it. He belonged to Sialkot, now in Pakistan. He studied at Lahore College and went to England where he got his doctorate. He was a great thinker, writer, poet and a leader. His ideas were dynamic. He was a rebel against social evils and the colonial rulers. Four generations back, his family was Kashmiri brahmin.

He had a feeling that the Muslims did not get a fair deal; they were discriminated against. To express his ire, he wrote a poem, *shikwa*, complaint, addressed to Allah, lamenting about the lot of muslims. They were lofty thoughts. He addressed Allah in the capacity of a representative of the Muslims. But many people took umbrage and objected to it, and created a vociferous uproar. Iqbal wrote another poem, *jawab shikwa*, reply to the complaint, wherein God is supposed to counter the complaint. I will give you a few lines from *Jawab Shikwa*, Allah says :

"We are here to shower grace.
But there is no one asking for it.
To whom shall we show the way, when there are no way-farers ?"
We are keen to create the best of men.
But where is the stuff from which to mould them ?
Upon the deserving, We bestow the greatest kingdom.
To the seeker We grant a new world."

It is a long poem. Man asks for petty favours from God. He does not request for a keen, intelligent, powerful mind. But if he does pray for them, his life here and hereafter will be a blessed one. Parul, we have so often talked about the powers of the mind, of thoughts, Mostly that has been my main theme.

It is said that **the urge has to be grater than the constraint.** Our resolve should be far greater than the obstacles. Let the hurdles appear insurmountable. But our strong determination, courage and a spirit of adventure must be much greater than the difficulties. How can the obstacles stand ? Don't rest on your oars, with legs sprawled. Go on shifting your horizons of success. And after every success say, "**My best is yet to come.**" That way move ahead. Proceed at a steady pace. Do not be rash or impatient; slowly step by step, in easy bounds, you can climb mountains. Quest for excellence is a quest for moral and spiritual achievement. No such endeavour is easy, you must remain vigilant always. **God is a friend of a hard working person. God bestows His grace through a circumstance or His representative. You should learn to identify them. Life is a battle.** Here your imagination also plays an important part. I have read most of the books by Shri Yuvacharya Mahapragya, the Chief disciple of Acharya Tulsi. Those books are worth reading. He says, in the spiritual quest, excellence, we have to make greater sacrifices for achieving greater goals. Life is a quest for excellence, a *sadhana*. There is no reward without penance, tapa. Here penance does not mean torturing the body or inflicting injuries on it. It simply means sell-denial,

subjugation of the mind, bringing it under your control. Control over thoughts is needed. **Remember, now or in future, do not rush to give advice, suggestion, counsel to others nor give your opinion.** Here I am asking you to refrain from all this sand yet I am giving you so much advice. But you are an exception. Do not volunteer to give advice. **Even when sought, use filters in your speech.** Be brief. Listen to this Urdu couplet--

What are you asking about my business ?

I am selling mirrors in the city of the blind.

Mostly it is so. It is God's grace if you can think properly. In the 9.12.91 issue of Chitralekha, I read a small article by Shri Suresh Dalal, "Must ride the potters wheel !" which means one has to go through a "baptism by fire." I have taken it down in my notebook. The last two sentences are : "**Unless a person goes through an experience personally he gains nothing.** To procure anything, confronting the circumstances and brave efforts are inevitable." Parul, I want to add that if a kind person, a master, who has gone through it all analyses his experience and explains the why and **what-for** of it, you can understand the problem without having to go through those difficult circumstances. You can save time from the trial and error learning process.

When you came today we talked about your course, exams and education in general. What pains me is the fact that the prevalent education system does not teach the student anything outside the curriculum. There are many teachers and professors who evade even the laid down courses. It during the vacations the students are given training in mamery and speed reading, both the teachers and the taught will benefit. To achieve this training we have to tackle the mind. But when the teachers are ignorant about it, how can they teach these subjects ? In Bhavnagar, near the Barton Library, I saw a shepherd driving a herd of goats. He prodded the goats with a stick and abused them. A little later, I saw a gaggle of tiny tots escorted by an uncouth, lousy teacher. The little ones walked in rows of threes and fours, about thirty in number. The scruffy teacher was awkwardly munching a tobacco wad and spitting. He carried a babul stick with which he prodded the children, using foul language. He was smoking a bidi. Was he a teacher or a crude shepherd ? Parul, children are the fragrant or a crude shepherd ? **Parul, children are the fragrant flowers of God's garden.** In short, our education system has a number of drawbacks. It is no use crying over it. Once your exams are over, go in for memory training and speed reading courses. It will be a life-time asset. **By investing only a little time and effort, you will reap a rich harvest.** You will be able to save much time and energy. In all these practices, you need a concentrated mind. It is a key to a successful living. I have explained to you that to achieve concentration you do not have to spend money or material; your will and a little time is all that is needed. From a pauper to a prince, all get 24 hours daily. How to invest them is upto us. That is why it is imperative to plan your time wisely and correctly. It includes *suryanamaskars*, a body beautiful, judicious use of cosmetics and beauty aids, control of your thoughts, mind, general knowledge, expertise in your vocation, household chores, etc. And yet, you will be amazed to find that you have a lot of time on your hands. Learn a language, study fine arts, music, etc. You will have a very happy. full and peaceful life.

I told you to develop the "inner" Parul in

you. I hope you remember that you are a Princess; Daughter of shah Saheb but Baba's Princess, God's Princess. This is no small matter. Do you realise how vast and powerful is your potential ? Always remain aware of your latent possibilities. To become an **Image of God,** your development has to take place **from inside out.** But as you achieve these gifts, learn to stomach them. Never show off. Whatever you have acquired is a result of **"Man's effort, God's grace".** Be very careful not to display your inner achievements. In talking, in your behaviour, be gentle. Your voice should be low; do not speak fast, nineteen to a dozen ! Mind your rate of "words per minute". *Normally speak less, speak only if it is useful; do not normally speak unless you are spoken to.* God has given you two ears, but only one tongue. Therefore listen twice more than you speak. In one of my letters I had mentioned Hazrat Nizam - ud - din - Auliya. **In that Chishtia order one of the principles is that, "eat less - speak less - sleep less and meet less number of people".** Do not be too social. There too you must thoughtfully decide how much to socialize and with whom.

**Life is a journey. Take every step carefully.** Do not be fussy, demanding. For a genuine seeker, "all prejudices are finished". Do not get embroiled in the quarrels of caste and creed. **Render whatever service you can as an offering to God and feel grateful to God.** He Himself is hidden in the poor and through them He accepts our service.

Enough for today. May baba bless you always.

Lots of Love

DADU

[–Contd.]

## "PRAYER FOR HEALTH"

.... ✍ : **Kum. AKSHARA BRAHMA**

( This Prayer should be said daily during illness. If possible it should be said at the bedside of the sick.)

(1) Om bhūr bhuvah swah. Tatsavitur vareṇyam bhargo devasya dhimahi, dhiyo yo nah prachodayat.

(2) Om tanupā agné si tanvam me pathi.
Om ayurdā agné syāyurme dehi.
Om varchodā agné si varchi me dehi.
Om agne yanme tanvā unam tanma āpṛina.

(3) Om tejo si tejo' mayi dhehi.
Om viryamasi viryam mayi dhehi.
Om balamasi balam mayi dhehi.
Om Ojo'sy ojo mayi dhehi.
Om manyurasi manyam mayi dhechi
Om sahó si saho mayi dhehi.

(4) Om techchakshur devahitam purāstach chhukram uchcharat. Pashyema sharadah shatam jivema sharadah shatam shriṇuyāma sharadah shatam prabravāma sharadah shatam adinãh syāma sharadah shatam bhuyāshchā sharadāh shātat.

(5) Om āpah shivāh shivatamāh shāntah shāntastamā state kṛinavantu bheshajam.

(6) Om trayambakam yajāmahe sugandhim pushṭivardhanam urvāruk miva bandhanān mrityor mukṣhiya mamritāt.

★ ★ ★



## સાચું ધન

....✍ : શ્રી મયંકભાઈ શુકલ

સીતાપુર નામે એક નાનકડું સુંદર ગામ હતું. ગામમાં કાળુભા નામે વૃદ્ધ સરપંચ રહેતા હતા. સરપંચને ચાર સંતાન હતા. સરપંચ ખાધેપીધે ખુબ સુખી હતા. કોઈ વાતનું દુઃખ હતું નહિ. કાળુભાનો સૌથી નાનો દીકરો માધવ ખુબજ સુશીલ અને સમજદાર હતા.

એક વખત કાળુભા થોડાક બીમાર થયા. તેમને વિચાર આવ્યો કે લાવો દીકરાઓની પરીક્ષા લઈએ. તેમણે ચારેય દીકરાઓને ભેગા કર્યા અને કહ્યું, "જુઓ હવે મારી ઉંમર થઈ છે અને શરીરે પણ પથારી પકડી લીધી છે. મેં મારું ધન આ ગામમાં ત્રણ જગ્યાએ છુપાવેલુ છે. એક ગામના સરોવરમાં, બીજું ગામના સૌથી મોટા વૃક્ષની બખોલમાં અને ત્રીજું ઊંચા ટેકરા ઉપર" તો તમને યોગ્ય લાગે ત્યારે તે લઈ લેજો.

પિતાજીની આ વાત સાંભળી મોટા ત્રણેય દીકરા ત્રણ જગ્યાએ ધન લેવા બીજે દિવસે સવારે નીકળી ગયા. પરંતુ નાનો માધવ તો પિતાજીની સાથે જ રહ્યો. આ જોઈ કાળુભાને આશ્ચર્ય થયું. તમણે માધવને કહ્યું કે તું તારા ભાઈઓ સાથે ધન લેવા ના ગયો ? તને ધન નથી જોઈતું.

આ સાંભળી માધવે કહ્યું, 'પિતાજી આપને આવી અવસ્થામાં મૂકીને હું ધન લેવા કેવી રીતે જઉં? વળી મારું સાચું ધન તો મારા માતા-પિતા છે. અમને શાળામાં શીખવાડવામાં આવે છે કે માતૃ દેવો ભવઃ પિતૃ દેવો ભવઃ તો મારે આપના છુપાવેલ ધન પાછળ શું કરવા જવું ?'

આ સાંભળી કાળુભાની આંખોમાં હર્ષના આસું છલકાઈ ગયા અને માધવને કહ્યું ધન્ય છે દીકરા તને, મેં તો ખાલી પરીક્ષા કરવા કહ્યું હતું. ધન તો ખરેખર મારી પથારી નીચે છે જે હું તને આપું છું કારણકે આ ધન ને પાત્ર માત્ર તું જ છે.

માધવે કહ્યું, 'ના પિતાજી આ ધન મારે નથી જોઈતું પરંતુ જો આપ રજા આપો તો આપ આ ગામના સરપંચ છો તો ગામના કલ્યાણ માટે હું આ ધનનો ઉપયોગ કરું.'

આ સાંભળી કાળુભાએ કહ્યું, 'ભગવાન બધાને તારા જેવા દીકરા આપે.' અને કાળુભાએ બીજા દિવસે પંચ બોલાવી માધવને ગામનો સરપંચ બનાવ્યો.

★ ★ ★

## ઉદરિયું

....✍ : શ્રી રમેશભાઈ ખમાર

કાશી (બનારસ)ની હરિશ્ચંદ્ર સ્કૂલ હવે તો કૉલેજના રૂપમાં ફેરવાઈ ગઈ છે. પરંતુ નાના બાળકોને સ્કૂલ શરૂ થતાં પહેલાં એક સ્થાને એકઠાં કરી દરરોજ ઉપદેશાત્મક બોધ આપવામાં આવતો જેથી બાળકોમાં સ્નેહપૂર્ણ સહયોગ દ્વારા વિશિષ્ટ જીવન જીવવાની ભાવના જાગૃત થાય. આપણે ક્રમશઃ કરીને આ જુદી જુદી બાળવાર્તાનો આનંદ માણીશું.

દત્તાત્રેય મહારાજે ૨૪ ગુરુ કર્યા હતા. તેમણે પર્યાવરણના વિશિષ્ટ અંશો અને નાના નાના જીવજંતુઓમાંથી પણ બોધ પ્રાપ્ત કરી જીવનઘડતર કર્યું હતું. જો આપણે સાચું શિક્ષણ મેળવવું હોય તો શિક્ષકોની કમી નથી. **સંસારની દરેક વસ્તુ કે ઘટનાક્રમમાંથી**

**આપોઆપ શિક્ષા મળતી રહે છે જરૂર છે માત્ર હૃદયરૂપી આંખ ખુલ્લી રાખવાની.**

બાળ મિત્રો ! તમે ઉંદરિયું તો જરૂર જોયું હશે ! જો ન જોયું હોય તો ઘરના વડિલોને કહીને જરૂર જોશો. તે એક પિંજરા જેવું હોય છે. તેની રચના એવી હોય છે કે તેમાં પ્રવેશ કરવાનો એક દરવાજો હોય છે. અને બહારથી તેમાં મૂકેલ ખોરાક કે કડીમાં ભરાવેલ રોટલી-ભાખરીનો ટૂકડો જોઈ શકાય છે. આ ખોરાક પર ઘી તથા હીંગ જેવી સુગંધી વસ્તુ પણ લગાડવામાં આવે છે. ઉંદરની ઘ્રાણેન્દ્રિય (નાક) બહુ તેજ હોય છે. તે ખોરાકની શોધમાં નીકળે ત્યારે નાક દ્વારા ગંધ પારખીને ખોરાક ખાઈ જવા તથા તેને મેળવવા પ્રયત્ન કરે છે. ઘરમાં ઉંદર કપડાં ફાડે કે અન્ય વસ્તુ ઢોળે કે તોડે-ફોડે તે અટકાવવા આ પાંજરાનો ઉપયોગ કરી ઉંદરને પકડવામાં આવે છે. એક વખત ઘરમાં નુકશાન કરતો ઉંદર દરમાંથી બહાર નીકળ્યો. તેને રોટલીની સુગંધની ખબર પડી એટલે પાંજરાની આજુબાજુ આંટો મારી તેમાં જવાના દરવાજામાંથી અંદર દાખલ થયો તેવો જ દરવાજો આપોઆપ બંધ થઈ ગયો અને ઉંદર પૂરાઈ ગયો. જે રોટલી ખાવાના લોભમાં તે પાંજરાની અંદર ગયો હતો તે રોટલી હવે તેને ખાવી ન ગમી અને બહાર નીકળવા ખૂબ પ્રયત્ન કરવા લાગ્યો.

આવી રીતે સંસારમાં બાળકોને ફસાવવા માટે પણ ઉંદરીયા જેવા ફાંસલા (પાંજરા) હોય છે. જેમાંથી બહાર આવવું ઘણું મુશ્કલ હોય છે. અજાણતાં જ બાળકને ફસાવવામાં આવે છે. બાળકને ખબર હોતા નથી કે તેની પાસે ઉપસ્થિત કરવામાં આવેલી વસ્તુ કેટલી નુકશાનકારક છે. બાળકો દોસ્તો સાથે બગીચામાં કે ફરવાના સ્થળે ફરે છે. કોઈ મિત્ર સિગરેટ પીએ અને વટ મારે, સાથે રહેલા દોસ્તને પીવા માટે પણ આગ્રહ કરે. જો તે ના પાડે તો કહેશે આખી નહીં તો અડધી, અરે એક દમ (કશ) તો લગાવ, કેટલી મજા આવે છે. અહીં કોણ જોવાવાળું છે ? અને આવી ગયા ચક્કરમાં, ધીમે ધીમે સિગરેટ પીવાની ને ધૂમાડા કાઢવાની આદત પડી જાય. હવે પૈસા લાવવા ક્યાંથી ? તેથી ખોટું બોલીને માતા પાસેથી કે ચોરી કરીને પૈસા મેળવવાની આદત પડે અને તે પૈસા ખોટે રસ્તે ખાણી-પીણી અને થિયેટરમાં પિક્ચર જોવામાં વપરાય અને અભ્યાસ તથા ભવિષ્ય બગડે.

આમ ઉંદર જેમ રોટલીના ટૂકડા માટે પાંજરામાં પૂરાયો તેમ બાળક પણ કુટેવરૂપી પિંજરામાં પૂરાઈ પોતાનું અહિત કરે છે.

માછલી પકડવાવાળો પણ એક લાંબી લાકડીના છેડે દોરી બાંધે છે અને તે દોરીને છેડે એક આંકડી (અણીદાર હૂક) ભરાવી રાખે છે. આ આંકડીની ઉપર લોટની ગોળી ચોંટાડી દે છે અને તેને પાણીમાં ડુબાડી દે છે. માછલી ધીરે ધીરે લોટની ગોળીને સ્પર્શ કરીને દૂર જતી રહે છે. વળી પાછી તેની પાસે આવે છે. આમ બે-ત્રણ વાર થાય પછી તે લોટને ખાવાનું મન કરીને મોઢું ખોલી લોટ ખાવા માંડે. **પ્રલોભન, આદિ ખરાબ આદતો છે જે મનુષ્યને લલચાવીને ફસાવે છે અને નુકશાન કરે છે.**

પહેલાં લોકો એ રસ્તે જતાં ડરે છે, પછી શરૂ કરતાં પહેલાં આજુબાજુ જોઈ લે છે કે કોઈ જોતું તો નથી ને ? અને આમ ધીરે ધીરે આદત પડી જાય પછી બેફામ અને નિર્લજ્જ થઈને જાહેરમાં પાપ કરવાનું શરૂ કરી દે છે.

બાળકોએ આવી બાબતોથી ખાસ સતર્ક રહેવું જોઈએ. તેની ચારે તરફ ઉંદરિયા છે જે તેમને લલચાવવા-ફસાવવા પ્રયત્ન કરે જ. બાળ મિત્રો આવી બાબતોથી ન ફસાવા માટે તેનાથી દૂર જ રહેવું સારું.

★ ★ ★




## જનેતા હોતો આવી હો

....✍ : શ્રી મણિભાઈ આ. નાયક

કઠણ જપ જોગ ધરનારી, જનેતા હો તો આવી હો.
જુવાનીને જીરવનારી, જનેતા હો તો આવી હો.
સજ્યા સંયમના શણગારો, શ્રીવિદ્યાના અલંકારો.
સદાયે પ્રસન્ન મુખવાળી, જનેતા હો તો આવી હો.
લીધો અવતાર અવનીમાં, જશુબા નામ ધારીને.
હજારો જીવ દીધા તારી, જનેતા હો તો આવી હો.
મંત્રની ચેતના જેના, રગેરગમાં રમી રહી છે.
મંત્રનાં દાન દેનારી, જનેતા હો તો આવી હો.
કરી દીધું જીવન અર્પણ, ત્રિપુરા માનાં ચરણોમાં.
સમર્પણ ભાવ ધરનારી, જનેતા હો તો આવી હો.
નથી રાગી, ન વિરાગી, નથી ત્યાગી કે ના ભોગી.
નિજાત્મામાં વિહરનારી, જનેતા હો તો આવી હો.
સકળ સુખ માની લીધું છે, ત્રિપુરામા-ની સેવામાં,
સદા સંતુષ્ટ મનવાળી, જનેતા હો તો આવી હો.
નથી આરામ નિદ્રા કે નથી ભોજન તણી પરવા.
પૂજાપાઠે ધરાનારી, જનેતા હો તો આવી હો.

★ ★ ★

## શ્રીદેવીબા–શિવગુરૂદેવ અષ્ટકમ્

....✍ : શ્રી હિતેન્દ્ર રાજ્યગુરૂ (લેસ્ટર)

(અછાંદસ-ભાવકૃતિ)

શ્રી ષોડષનામ્નિ પ્રલીનન્તં - શ્રીમન્ શ્રીષોડશીદર્શકમ્ !
શ્રી ષોડશીપરામ્બા પ્રિયં શાન્તં શ્રીદેવી-શિવગુરૂ નમામ્યહમ ॥
શ્રીષોડશીપરામ્બા પદામ્ભોજં - સેવને દત્ત માનસમ્ ।
શ્રીવિદ્યોપાસક દિવ્યં - શ્રીદેવી-શિવગુરૂ નમામ્યહમ ॥
ભક્તેચ્છા પુરસ્કૃતં નિત્યં - શ્રી કડીધામ વાસિનમ્ !
લલિતા ત્રિપુરસુંદરી કૃપાપાત્રં શ્રીદેવી-શિવગુરૂ નમામ્યહમ ॥
શ્રીષોડશીમંત્ર જપં યસ્ય - જીવનં પરમં મતમ્ ।
વિશ્રામ-સ્થાનમાર્તંડં - શ્રીદેવી-શિવગુરૂ નમામ્યહમ ॥
લલિતા ત્રિપુરસુંદરી-ગણપતિ વેત્તં, શ્રી ષોડશીમંત્ર પરાયણમ્ ।
મહાદેવ - પ્રિયં તં શ્રી - શ્રીદેવી-શિવગુરૂ નમામ્યહમ ॥
જ્ઞાન-ભક્તિ-વિરાગાણાં - ત્રીવેણી સંગમ પરમ્ ।
એકમ્ શ્રેય - નામાનં - શ્રીદેવી-શિવગુરૂ નમામ્યહમ ॥
જગદ્‌વિખ્યાત સત્કીર્તિ - ગુરૂમંડલે ચ શિરોમણીમ્ ।
શ્રી ષોડશીમંત્ર જપન્તં - શ્રીદેવી-શિવગુરૂ નમામ્યહમ ॥
કામેશ્વર-કામેશ્વરી સ્વરૂપં શ્રીદેવી-શિવગુરુ સ્વયં,
ભકતાનાં અભયંકર્તા, સર્વાર્થ મોક્ષદાયકં ॥

ફળશ્રુતિ

શ્રી દેવી-શિવગુરૂ દેવાષ્ટકં દિવ્યં - જપન્ત્યુ સર્વદેશિકમ્ ।
ગુરૂમંડલે પરમં તં શ્રી - મોક્ષ પ્રાપ્પતિ ન શંશયં ॥
શ્રી બાલાત્રિપુરસુંદરી કૃપાપ્રસાદાત્-રાજ્યગુરૂ કુલે દિવાકરે ।
અર્પિતં ભક્તિ ભાવેન - હિતેન્દ્ર રાજ્યગુરૂણા પરામ્ ॥

★ ★ ★

## વીતેલા વર્ષની વ્યથા

....✍ : શ્રી યશવંત કડીકર

(અછાંદસ)

પૂરા ત્રણસો દિવસ .... સુધી
સાંભળ્યા છે મેં.... તમારા કરતૂતો
હિંસા અને બળાત્કારની.... પરંપરા
કાળા કારનામાં ... તમે પણ મારું સ્વાગત્
કર્યું હતું... બરાબર.... આ જ રીતે
લીધી હતી આ જ પ્રતિજ્ઞાઓ... અજવાશની
વહેંચી હતી... મિઠાઈ... ભાઈચારાની... તો પણ
છે... કલંકિત... મારી આંગળીઓ
કોમી રમખાણોથી... બેઠો છે... મારી છાતી પર
જંતુઓ.... પ્લેગ અને મેલેરિયાના
ચોંટ્યા છે.... કેલેન્ડર પર... ઝેરી ડંખ
અકસ્માતોના...મારી બારમાસી ખેતીમાં
ઊગાડયા છે... યુરિયા...ધતૂરા....
જોયા છે, મારી આંખો છે... ખેતરમાં
કાંટાળા છોડ.... આપ્યો હતો મેં તને
મૂલ્યવાન સમય... અને તું તો ?
નીકળ્યો.... સાવ.....વામન !
કહો... શું ધોઈ શકશે.... કોઈ વરસાદ ?
મારા ભાગમાં લખાયેલા લોહીના ડાઘોને !
સાંભળશો... મારી વ્યથા... અંધારી નગરીમાં ?
આમે હું તમારી ખુશીમાં ....નહી જાઉં
સાંભળીને .... આંસુઓનો વિલાપ
કારણ...આવી રહ્યું છે, એક નવું વર્ષ ફરી
ને પાથરીશ.... આ વખતે
સુરંગ.... દારૂગોળાની... ન ખરીદીશ-હથિયાર
દોસ્ત !... હા ... યાર બંધુ
છે વિનંતી હાથ જોડીને... મારી
આ વખતે વીંધુ તો નહીં....કોઈ છાતીને
કોઈ લાડકવાયાને... કોઈ લાલને.

★ ★ ★

## આરાસુરમાં મારી આંખો ઠરી ('માઈ કલાપી')

....✍ : પ્રસ્તુતિ-કુ. કનીનિકા જાની

આરાસુરમાં મારી આંખો ઠરી, મને જોઈ 'મા'ની આંખ ઠરી
મલકંતી 'મા' મને જોઈ રહી, હું જોઈ રહ્યો જલધાર વહી.
મારી આંખો ભાવે ભીંજાઈ ગઈ, મારી 'મા' પણ ભાવે ભિંજાઈ ગઈ,
હું બોલું નહિં, એ બોલે નહિં, પણ આંખ ઉભયની બોલી રહી.
જે પ્રેમની ભૂખ હતી અમને, તે ભૂખ ખરેખર ભાંગી ગઈ,
'મા' રંગની રમઝટ અંગ ચડી, આનન્દ અમૃતની વરસી ઝડી.
મારામાં 'મા' મને ખબર પડી, બસ ત્યારથી 'મા'ની મસ્તી ચડી,
આ કુંજ કલાપી ખિલી રહી, એ 'મા'ની કૃપાથી લીલી રહી.
લહી 'મા'ની હૃદયમાં છાપ સહી, આ અનુભવની મેં વાત લખી.

★ ★ ★

## પાના પલટાય છે...

....✍ : સુ.શ્રી નંદિનીબેન ઠાકર, નાગપુર

જીવન રૂપી પુસ્તકના પાના
એક પછી એક પલટાય છે.
એમનો એક સૂરજ આંગણામાંથી
થઈને ક્યાંક ચાલ્યો જાય છે.
નિશાના પટમાંથી ચંદ્ર
કદાચ ચીડવતો હસી જાય છે.
શૂન્યતાના અર્થહીન સવાલો
હૃદયમાં જ ધુંધવાતા જાય છે.
સંવેદનાના સિતાર થમીને
રાગનો પરિહાસ કરી જાય છે.
અતીતની આકૃતિની લીપિઓ
કેમ જાણે કોણ ભૂંસી જાય છે.
આ જીવનની નીરવતા જોઈને
જાણે વિહગ પણ વિલાપ કરે છે.

કશુંક કહેવાની ગુંગળામણમાં
આ જીભ પણ થોથવાય છે.
ઉંમરની ગલીઓ જાણે
ભૂલભૂલામણીમાં લંબાય છે.
જીવનરૂપી પુસ્તકના પાના
એક પછી એક પલટાય છે.

★ ★ ★

## જીવન સરી જાય છે...!

....✍ સુશ્રી નંદિનીબેન ઠાકર, નાગપુર

જીવન મુઠ્ઠીમાંથી સરી જતી
રેતીની જેમ સરતું જાય છે.
દરિયાના મોજાંની દીવાનગી
લખેલા સ્વપ્નોને ધોઈ જાય છે.
ઘર-બહારની મથામણમાં
અન્તરનું આવરણ સંકોચાય છે.
સેતૂમાં બાંધી રાખેલા સંબંધો
સીમા ઓળંગતા દેખાય છે.
રાત દિવસની વ્યસ્તતામાં
સ્વ ની સ્વીકૃતિ પણ ભૂલાય છે.
નિશાનાં મદ્ધિમ ઉજાસમાં ક્યારેક
ઉષાનો આભાસ પણ છલાય છે.
ઉદ્વેગના અતિરેકમાં ક્યારેક
હાસ્યના પ્રયાસમાં રડી જવાય છે.
જીવનને થોભી રાખવાની ચાહમાં
જીવથી કેટલું બધું દોડી જવાય છે.
છતાંય જીવન મુઠ્ઠીમાંથી સરી જતી
રેતીની જેમ ખરી જાય છે.

★ ★ ★

## શ્રી સરસ્વતી- બહુચર માતાજીનો છંદ

(પ્રસ્તુતિ : ગુજરાત ક્વીન અંબિકા માઈ મંડળ, મહેમદાવાદ.)

સરસ્વતી માતાને પાય જ લાગું, એવા શ્લોક વરદાન જ માંગું, ગુર્જર ખંડમાં...
ઓ મા ગુર્જર ખંડમાં પાટણવાડો, ગામ શંખલપુર માતાનો પાડો. જંગલમાં વસે...
ઓ મા જંગલમાં વસે જોગણી બાઈ, સદ્દબુદ્ધિ આપો બહુચર માઈ. બુદ્ધિ પ્રકાશે...
ઓ મા બુદ્ધિ પ્રકાશે કહું છું લોકો, એક મંડળને સાંભળજો લોકો. જે જન સાંભળે...
ઓ મા જે જન સાંભળે મહા સુખ થાયે, નવ ખંડમાં પડઘો વંચાય. રણના દેશમાં...
ઓ મા રણના દેશમાં અંબા બિરાજે, પાવાગઢમાં કાળીકા ગાજે. દક્ષિણ દિશામાં ...
ઓ મા દક્ષિણ દિશામાં તુળજા ભવાની, ગઢનાળા કેરી ગોખની રાણી. નવગઢને પાળે...
ઓ મા નવગઢને પાળે બેઠી છું માઈ, માન સરોવર બહુચર માઈ. પાર ઉતારો...
ઓ મા પાર ઉતારો કરજ સોહી, આઠે ભુવનમાં તું છે ચંડાઈ. આઠે ભુવનમાં ...
ઓ મા આઠે ભુવનમાં માતાનું રૂપ, જેને નમે છે મોટેરા ભૂપ. નમી નમી આવે મા...
ઓ મા નમી નમી આવે મા સેવક તારાં, ગુર્જર ખંડને દાન અપાવ્યા. આવે આંધળા...
એ મા આવે આંધળા મારગે ભમતાં, તે તો મળે મા શેરીએ રમતાં. આવે વાંઝીયા...
ઓ મા આવે વાંઝીયા પાડવા દેહ, તે તો મળે મા દીકરા લઈ. આવે દુઃખીયા...
ઓ મા આવે દુઃખીયા પાડવા કાય, જેની આશા પુરે બહુચર માઈ. કલ્યાણ કરી...
ઓ મા કલ્યાણ કરી કરે કરે કલ્લોલ, વીસે સોળમાં ઝાકમઝોળ. માતાનો મરઘો...
ઓ મા માતાનો મરઘો કરે પોકાર, બહુચર માને સોળે શણગાર... કલ્લાં કાંબીને...
ઓ મા કલ્લા કાંબીને વીછુવા વાગે, પાય નુપુરે ઘુઘરી વાગે... ધોળા ઝુમ્મરનો...
ઓ મા ધોળા ઝુમ્મરનો ઝબકે છે ઝાંખ, ચંદન ચુડીઓ કરજ સોઈ, દસે આંગળીએ વેઢ જ સોઈ.. હીરા જડતરનો...
ઓ મા હીરા જડતરનો ના લે ઉપમાય, ટીલડી ટપકીને સોનાની આડ,
કુમ કુમ કેસર કીધાં છે રોળ.. પાન બીડાંને મુખ છે તંબોળ.. લીલા ચરણાનો...
ઓ મા લીલા ચરણાનો આંક્યો છે ઘાટ, બહુચરા રમે માઝમરાત.. તેત્રીસ કરોડ દેવતા...
ઓ મા તેત્રીસ કરોડ દેવતા કરે પોકાર, દૈત્યો હણવાનો કીધો વિચાર. ખાંડા ત્રિશુળે...
ઓ મા ખાંડા ત્રિશુળ ધર્યા છે હાથ, ચંડ મુંડને ચટીમાં રોળ્યા, જોત વેંતમાં ડુંગરા ડોલ્યા. મહીસાસુર સરખો...
ઓ મા મહીસાસુર સરખો નાખ્યો છે મરડી, ત્રીસ લોચન રહ્યા છે કરડી.. આસુંબા ઉપર...
ઓ મા આસુંબા ઉપર કીધાં છે હરડી, આસુંબે માર્યો વાઘજ મરડી... રત્ન વેણીના...
ઓ મા રત્ન વેણીના બ્રહ્મા રૂદ્રાણી, નવખંડમાં પ્રથમ જાણી... તારી લીલાનો...
ઓ મા તારી લીલાનો ના લે ઉપમાય, વેદ પુરાણ બ્રહ્મા વખાણે... આવી આસુરે...
ઓ મા આવી આસુરે મરઘો જ માર્યો, પાછલી રાતના પરચો જ દેખાડ્યો.. જાઈ બંબુકે...
ઓ મા જાઈ બંબુકે વાળી છે ગાય, એના ઉદરમાં મેલી છે લાય... આઠમ ચૌદસનો...
ઓ મા આઠમ ચૌદસનો કરવો ઉપવાસ, જેની આશા પૂરે બહુચર માઈ... કલ્યાણ કારી...

★ ★ ★

## માતાજીનો થાળ

તમે જમવા આવોને અંબે માતરે, હું તો જોવું ભવાની તારી વાટ રે,
લાવી લાવી પકવાન ભાત ભાતનાં, મારા અંતરનો એક પોકાર છે
આસન બીછાવું, બેઠણ બનાવું, નાવણ કરાવું નયને નીરખી,
જમવા આવો તો હોંશે બોલાવું, ભાવભર્યા ગીતાડાં ગાવું,
મેં જાણ્યું કે તું દીન દયાળ છે, તું આવે તો આનંદ અપાર છે... લાવી લાવી.
મેવા મીઠાઈમાં શું શું લાવુ, હલવો, પેંડા કે ઘારી,
કેળાં પપૈયા, દ્રાક્ષ, જામફળ, ચીકુ નારંગી છે સારી,
તમને બોલાવું બોલો મારી માત રે, મીઠા ભોજનમાં મીઠો મારો ભાવ છે... લાવી લાવી.
જળ જમાનની ઝારી ભરાવું, વિશ્રામ લો જમી પરવારી,
દીલાડાં કેરી વાતો સુણાવું, દર્શનની મને ભૂખ લાગી,
પૂરી કરો મારા મનડાની આશરે, હું તો આવી ભવાની તારી પાસ રે,
લાવી લાવી પકવાન ભાત ભાતના, મારા અંતરનો એક પોકાર છે...તમે જમવા આવોને...

★ ★ ★

## સંસ્થા સમાચાર ....

....✍ : શ્રી ખોડીદાસ શીવલાલ નાયક

★ ફાગણની પૂર્ણિમા (ધૂળેટી)એ તા. ૨-૩-૯૯ મંગળવાર શ્રી મહાત્રિપુર સુંદરીનું પૂજન સંપન્ન કર્યું.

★ ફાગણ વદ પાંચમ (તા. ૭-૩-૯૯ રવિવાર)ના રોજ પંચદશ પ્રકાર સાથે શ્રી મહાત્રિપુરસુંદરીનું પૂજન સંપન્ન કર્યું.

★ ફાગણવદ આઠમ, બુધવાર તા. ૧૦-૩-૯૯ના રોજ પૂ.બા.એ દીક્ષિ ભક્તમંડળ સાથે શ્રી ભુવનેશ્વરીમાનું પૂજન સંપન્ન કર્યું.

★ ચૈત્ર વદ-૧ને ગુરુવાર તા. ૧૮-૩-૯૯ના રોજ નવરાત્રિ મહોત્સવ શરૂ થયો. તે દિવસે સવારે ઝવેરા સ્થાપન કર્યું. સામાન્ય પૂજન સાથે આ દિવસોમાં શ્રી દેવીભાગવતનું પઠન થતું હતું. ચૈત્ર સુદ-૮ને બુધવાર તા. ૨૪-૩-૯૯ના રોજ શ્રી રાજરાજેશ્વરીનું પૂજન ભક્ત મંડળ સહિત શ્રી યંત્રરાજ ઉપર શ્રી લલિતાસહસ્રનામથી અક્ષત પૂજન સંપન્ન થયું.

★ ચૈત્ર સુદ પૂનમને બુધવાર તા. ૩૧-૩-૯૯ના રોજ પૂજ્ય શ્રી શિવગુરુજીએ શ્રી મહાત્રિપુરસુંદરી પૂજન સંપન્ન કર્યું.

★ ચૈત્ર વદ પાંચમને મંગળવાર તા. ૬-૪-૯૯ના રોજ પંચદશ પ્રકાર સાથે શ્રી મહાત્રિપુરસુંદરીનું પૂજન સંપન્ન કર્યું.

★ ચૈત્ર વદ-૬ને બુધવાર તા. ૭-૪-૯૯ના રોજ પૂ.શ્રી મેનાબા બાળ વિદ્યાલયનું વર્ષ પૂરું થતું હોવાથી પૂ.શ્રી શિવગુરુજીએ ભૂલકાંઓના વાલીમંડળ સાથે બેસીને ભૂલકાંઓના અભ્યાસ અને આરોગ્ય બાબતે પરામર્શ કરી સલાહ સૂચનો મેળવ્યા.

★ ચૈત્ર વદ-૮ને શુક્રવાર તા. ૯-૪-૯૯ના રોજ પૂજ્ય શ્રી શિવગુરુજીએ દીક્ષિત ભક્તમંડળ સાથે શ્રી ભૂવનેશ્વરી માતાનું પૂજન સંપન્ન કર્યું.

★ વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ) તા. ૧૯-૪-૯૯નાં રોજ પૂ.શ્રી શિવગુરુજીએ લંડન સ્થિત શ્રી વિદ્યાઉપાસક મંડળના પ્રગતિ અને ઉત્કર્ષ માટે વિદેશગમન કર્યું.

★ વૈશાખ સુદ-૮ને શુક્રવાર તા. ૨૩-૪-૯૯ના રોજ શ્રી રાજરાજેશ્વરી પીઠમ્ કડી, આનંદધામ ખાતે દીક્ષિત ઉપાસકના શ્રેયાર્થે તેમના શ્રી યંત્રરાજનું તથા પાદુકા પૂજનનું પ્રાણપતિષ્ઠા શ્રી અર્ચન સાથે અને શીવાજ્ઞી તંત્રના હોમવિધિ સાથે પૂજન સંપન્ન કર્યું.

★ વૈશાખ સુદ પૂનમ તા. ૩૦-૪-૯૯ને શુક્રવારના રોજ પૂ.શ્રી બાએ મહાત્રિપુરસુંદરીનું પૂજન સંપન્ન કર્યું.

★ શ્રી દેવીબા પ્રેરિત શ્રી ઉપાસનાંના લેખક અને પરામર્શક જાણીતા સાહિત્યકાર અને બાળ-સાહિત્ય ક્ષેત્રે જેમનું યશસ્વી અને નોંધનીય પ્રદાન રહ્યું છે એવા શ્રી યશવંત કડીકરની 'શ્રી ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક' માટે પસંદગી કરવામાં આવી છે તે ખરેખર ખૂબજ આવકારણીય અને અભિનંદનીય છે. સંપાદક મંડળ તથા સર્વે દીક્ષિત ઉપાસકોવતી અભિનંદન પાઠવીએ છીએ.

★ ★ ★

### ✦ શ્રી દેવીબા પ્રેરિત શ્રી ઉપાસના અંકની સૂચના ✦

દરેક લેખ/રચના લેખકની વ્યક્તિગત જવાબદારી છે. જેની સાથે સંસ્થા/સંપાદકમંડળ સંમત છે તેવું માનવું નહિ. —તંત્રી

# ગોરખ-બાની

– શ્રી ચંદ્ર આગત્સ્યાયન

अदेषि देषिबा देषि बिचारिबा अदिसिाह चीया ।
पाताल की गंगा ब्रह्मांड चढाइबा, तहां बिमल बिमल जल पीया ॥

આ શબદી ગોરખ–બાનીમાંથી ઉદ્ધૃત કરવામાં આવી છે. તેમાં સમજાવ્યું છેકે, ન દેખાના (પરબ્રહ્મ)ને જોવો (ઓાળખવો) જોઈએ, તેના ઉપર વિચાર કરવો જોઈએ. જે આંખોથી ન જોઈ શકાય તેને ચિત્તમાં ધારણ કરવો જોઈએ. પાતાળ (મણિપૂર ચક્ર)ની ગંગા (યોગિની શકિત, કુંડલિની શકિત)ને બ્રહ્માંડ (બ્રહ્મરંધ્ર, સહસાર કે સહસ્રદલ કમળ)માં પ્રેરિત કરવી જોઈએ. ત્યાં પહોંચીને (યોગી સાક્ષાત્કારરૂપ) નિર્મળ રસનું પાન કરે છે.

ગુરુ ગોરખનાથના નામથી આપણો ભારતીય અશિક્ષિત સમાજ પણ અપરિચિત નથી. ગોરખનાથની રચના કે પૂરા જીવનચરિત્ર બાબતે વિશેષજ્ઞો પૂરા જ્ઞાત નથી. 'ગોરખ' શબ્દની પાછળ આજે પણ એક આગવું રહસ્ય છૂપાયેલું રહેલું છે, અને ગોરખનાથ કોઈ વીતી ગયેલા યુગની અદ્ભૂત અને રહસ્યપૂર્ણ વ્યકિત જણાય છે. તેમ છતાં કાબૂલથી કામાખ્યા સુધી અને કાશ્મીરથી દૂર દક્ષિણના કન્યાકુમારી સુધીના પ્રદેશના લોકો તેમના પ્રભાવથી વંચિત રહ્યા નથી. સંસ્કૃત, બંગાળી, મરાઠી, પંજાબી, હિન્દી આદિ ભાષાઓમાં પણ તેમની રચનામાં યોગપદ્ધતિ, શરીર વિજ્ઞાન, કાયાકલ્પ, આત્મ નિરીક્ષણ, સદાચાર કે સમાજ સુધારણા સંબંધી તેમની રચનાઓ આજે પણ તેના સિદ્ધાંતોથી વંચિત રહી નથી. નાથ પરંપરામાં ગોપીચંદ, ભરથરી, મેનાવતી, મત્સ્યેન્દ્ર, હાડીયા, જલંધર, ચર્પટ–ચોરંગીનાથ આદી સેંકડો કાનફટા (કાન વિંધેલ) યોગીઓની રચનાઓ અને ચરિત્રો ઉપર રચાયેલી વિવિધ રચનાઓ પ્રાપ્ય છે. ગૂઢજ્ઞાન એ નાથ પરંપરાનું આગવું અંગ છે. દીક્ષિત ઉપાસક ગુરુકૃપાથી એ પ્રાપ્ત કરી શકે છે અને તે જ્ઞાનના ઈચ્છુક મુમુક્ષુને આપીને પથદર્શન કરાવે છે. અસ્તુ.